અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 03 સપ્ટેમ્બર 2026 ગુરુવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00
વિક્રમ સંવત 2082, શ્રાવણ વદ -07 | અંક : 65 | અમદાવાદ | પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

2 દિવસ પછી અમેરિકાનો ઈરાન પર ફરી મિસાઈલ હુમલો: 12ના મોત, 68 ઘાયલ

4

ભારતના પૃથ્વી, જળ, વાયુ ઉપર ઈસરોની નજર

6

નવાઝુદ્દીનસિદ્દિકીની મ્યુઝિકલ થ્રીલર માટે ઓટીટી પ્લેટફોર્મની શોધ

7

સોના-ચાંદીના ભાવમાં ફરી ઘટાડો, 2 દિવસમાં સોનું ₹4,500 અને ચાંદી ₹9,000 સસ્તી....

### અયોધ્યા રામ મંદિરને મળ્યા પહેલા CEO

# એર માર્શલ જિતેન્દ્ર મિશ્રા રામ જન્મભૂમિ પરિસરના સંચાલનની મહત્વની જવાબદારીઓ નિભાવશે

## જિતેન્દ્ર મિશ્રા આગામી સમયમાં રામ મંદિર સંકુલની દૈનિક ગતિવિધિઓને નવી ઊંચાઈ આપશે તેવી શ્રદ્ધાળુઓ અને ટ્રસ્ટના સભ્યોને સંપૂર્ણ અપેક્ષા

**અયોધ્યા, તા.02**

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા મંદિર પરિસરના દૈનિક અને વહીવટી કાર્યભારને વધુ સુવ્યવસ્થિત કરવા માટે એક ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. ઉત્તરપ્રદેશની રાજધાની લખનૌ ખાતેથી પ્રાપ્ત સત્તાવાર અહેવાલો મુજબ, ભારતીય વાયુસેનાના નિવૃત્ત એર માર્શલ જિતેન્દ્ર મિશ્રાને શ્રી રામ મંદિર તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સૌપ્રથમ મુખ્ય કાર્યકારી અધિકારી (Chief Executive Officer - CEO) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ટ્રસ્ટના સર્વોચ્ચ વહીવટ માટે એક સક્ષમ અને પ્રભાવશાળી વહીવટી વડાની લાંબા સમયથી પ્રતીક્ષા હતી, જેનો હવે અંત આવ્યો છે.



નિવૃત્ત એર માર્શલ જિતેન્દ્ર મિશ્રા દેશના સુરક્ષા ક્ષેત્રે એક અત્યંત પ્રતિષ્ઠિત અને આદરણીય સ્થાન ધરાવે છે. તેઓ ભારતીય વાયુસેનાની અત્યંત વ્યૂહાત્મક ગણાતી પશ્ચિમી વાયુસેના કમાન્ડના વડા તરીકે પોતાની ઉત્કૃષ્ટ સેવાઓ આપી ચૂક્યા છે. એટલું જ નહીં, રાષ્ટ્રીય સુરક્ષા અને સૈન્ય કાર્યવાહીના ઈતિહાસમાં ગાજેલા મહત્વપૂર્ણ 'ઓપરેશન સિંદૂર' સાથે પણ તેમનો સીધો અને અતૂટ સંબંધ રહેલો છે. દેશની સરહદોનું સંરક્ષણ કરવા ઉપરાંત જટિલ સંજોગોમાં નિર્ણાયક યોજનાઓ ઘડવામાં તેમની કુશળતા જાણીતી છે. તેમની દીર્ઘ સૈન્ય કારકિર્દી અને શિસ્તબદ્ધ કાર્યશૈલીને ધ્યાને રાખીને જ ટ્રસ્ટ દ્વારા તેમને આ જવાબદારી માટે સર્વાનુમતે પસંદ કરવામાં આવ્યા છે. રામ મંદિરના પ્રથમ સીઈઓ તરીકે જિતેન્દ્ર મિશ્રા સમક્ષ અનેક નવી જવાબદારીઓ અને પડકારો રહેશે. અયોધ્યામાં નિર્માણ પામેલા ભવ્ય મંદિરના દર્શનાર્થે દેશ-વિદેશમાંથી દરરોજ લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી રહ્યા છે. આવી સ્થિતિમાં સમગ્ર પરિસરનું સંચાલન, શિસ્તબદ્ધ સુરક્ષા વ્યવસ્થા, યાત્રાળુઓ માટેની સુવિધાઓ, તીર્થક્ષેત્રની નાણાકીય પારદર્શિતા તેમજ બાંધકામના બાકી રહેલા વિવિધ પ્રોજેક્ટ્સનું સુચારુ સંકલન કરવાની પ્રાથમિક જવાબદારી હવે તેમના શિરે રહેશે. રામ જન્મભૂમિ સંકુલમાં અત્યાધુનિક ટેકનોલોજીનો વિનિયોગ કરીને સંચાલનને વૈશ્વિક સ્તરનું બનાવવામાં તેમનો સૈન્ય અનુભવ ચાવીરૂપ ભૂમિકા ભજવશે.

આ નિમણૂકથી રામ મંદિર ટ્રસ્ટના વહીવટી માળખાને નવી ઊર્જા, મજબૂતાઈ અને લશ્કરી સ્તરની શિસ્ત પ્રાપ્ત થશે. એક કુશળ પ્રશાસક તરીકે એર માર્શલ જિતેન્દ્ર મિશ્રા આગામી સમયમાં રામ મંદિર સંકુલની દૈનિક ગતિવિધિઓને નવી ઊંચાઈ આપશે તેવી શ્રદ્ધાળુઓ અને ટ્રસ્ટના સભ્યોને સંપૂર્ણ અપેક્ષા છે.

# વિજયે 40 હજારના સનગ્લાસ ઉતારીને વૃદ્ધાને પહેરાવ્યા

### મહિલાએ કહ્યું- હીરો આજે સામે ઊભો હતો, CM મેટ્ટૂર ડેમના ગેટ ખોલવા પહોંચ્યા હતા

**ચેન્નઈ, તા.02**

તમિલનાડુના CM વિજયે મંગળવારે મેટ્ટૂરમાં કાવેરી ડેલ્ટા જિલ્લાઓમાં સિંચાઈ માટે મેટ્ટૂર ડેમના દરવાજા ખોલ્યા. સાલેમ જતી વખતે તેઓ ચિન્નાગવુર ખાતે વૃદ્ધ મહિલા ચેલ્લમના ઘરે ગયા. વિજયે ચેલ્લમ સાથે વાતચીત કરી અને તેમના ખબરઅંતર પૂછ્યા. આ દરમિયાન તેમણે પોતાના ડિયોરના સનગ્લાસ ઉતારીને ચેલ્લમને આપ્યા. તેની કિંમત આશરે 40 હજાર રૂપિયા હોવાનું કહેવાય છે. ચેલ્લમે સનગ્લાસ પહેરીને અભિવાદન કર્યું અને કહ્યું કે વિજયને અચાનક સામે જોઈને તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. વિજય તેમને ફિલ્મી હીરો જેવા લાગ્યા.



વિજયે તેમને પૂછ્યું કે તેમણે જમ્યા છે કે નહીં. ચેલ્લમે જણાવ્યું કે તેઓ તેમની રાહ જોઈ રહ્યા હતા. વિજયે તેમને જમવાનું કહ્યું અને જણાવ્યું કે તેઓ પોતે જમી ચૂક્યા છે.

વિજયનો આ પ્રવાસ અગાઉથી નક્કી નહોતો. મેટ્ટૂરથી એરપોર્ટ જતી વખતે તેઓ ખેતર પાસે રોકાયા અને વૃદ્ધ મહિલાઓને મળ્યા. વિજય ખેડૂત પલાનીસામીના પશુ શેડમાં ગયા અને લોકો સાથે વાતચીત કરી.

તેમણે ચેલ્લમને સાડી અને ખેડૂતોને સિલ્કની ધોતી-સાડીઓ આપી. 15 મિનિટના આ પ્રવાસનો વીડિયો અને ફોટો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ ગયા. તેમણે કહ્યું કે જો કોઈ વિજયને નુકસાન પહોંચાડશે તો તે તેમનો બચાવ કરશે. ચેલ્લમે પોતાની અંગત પરેશાની જણાવી નહોતી. રિપોર્ટ અનુસાર, તેમને રેશન કાર્ડની સમસ્યા છે અને ઉંમરના કારણે તેઓ કામ કરી શકતા નથી.

વિજયે મેટ્ટૂર ડેમમાંથી સિંચાઈ માટે પાણી છોડ્યું. જળસ્તર 90 ફૂટથી ઉપર પહોંચ્યા પછી ગેટ ખોલવામાં આવ્યા. ઓછા વરસાદ અને કાવેરીમાં ઓછા પાણીના કારણે આ વખતે પાણી મોડું છોડવામાં આવ્યું.

વિજય વિમાનથી ચેન્નઈથી સાલેમ પહોંચ્યા અને ત્યાંથી રસ્તા માર્ગે મેટ્ટુર ગયા. રસ્તામાં લોકોએ તેમનું સ્વાગત કર્યું. ડેમ પર તેમને ગાર્ડ ઑફ ઓનર આપવામાં આવ્યું. ત્યારબાદ તેમણે આઠ દરવાજા ખોલીને પાણી છોડ્યું અને કાવેરી નદીને ફૂલ અર્પણ કર્યા.

શરૂઆતમાં 3,000 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. ખેડૂતોને જરૂરિયાત મુજબ પાણીનો ઉપયોગ કરવા જણાવાયું છે.

ડેમનું પાણી કાવેરી ડેલ્ટાના લગભગ 12 જિલ્લાની ખેતી સુધી પહોંચવાની અપેક્ષા છે. આનાથી ખેતી અને કેટલાક વિસ્તારોની પાણીની જરૂરિયાત પૂરી થઈ શકે છે.

કેટલાક ખેડૂતોનું કહેવું છે કે 45 દિવસ સુધી પાણી છોડવું આખી સીઝનના પાક માટે પૂરતું નહીં હોય. આખી સિઝન માટે પાણી આપવું એક પડકાર બની રહ્યું છે.

પાણી છોડવાની સાથે ડેમમાં વીજળી ઉત્પાદન પણ શરૂ થઈ ગયું. અહીં 460 મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવામાં આવી રહી છે. કાર્યક્રમ બાદ વિજયે ડેમના નિર્માણ સંબંધિત ફોટો પ્રદર્શન જોયું. તેમણે અધિકારીઓ અને ખેડૂતો પાસેથી સિંચાઈ અને ખેતીની સમસ્યાઓ વિશે પણ માહિતી લીધી.

## કર્ણાટકના મુખ્યમંત્રી બોલ્યા- સીતાનું ચરિત્ર ભગવાન રામથી મોટું:

# કહ્યું- મહિલાઓ સંસદ સુધી નેતૃત્વ સંભાળે, સરકાર પૂરો સાથ આપશે

**બેંગલુરુ, તા.02**

કર્ણાટકના CM ડીકે શિવકુમારે બુધવારે કહ્યું કે રામાયણમાં સીતાનું પાત્ર ભગવાન રામ કરતાં ક્યાંય મોટું છે. તેઓ બેંગલુરુમાં ઉબુન્ટુ કન્સોર્ટિયમ ઓફ વુમન એન્ટરપ્રેન્યોર્સ એસોસિએશન દ્વારા આયોજિત 'ટુગેધર વી ગ્રો ઈન્ટરનેશનલ વુમન એન્ટરપ્રેન્યોરશિપ ડે'ની પાંચમી આવૃત્તિનું ઉદ્ઘાટન કર્યા બાદ બોલી રહ્યા હતા. શિવકુમારે મહિલા ઉદ્યોગસાહસિકોને રાજ્યના વિકાસમાં નેતૃત્વની ભૂમિકા ભજવવા અપીલ કરી. તેમણે કહ્યું- મહિલાઓ નિર્માણ કરે છે. તેમને સંસદ સુધી નેતૃત્વ સંભાળવું જોઈએ. સરકાર પૂરો સહયોગ આપશે.



શિવકુમારે કહ્યું કે ગ્રામ પંચાયતોથી લઈને સંસદ સુધી મહિલાઓનું નેતૃત્વ જરૂરી છે. તેમણે કહ્યું કે રાજ્ય સરકાર મહિલાઓને સશક્ત બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

તેમણે કહ્યું, "જ્યારે મહિલાઓની રચનાત્મકતા, ક્ષમતા અને દ્રઢતાને મૂડી, ટેકનોલોજી અને બજાર સુધી પહોંચ મળે છે, ત્યારે તેઓ શું બનાવી શકે તેની કોઈ સીમા રહેતી નથી. સરકારની જવાબદારી છે કે એવું વાતાવરણ બનાવે, જેમાં તેમની ક્ષમતા આગળ વધી શકે."

મુખ્યમંત્રીએ કહ્યું કે તેમને યુવાનો અને મહિલાઓની તાકાત પર ભરોસો છે. તેમણે જણાવ્યું કે કોંગ્રેસ સરકારે પાંચ ગેરંટી યોજનાઓ શરૂ કરી છે. તેમાં શક્તિ, ગૃહ લક્ષ્મી, ગૃહ જ્યોતિ, અન્ન ભાગ્ય અને યુવા નિધિનો સમાવેશ થાય છે.

તેમણે કહ્યું, "ગૃહ લક્ષ્મી યોજના હેઠળ રાજ્યની 1.22 કરોડ મહિલાઓને દર મહિને 2,000 રૂપિયા મળે છે. તેનાથી તેમને પોતાના પરિવાર સંભાળવામાં મદદ મળી છે."

શિવકુમારે ભારતીય સંસ્કૃતિમાં મહિલાઓને પરિવારની "આંખો" ગણાવી. તેમણે વ્યવસાય ચલાવતી વખતે આર્થિક પડકારોનો સામનો કરી રહેલી મહિલા ઉદ્યોગસાહસિકોની પ્રશંસા કરી અને તેમને સરકારના સંપૂર્ણ સમર્થનની ખાતરી આપી.

કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીનું ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે સોનિયા ગાંધીએ પોતાના સાસુ અને પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી તથા પોતાના પતિ અને પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીના મૃત્યુ જેવા આઘાતનો સામનો કર્યો. આ પછી પણ તેમણે આગળ વધીને પાર્ટીનું નેતૃત્વ કર્યું.

## હરિયાણામાં હથિનીકુંડ બેરેજમાં સેનાની બોટ ડૂબી, 2 જવાન ગુમ:

# યમુનામાં 15 કિમીમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે, નદીમાં 4 મોટા પડકારો

**યમુનાનગર, તા.02**

હરિયાણાના યમુનાનગર જિલ્લામાં હથિનીકુંડ બેરેજ પર અભ્યાસ દરમિયાન યમુના નદીમાં બોટ ડૂબી જવાથી ગુમ થયેલા બે જવાનોને શોધવા માટે સર્ચ ઓપરેશન તેજ કરવામાં આવ્યું છે. હવે 15 કિલોમીટર વિસ્તારમાં સર્ચ કરવામાં આવી રહ્યું છે. 10થી વધુ જગ્યાએ સેનાની ટીમો નજર રાખી રહી છે. બે હેલિકોપ્ટર ચક્કર લગાવી રહ્યા છે. જવાનોના પગમાં લાગેલા ટ્રેકરથી સિગ્નલ મળી રહ્યું નથી. સેનાના વન પેરા સ્પેશિયલ ફોર્સના પૂર રાહત દળના અભ્યાસ દરમિયાન મંગળવારે સાંજે લગભગ 5 વાગ્યે આ દુર્ઘટના બની હતી. ચિનૂક હેલિકોપ્ટરથી નદીમાં ઉભેલી બોટમાં 5 જવાનો કૂદ્યા હતા, પરંતુ બોટ ડૂબવા લાગી. ત્યારબાદ પાંચેય જવાનો ઓક્સિજન સિલિન્ડર અને લાઈફ જેકેટ સાથે નદીમાં કૂદી પડ્યા. ત્રણ જવાનો લગભગ 600 મીટર સુધી તરીને પશ્ચિમી યમુના નહેરના ગેટમાંથી બહાર નીકળવામાં સફળ રહ્યા. ગુમ થયેલા જવાનોમાં મહારાષ્ટ્રના આર્યન પાટીલ અને જમ્મુ-કાશ્મીરના અખનૂર નિવાસી અજયનો સમાવેશ થાય છે.

સિંચાઈ વિભાગના સૂત્રો અનુસાર, મંગળવારે સાંજે 5 વાગ્યે શરૂ થયેલું સર્ચ ઓપરેશન આખી રાત ચાલ્યું. બુધવારે વહેલી સવારે 4 વાગ્યા સુધી 2 હેલિકોપ્ટર સતત ખૂબ નીચી ઉડાન ભરીને દેખરેખ રાખતા રહ્યા. ત્યારબાદ સવાર થતાં જ સર્ચનો વ્યાપ હથિનીકુંડ બેરાજથી દાદુપુર સુધી વધારી દેવામાં આવ્યો. હરિયાણા ઉપરાંત યુપીની SDRF ટીમો પણ જોડાઈ છે. બુધવારે બેરાજ પર યમુનાનું જળસ્તર 31 હજાર 850 ક્યુસેક નોંધવામાં આવ્યું. જેમાંથી 14 હજાર 510 ક્યુસેક પાણી પશ્ચિમી યમુના નહેરમાં છોડવામાં આવી રહ્યું છે.



વરસાદને કારણે પાણીમાં કાંપ વધુ: પહાડો પર વરસાદ થવાને કારણે યમુના નદીના પાણીમાં ભારે માત્રામાં કાંપ (રેતી-માટી) આવી રહ્યો છે. જેના કારણે કાદવવાળા પાણીમાં શોધખોળ કરવી ખૂબ મુશ્કેલ બની રહી છે. ટ્રેકર કામ નથી કરી રહ્યા: જણાવવામાં આવી રહ્યું છે કે પાણીમાં કૂદેલા જવાનોના પગમાં ટ્રેકર લાગેલા હતા, જેનાથી કોઈ સિગ્નલ મળી રહ્યું નથી. કાદવમાં ફસાઈ જવાને કારણે આવું થયું છે, આ કારણે પણ તેમને ટ્રેક કરવામાં મુશ્કેલી આવી રહી છે.

1 કિલોમીટર પછી જ નહેરની બે શાખાઓ: હથિનીકુંડ બેરેજમાંથી પશ્ચિમી યમુના નહેર (WJC) નીકળે છે. જે લગભગ એક કિલોમીટર આગળ જતાં જ બે શાખાઓમાં વહેંચાઈ જાય છે. અહીંથી જ હાઈડલ લિંક ચેનલમાં પાણી ડાયવર્ટ થાય છે. આ લિંક ચેનલ પર તાજેવાલા, નૈનોંવાલી, ભૂડકલાં અને બેગપુર હાઈડલ પ્રોજેક્ટ્સ છે. 83 કિલોમીટર સુધી વહેવાની શક્યતા: હાલમાં સર્ચ ઓપરેશનનો વ્યાપ હથિનીકુંડ બેરાજથી દાદુપુર સુધી રાખવામાં આવ્યો છે. ઘણી વખત અહીંથી ડૂબી ગયેલા વ્યક્તિઓ કરનાલના ઈન્દ્રી સુધી વહી ગયા છે. બેરાજથી ઈન્દ્રીનું અંતર લગભગ 83 કિલોમીટર છે. આટલા મોટા વ્યાપમાં સર્ચ માટે 3 થી 4 દિવસ લાગી શકે છે. જવાનોના ગુમ થવાની સૂચના મળ્યા બાદ જિલ્લા પ્રશાસન તરફથી એસડીએમ જસપાલ ગિલ અને ડીએસપી રજત ગુલિયા ઘટનાસ્થળે પહોંચ્યા. પ્રતાપનગર પોલીસ સ્ટેશનના પ્રભારી રોહતાશ સિંહના જણાવ્યા અનુસાર, સૂચના મળતા જ હરિયાણા ઉપરાંત ઉત્તર પ્રદેશની SDRF ટીમને પણ ઘટનાસ્થળે બોલાવવામાં આવી હતી. બચાવ ટીમોએ હથિનીકુંડ બેરાજથી આગળ નીકળતી નહેરમાં લગભગ 10 કિલોમીટર સુધી સર્ચ ઓપરેશન ચલાવ્યું છે. તેજ પ્રવાહને કારણે ગોતાખોરો માટે ઘણા સ્થળોએ પાણીમાં ઉતરવું અત્યંત જોખમી સાબિત થઈ રહ્યું છે. હથિનીકુંડ બેરેજમાંથી નીકળતી નહેર આગળ જઈને ઘણા ભાગોમાં વહેંચાઈ જાય છે. તેને કારણે પ્રશાસને નહેર કિનારે આવેલા તમામ ગામોના સરપંચોને પણ જાણ કરી દીધી છે. તેમને નહેર પર નજર રાખવા માટે કહેવામાં આવ્યું છે, જેથી જો બંને જવાનોમાંથી કોઈ પાણીના પ્રવાહ સાથે આગળ પહોંચે અથવા ક્યાંક દેખાય તો તાત્કાલિક પ્રશાસન અને પોલીસને જાણ કરી શકાય. બેરેજમાંથી નીકળતી નહેર પર આગળ લગભગ સાત પુલ પણ આવે છે.

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !



CNN CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

LIVE
cnngujarat.co.in

આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

# એન્ટીબાયોટિક્સ દવાઓનો ડૉઝ અધૂરો છોડી દેનારા દર્દીઓની દયાજનક સ્થિતિ, દર્દી ન ઘરનો ન ઘાટનો

**અમદાવાદ, તા.02**

તમે ડૉક્ટર પાસે જઈને તાવ કે ઈન્ફેક્શનની દવા લીધાના બે દિવસમાં સારું થઈ ગયું એટલે કોર્સ અધૂરો છોડી દીધો? જો હા, તો તમે પોતાના જ હાથે પોતાના મોતના પરવાના પર સહી કરી રહ્યા છો! ડૉક્ટરે પ્રિસ્ક્રાઈબ કરેલો દવાનો ડૉઝ અધૂરો છોડી દેવાની આ ઘાતક આદત શરીરમાં રહેલા રોગના બેક્ટેરિયાને દવા સામે લડવાની રાક્ષસી તાકાત પૂરી પાડે છે. ત્યારબાદ તેના પર દવાની અસર થવાની ધીમે ધીમે બંધ થઈ જાય છે. સમય જતાં દુનિયામાં બનતી કોઈ પણ દવાની અસર તેના પર થતી જ નથી. પરિણામે રોગ ઊથલો મારે ત્યારે તે બેક્ટેરિયાને ખતમ કરવા લગભગ અશક્યવત બની જાય છે.



ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલના પ્રમુખ કહે છે કે, 'જ્યારે તમે અધૂરો ડૉઝ લો છો, ત્યારે નબળા બેક્ટેરિયા મરી જાય છે પરંતુ અડધા જીવતા રહી ગયેલા શક્તિશાળી બેક્ટેરિયા તે એન્ટિબાયોટિક સામે લડવાનો તાકાત કેળવી લે છે અને દવાના આક્રમણ સામે અજેય બની જાય છે. પરિણામે, ત્યારબાદ તે દર્દીને સામાન્ય ન્યુમોનિયા, યુરિન ઈન્ફેક્શન કે નાની ઈજા થશે ત્યારે દુનિયાની મોંઘામાં મોંઘી દવા પણ તેને બચાવી શકશે નહીં.'

આજે તબીબી ક્ષેત્રમાં પણ ચિંતાજનક ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. કેટલાક જનરલ ફિઝિશિયન્સ પોતાની પ્રેક્ટિસ ઝડપથી વધારવા અને દર્દીને રાતોરાત સાજો કરી દેવાનો ભ્રમ ઊભો કરવા માટે જૂની દવાઓ તે દર્દીના રોગ પર અસર કરતી હોવા છતાં તે દર્દીને સીધી જ 'ફોર્થ જનરેશન' (અત્યંત શક્તિશાળી) એન્ટિબાયોટિક્સ આપી દે છે. આ પરિસ્થિતિ માટે મેડિકલ સ્ટોર્સ પરથી પ્રિસ્ક્રિપ્શન વિના ઓવર-ધ-કાઉન્ટર એન્ટિબાયોટિક્સનું બેફામ કરવામાં આવી રહેલા વેચાણ અને તેને કારણે ડૉક્ટર્સને પૂછ્યા વિના જ આડેધડ લેવામાં આવતી એન્ટિબાયોટિક્સની ગોળીઓ આ સાયલન્ટ કિલરને વધુ વેગ આપી રહી છે.

દર્દીઓના પેશાબ, લોહી અને પરુના લેબોરેટરી સેમ્પલની તપાસમાં ચોંકાવનારા ખુલાસા થયા છે કે, ગુજરાતના રાજકોટ અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં એન્ટિ માઈક્રોબિયલ રેજિસ્ટન્સ(AMR)ના કેસો ચિંતાજનક હદે વધી રહ્યા છે. અગાઉ જે રોગો ચપટીમાં મટી જતા હતા તે રોગ હવે એમ્પિસિલિન, સિપ્રોફ્લોક્સાસીન અને લેવોફ્લોક્સાસીન જેવી સ્ટાન્ડર્ડ એન્ટિબાયોટિક્સ આપવા છતાં મટતા જ નથી. જો આ જ સ્થિતિ રહી તો ભવિષ્યમાં સામાન્ય ઓપરેશન કે સિઝેરિયન પછી થતા ઈન્ફેક્શનમાં દર્દીઓ સીધા મોતના મોંમાં ધકેલાઈ જશે.

અજેય બની રહેલા બેક્ટેરિયા: આ રોગો લાગુ પડ્યા તો કોઈ દવા કામ નહીં કરે!

ક્યાં રોગમાં અસર: પેશાબનો ગંભીર ચેપ, કિડનીનું ઈન્ફેક્શન અને પેટના રોગો.

કઈ દવાઓ ફેઈલ: Levofloxacin, Ciprofloxacin, અને Ampicillin. આ બેક્ટેરિયા શરીરમાં એટલા મજબૂત થઈ ગયા છે કે આ દવાઓ લેવા છતાં પેશાબ અને કિડનીનું ઈન્ફેક્શન મટશે જ નહીં અને અંગો ફેલ થવા લાગશે.

ક્યાં રોગમાં અસર : ઓપરેશન પછીના ઘામાં પરુ થવું, ત્વચાના ગંભીર રોગો અને લોહીનું ઝેર બનવું એટલે કે સેપ્ટિક થવાની સમસ્યા.

કઈ દવાઓ ફેઈલ : Penicillin, Amoxicillin, અને Cefazolin. ચામડી પરનો સામાન્ય ઘા કે પરુ આ દવાઓથી નહીં મટે અને છેલ્લે લોહીમાં ઝેર ફેલાઈ જતાં દર્દીનું મોત નિશ્ચિત બનશે. ક્યાં રોગમાં અસર : ન્યુમોનિયા, શ્વાસ લેવામાં ગંભીર તકલીફ અને ફેફસાં ક્ષીણ થઈ જવા.

કઈ દવાઓ ફેઈલ : Ceftriaxone અને Cefotaxime. અત્યાર સુધી જેને બ્રહ્માસ્ત્ર માનવામાં આવતી હતી તેવી આ શક્તિશાળી એન્ટિબાયોટિક્સ સામે પણ આ બેક્ટેરિયા અડીખમ ઊભા રહે છે, જેથી ન્યુમોનિયા થતાં જ શ્વાસ રૂંધાવાથી દર્દી મરી જશે.

સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં 'મલ્ટી-ડ્રગ રેજિસ્ટન્સ' : લેબોરેટરીના કલ્ચર ટેસ્ટમાં સાબિત થયું છે કે દર્દીઓના શરીરમાં એવા દવા પ્રતિકારક બેક્ટેરિયાઓ ઘર કરી ગયા છે જે એકસાથે 10થી વધુ દવાઓની અસરને ચપટીમાં નાબૂદ કરી દે છે! દવાનો કોર્સ અધૂરો છોડવાથી દર્દીના શરીરમાંના બેક્ટેરિયામાં દવાનો પ્રતિકાર કરવાની શક્તિ એટલી ઝડપથી વધે છે કે ભવિષ્યમાં તે દર્દીને બીમારી આવે ત્યારે તેનો પ્રતિકાર કરવા માટે દવાઓ બચતી જ નથી.

# 75 વર્ષ પહેલા પણ સંસદમાં ખાંડનો હિસાબ મંડાયો હતો! સરકાર બધી સરખી, જવાબ તો આપવા જ પડ્યા હતા

**અમદાવાદ, તા.02**

ખાંડના જથ્થા, ભાવ અને હિસાબને લઈને આજે વિવાદના ચકડોળમાં ફસાયેલા મુદ્દાને 75 વર્ષ પાછળ લઈ જઈએ તો ખાંડની કહાણીમાં આશ્ચર્યજનક સામ્ય જોવા મળે છે. આઝાદી બાદ 1951ની લોકસભાની ચર્ચામાં પણ ખાંડની અછત, ઉત્પાદન, આયાત, ભાવ નિયંત્રણ અને ખાંડસરીના ભાવ અંગે સરકારને સવાલોના જવાબ આપવા પડ્યા હતા. સંસદમાં સુગર ઈન્ક્વાયરી કમિટિ અને ખાંડ-ખાંડસરીની તપાસનો મુદ્દો પણ ચર્ચાયો હતો.



ગુજરાત અને સૌરાષ્ટ્રનો ઉલ્લેખ આ ચર્ચામાં નોંધપાત્ર રહ્યો હતો. સંસદીય ચર્ચામાં જણાવાયું હતું કે ગુજરાત, સૌરાષ્ટ્ર, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશના કેટલાક વિસ્તારોમાં ક્રિસ્ટલ ખાંડ કરતાં ખાંડસરી એટલે કે દેશી ખાંડ ચોક્કસપણે વધુ પસંદ કરવામાં આવતી હતી અને ગ્રાહકો તેના માટે વધુ ભાવ ચૂકવવા તૈયાર હતા. એટલે 75 વર્ષ પહેલાં પણ સરકારી નિયંત્રણથી ઉપર ગ્રાહકની પોતાની પસંદગી અસ્તિત્વમાં હતી.

ટેરિફ બોર્ડના હિસાબ મુજબ લગભગ સમાન શેરડીના ભાવ પર ક્રિસ્ટલ ખાંડના ઉત્પાદનનો ખર્ચ 16 રૂપિયા પ્રતિ મણ હતો, જ્યારે ખાંડસરીનો ખર્ચ 10 ટકા નફો ગણતાં આશરે 20 રૂપિયા પ્રતિ મણ થતો હતો. એટલે ખાંડસરીનો આર્થિક ભાવ ક્રિસ્ટલ કરતાં ૨૫ ટકા ઊંચો ગણાયો હતો. પરંતુ સરકારની ભાવ નીતિમાં આ વાસ્તવિકતાનો પ્રશ્ન ઊભો થયો. ચર્ચામાં જણાવાયું હતું કે ખાંડસરીનો સીલિંગ ભાવ 29 રૂપિયા પ્રતિ મણ નક્કી કરાયો હતો, જ્યારે ટેરિફ બોર્ડના હિસાબ મુજબ તેનો ઉત્પાદન ખર્ચ 36 રૂપિયાથી 37 રૂપિયા હતો.

ખાંડસરી ઉદ્યોગના પ્રતિનિધિઓએ સરકાર સમક્ષ રજૂઆત કરી ત્યારે તેમને એવો જવાબ મળ્યો કે ક્રિસ્ટલ ખાંડ વધુ સારી પ્રોડક્ટ હોવાથી ખાંડસરીને તેના કરતાં ઊંચો ભાવ આપી શકાય નહીં. તેના વિરોધમાં ટેરિફ બોર્ડના ખર્ચના આંકડાઓનો હવાલો આપવામાં આવ્યો હતો. એ સમય સંસદમાં સરકારના ભાવથી ખાંડસરીનું ઉત્પાદન કરવું મુશ્કેલ હોવાનો આક્રોશ વ્યક્ત કરાયો હતો કે 15 વર્ષમાં ખાંડસરીના બે લાખ એકમોને તાળાં લાગી ગયા છે.

1951ની લોકસભા ચર્ચામાં રજૂ થયેલા આંકડા મુજબ, 1932-33માં 2.75 લાખ ટન રહેલું ખાંડસરીનું ઉત્પાદન 1947-48માં ઘટીને માત્ર 75 હજાર ટન રહ્યું હતું. એટલે કે 15 વર્ષમાં ઉત્પાદનમાં 72.7%નો કડાકો આવ્યો હતો. વર્તમાન ખાંડ વિવાદ સમયે 75 વર્ષ જૂની તત્કાલિન સરકારની નીતિ-રીતિ સામે ફરી સવાલ ઊભો થાય છે.

# IIM અમદાવાદમાં 392 વિદ્યાર્થીઓમાંથી ફક્ત 6 ને ઈન્ટરનેશનલ પ્લેસમેન્ટ, ગત વર્ષની તુલનાએ 4 વધ્યા

**અમદાવાદ, તા.02**

દેશની શ્રેષ્ઠ બિઝનેસ સ્કૂલ્સમાંથી એક એવી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ અમદાવાદ (IIM-A)માંથી MBA કરનારા વિદ્યાર્થીઓનું ફાઈનલ પ્લેસમેન્ટ પૂર્ણ થયા બાદ તાજેતરમાં તેનો સત્તાવાર રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. નેશનલ રેન્કિંગમાં પ્રથમ સ્થાન ધરાવતી અને ગ્લોબલ રેન્કિંગ ધરાવતી આ સંસ્થામાંથી પ્લેસમેન્ટમાં ભાગ લેનારા 398 વિદ્યાર્થીઓમાંથી માત્ર 6 વિદ્યાર્થીઓને જ ઈન્ટરનેશનલ પ્લેસમેન્ટ મળ્યું છે, જ્યારે 386 વિદ્યાર્થીઓએ ભારતમાં જ નોકરી મેળવી છે. આ સિવાય, આ વર્ષે પણ માત્ર 2 જ વિદ્યાર્થીઓએ નોકરી મેળવવાના બદલે પોતાનો બિઝનેસ (એન્ટરપ્રિન્યોરશિપ) પસંદ કરે છે.



આ વર્ષે ફાઈનલ પ્લેસમેન્ટ માટે કુલ 402 વિદ્યાર્થીઓ લાયક ઠર્યા હતા. જેમાં આ વર્ષે પાસ થનારા 385, ગત વર્ષના 1 વિદ્યાર્થી સહિત કુલ 386 વિદ્યાર્થીઓ અને 6 વિદ્યાર્થીઓ ડ્યુઅલ ડિગ્રી હેઠળના હતા. આમ, કુલ 398 વિદ્યાર્થીઓએ સંસ્થાના માધ્યમથી પ્લેસમેન્ટ પ્રક્રિયામાં ભાગ લીધો હતો, જ્યારે 10 વિદ્યાર્થીઓએ સંસ્થા પાસેથી પ્લેસમેન્ટ માંગ્યું ન હતું. રિપોર્ટ મુજબ, પ્લેસમેન્ટ મેળવનારા વિદ્યાર્થીઓમાંથી 386 વિદ્યાર્થીઓનું ભારતના જ જુદા જુદા શહેરોમાં વિવિધ કંપનીઓમાં સિલેક્શન થયું છે. વિદેશમાં નોકરી મેળવનારા કુલ 6 વિદ્યાર્થીઓમાંથી 4 વિદ્યાર્થીઓને દુબઈમાં, 1 વિદ્યાર્થીને હોંગકોંગમાં અને 1 વિદ્યાર્થીને જાપાનમાં પ્લેસમેન્ટ મળ્યું છે. ભારતમાં નોકરી મેળવનારા કુલ 386 વિદ્યાર્થીઓને વાર્ષિક એવરેજ 28.82 લાખનું પેકેજ મળ્યું છે. આ વર્ષે ભારત માટે હાઈએસ્ટ પેકેજ 81.60 લાખ અને મિનિમમ પેકેજ 12 લાખ નોંધાયું છે. ગત વર્ષે ભારતમાં હાઈએસ્ટ પેકેજ 65 લાખ, સૌથી ઓછું 15.99 લાખ અને એવરેજ પેકેજ 25.31 લાખ હતું, જેની સરખામણીએ આ વર્ષે એવરેજ અને હાઈએસ્ટ પેકેજમાં વધારો જોવા મળ્યો છે. ઈન્ટરનેશનલ પ્લેસમેન્ટની વાત કરીએ તો, ત્યાં મિનિમમ 40,016 યુએસ ડૉલર, મેક્સિમમ 67,500 યુએસ ડૉલર અને એવરેજ પેકેજ 55,227 યુએસ ડૉલર રહ્યું છે.

કુલ પ્લેસમેન્ટના આંકડાઓ પર નજર કરીએ તો સંસ્થાના સૌથી વધુ 155 વિદ્યાર્થીઓની પસંદગી કન્સલ્ટિંગ કંપનીઓમાં થઈ છે. આ ઉપરાંત બેન્કિંગ અને ફાઈનાન્સ સેક્ટરમાં 81 વિદ્યાર્થીઓ, આઈટી કંપનીઓમાં 33 વિદ્યાર્થીઓ અને ફાર્મા-હેલ્થકેર ક્ષેત્રે 13 વિદ્યાર્થીઓને રોજગારી પ્રાપ્ત થઈ છે. નોકરી મેળવવાના બદલે પોતાનું સ્ટાર્ટઅપ કે વેન્ચર શરૂ કરવા તરફ આ વર્ષે પણ વિદ્યાર્થીઓનો બહુ ઓછો ઝુકાવ જોવા મળ્યો છે. આ વર્ષે માત્ર 2 વિદ્યાર્થીઓએ જ એન્ટરપ્રિન્યોરશિપ પસંદ કરી છે. આ બંને વિદ્યાર્થીઓએ IIM-Aની ફેલોશિપ હેઠળ પોતાના વેન્ચરમાં આગળ વધીને એન્ટરપ્રિન્યોર બનવાનો નિર્ણય લીધો છે.

# અમદાવાદની શૉકિંગ ઘટના, કિશોરીની 12 યુવકો સાથે વર્ચ્યુઅલ ફ્રેન્ડશીપ પકડાતા પરિવાર સંકટમાં ફસાયું

**અમદાવાદ, તા.02**

અમદાવાદ શહેરના એક પોશ વિસ્તારમાં રહેતા ડોક્ટર પરિવારમાં અડધી રાત્રે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં 17 વર્ષની સગીર દીકરી પોતાના રૂમમાં એકલી રહીને સોશિયલ મીડિયા પર 12 જેટલા પુરુષો સાથે ઓનલાઈન સંબંધો નિભાવી રહી હતી અને પોતાના પ્રાઈવેટ ફોટો પણ શેર કરી રહી હતી. આ બાબતે માતા-પિતા અને દીકરી વચ્ચે ભારે હોબાળો મચી ગયો હતો. સ્થિતિ એટલી વણસી ગઈ હતી કે આખરે સાયબર ક્રાઈમ કે શોષણનો ભોગ બનતા અટકાવવા માટે ગુજરાતની '181 અભયમ' મહિલા હેલ્પલાઈનની તાત્કાલિક મદદ લેવી પડી હતી.



સ્થાનિક ડોક્ટરના પરિવારમાં છેલ્લા કેટલાક અઠવાડિયાથી દીકરીના વર્તનમાં મોટો બદલાવ જોવા મળ્યો હતો. પહેલા પરિવાર સાથે ભળીને રહેતી આ સગીરા ધીમે ધીમે ઘરના સભ્યોથી દૂર થવા લાગી હતી અને દિવસ-રાત પોતાના રૂમનો દરવાજો બંધ રાખીને કલાકો વિતાવતી હતી. દીકરી અવારનવાર એકાંતમાં પોતાના સેલ્ફી પાડતી પકડાઈ જતાં પિતાની શંકા વધુ દ્રઢ બની હતી. કંઈક ગરબડ હોવાની ચિંતામાં, એક મોડી રાત્રે જ્યારે દીકરી ઊંઘમાં હતી ત્યારે પિતાએ તેના રૂમમાં જઈને અંગૂઠાની છાપ (થમપ્રિન્ટ)થી તેનો સ્માર્ટફોન અનલોક કર્યો અને સોશિયલ મીડિયા એપ્સ તપાસવાનું શરૂ કર્યું.

પિતાએ જ્યારે દીકરીનો ફોન તપાસ્યો ત્યારે WhatsApp, Instagram અને Facebook પરથી જે વિગતો સામે આવી તેનાથી પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ. સગીરા ઓનલાઈન મળેલા 12 જેટલા જુદા જુદા પુરુષો સાથે અંગત અને ચેટિંગવાળા સંબંધોમાં હતી. આટલું જ નહીં, તેણે પોતાના રૂમમાં પાડેલા પ્રાઈવેટ ફોટો પણ આ અજાણ્યા પુરુષોને મોકલ્યા હતા.

રાત્રે જ માતા-પિતાએ દીકરીને ઉઠાડીને આ બાબતે જવાબ માંગતા ઘરમાં ભારે હોબાળો મચી ગયો હતો. પોતાની ભૂલ સ્વીકારવાના બદલે દીકરી અત્યંત ગુસ્સે થઈ ગઈ હતી અને 'આ મારી લાઈફ છે' તેમ કહીને પોતાની મરજી મુજબ જીવવાનો હક હોવાનું કહીને પિતા સાથે બહેસ કરવા લાગી હતી. ઝઘડો ખૂબ વધી જતાં અને દીકરી કઈ પણ સાંભળવા તૈયાર ન હોવાથી ગભરાયેલી માતાએ પરિસ્થિતિ કાબૂમાં લેવા માટે તાત્કાલિક '181 અભયમ' હેલ્પલાઈન પર કૉલ કરીને મદદ માંગી હતી.

કૉલ મળતા જ 181 અભયમની ઈમરજન્સી ટીમ તાત્કાલિક આ હાઈપ્રોફાઈલ ઘરે પહોંચી ગઈ હતી. પરિસ્થિતિની ગંભીરતા સમજીને કાઉન્સિલર્સે પહેલા પરિવારના સભ્યોને અલગ કર્યા જેથી વાતાવરણ શાંત થઈ શકે અને ત્યારબાદ સગીરા સાથે એકાંતમાં વાતચીત શરૂ કરી હતી. સતત 4 કલાક ચાલેલા આ સેશનમાં ટીમે સગીરા પર કોઈ દોષારોપણ કરવાને બદલે તેનો વિશ્વાસ જીતવાનો પ્રયાસ કર્યો હતો. કાઉન્સિલર્સે તેને અજાણ્યા લોકો સાથે પ્રાઈવેટ ફોટો શેર કરવાના પરિણામો અને સાયબર ક્રાઈમના જોખમો વિશે સરળ ભાષામાં સમજાવ્યું હતું:

ડીપફેકનો ભય: આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટેકનોલૉજી દ્વારા ખાનગી ફોટોનો ઉપયોગ કરીને કેવા ખોટા/અશ્લીલ ફોટો બનાવી શકાય છે. બ્લેકમેઈલિંગ અને તોડ: ઓનલાઈન ફસાવીને કેવી રીતે બાદમાં પૈસા કે માનસિક શોષણ માટે ધમકીઓ આપવામાં આવે છે. ડીજીટલ ફૂટપ્રિન્ટ: ઈન્ટરનેટ પર એકવાર શેર કરેલી અંગત માહિતી કે ફોટો કાયમ માટે રહી જાય છે તેનાથી ભવિષ્યમાં થતા કાનૂની અને સુરક્ષા સંબંધિત ખતરા.

અભયમ ટીમની વૈજ્ઞાનિક અને પ્રેક્ટિકલ સમજાવટ બાદ સગીરાને પોતાની ભૂલ અને પોતે કેટલા મોટા જોખમમાં હતી તેનો અહેસાસ થયો હતો. તેણે સોશિયલ મીડિયાના જોખમોને સ્વીકાર્યા હતા. અભયમની ટીમે જતી વખતે પરિવારને ભવિષ્ય માટે મહત્ત્વપૂર્ણ સલાહ આપી હતી. તેમણે દીકરીને પોતાનું ધ્યાન અભ્યાસ અને લક્ષ્ય તરફ કેન્દ્રિત કરવા સમજાવી હતી, જ્યારે માતા-પિતાને ઘરનું વાતાવરણ ખુલ્લું અને સપોર્ટિવ રાખવા કહ્યું હતું જેથી એકલતા અનુભવીને દીકરી ભવિષ્યમાં ફરીથી ઓનલાઈન દુનિયાની જાળમાં ન ફસાય.

# સુરતના સચિન વિસ્તારમાં ભયાનક અગ્નિકાંડ, વેસ્ટ ઓઇલના ડ્રમમાં બ્લાસ્ટથી દુકાનના પતરાં હવામાં ઉડ્યાં

**સુરત, તા.02**

સુરતના સચિન વિસ્તારમાં આજે સવારે એક ભયાનક અગ્નિકાંડ સર્જાતા સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. સચિનના ગભેણી ચોકડી નજીક આવેલા બસેરા નગર પાસે ખુલ્લા પ્લોટમાં આવેલી બે દુકાનોમાં અચાનક વિકરાળ આગ ભભૂકી ઊઠી હતી. આગે થોડી જ ક્ષણોમાં એટલું ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું કે તેની કાળાશભરી ધુમાડાની ગોટેગોટા અને આગની ઊંચી જ્વાળાઓ દૂરથી પણ સ્પષ્ટ દેખાઈ રહી હતી. ઘટનાની જાણ થતાં આસપાસના લોકોમાં પણ ભારે ગભરાટ ફેલાયો હતો અને મોટી સંખ્યામાં લોકો ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા.

પ્રાથમિક માહિતી મુજબ, ખુલ્લા પ્લોટમાં આવેલી દુકાનોમાંથી એક ગેરેજ તરીકે ઉપયોગમાં લેવાતી હતી, જ્યારે બીજી દુકાનમાં પણ વિવિધ પ્રકારનો સામાન રાખવામાં આવ્યો હતો. આ દુકાનોમાં વેસ્ટ ઓઈલથી ભરેલા બે ડ્રમ રાખવામાં આવ્યા હતા. આગ આ ડ્રમ સુધી પહોંચતાં પરિસ્થિતિ વધુ ગંભીર બની હતી. આગની ગરમીના કારણે વેસ્ટ ઓઈલ ભરેલા બંને ડ્રમમાં અચાનક જોરદાર બ્લાસ્ટ થયો હતો. બ્લાસ્ટનો અવાજ એટલો પ્રચંડ હતો કે આસપાસના વિસ્તારમાં ભારે ધડાકો સંભળાયો હતો અને લોકોમાં ક્ષણભર માટે ભયનો માહોલ સર્જાયો હતો.

વેસ્ટ ઓઈલના ડ્રમમાં થયેલા બ્લાસ્ટના કારણે દુકાનની છતને પણ મોટું નુકસાન થયું હતું. દુકાનની છત પર લગાવવામાં આવેલા પતરાં બ્લાસ્ટના પ્રચંડ દબાણથી હવામાં ઊછળીને દૂર જઈ પડ્યાં હતાં. આગ અને બ્લાસ્ટના કારણે આસપાસનો વિસ્તાર જોખમી બની ગયો હતો. ઘટનાસ્થળની નજીક રહેલા લોકો અને રાહદારીઓમાં પણ નાસભાગ મચી ગઈ હતી. કેટલાક સમય માટે સ્થાનિકોમાં એવી સ્થિતિ સર્જાઈ હતી કે આગ વધુ ફેલાઈને નજીકના રહેણાંક અથવા અન્ય ગોડાઉન સુધી પહોંચી જશે કે કેમ તે અંગે ચિંતા જોવા મળી હતી.



આગ એટલી ઝડપથી ફેલાઈ હતી કે દુકાનની બહાર પાર્ક કરાયેલા વાહનો પણ તેની ઝપેટમાં આવી ગયા હતા. આગની જ્વાળાઓએ એક પછી એક વાહનોને પોતાની ચપેટમાં લઈ લીધા હતા. ઘટનાસ્થળે ઊભેલા ત્રણ આઈશર ટ્રક અને એક છોટા હાથી ટેમ્પો આગમાં સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયા હતા. આગ એટલી વિકરાળ હતી કે વાહનોમાંથી માત્ર બળેલા અવશેષો જ બચ્યા હતા. વાહનો ઉપરાંત દુકાનોની અંદર રહેલો અન્ય સામાન પણ આગમાં સંપૂર્ણપણે નાશ પામ્યો હતો.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકાના ફાયર વિભાગને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. માહિતી મળતાની સાથે જ સુરતના સાત અલગ-અલગ ફાયર સ્ટેશનમાંથી ફાયર વિભાગની ટીમો અને કુલ નવ ફાયર ફાઈટરોની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયરબ્રિગેડના જવાનો માટે સૌથી મોટો પડકાર આગને વધુ ફેલાતી અટકાવવાનો હતો, કારણ કે ઘટનાસ્થળની આસપાસ અન્ય દુકાનો અને ગોડાઉનો પણ આવેલા હતા.

ફાયરબ્રિગેડની ટીમોએ ઘટનાસ્થળે પહોંચ્યા બાદ તાત્કાલિક પાણીનો મારો શરૂ કર્યો હતો. આગની જ્વાળાઓને કાબૂમાં લેવા માટે અલગ-અલગ દિશામાંથી પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો. ફાયર જવાનોએ ખાસ કરીને આસપાસ આવેલા ગોડાઉન અને અન્ય દુકાનો તરફ આગ ન પહોંચે તે માટે સતત પ્રયાસો કર્યા હતા. વેસ્ટ ઓઈલના ડ્રમમાં બ્લાસ્ટ થયા બાદ આગ વધુ ભડકી હોવાથી ફાયર વિભાગ માટે કામગીરી પડકારજનક બની હતી. જોકે, જવાનોની સમયસર કામગીરીને કારણે આગને આસપાસના વિસ્તારોમાં ફેલાતી અટકાવવામાં સફળતા મળી હતી.

ફાયર ઓફિસર દિનેશ પટેલના જણાવ્યા અનુસાર, ઘટનાની જાણ થતાં જ સાત ફાયર સ્ટેશનમાંથી નવ ફાયર ફાઈટરોને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા હતા. ફાયરબ્રિગેડના જવાનોએ ભારે જહેમત ઉઠાવીને આગને કાબૂમાં લેવાની કામગીરી હાથ ધરી હતી. લગભગ એક કલાક સુધી સતત પાણીનો મારો ચલાવ્યા બાદ આગ પર સંપૂર્ણપણે કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. આગ કાબૂમાં આવ્યા બાદ પણ ફાયર વિભાગ દ્વારા સ્થળ પર તપાસ કરવામાં આવી હતી, જેથી અંદર કોઈ જગ્યાએ આગ ફરીથી ભભૂકી ન ઊઠે તેની ખાતરી કરી શકાય.

આ સમગ્ર ઘટનામાં સદનસીબે કોઈ માનવ જાનહાનિ થઈ નથી. આગ જે ઝડપથી ફેલાઈ હતી અને વેસ્ટ ઓઈલના ડ્રમમાં જે રીતે પ્રચંડ બ્લાસ્ટ થયો હતો તેને જોતા મોટી જાનહાનિ થવાની શક્યતા હતી, પરંતુ સદનસીબે કોઈ વ્યક્તિના મોત કે ગંભીર ઈજાના અહેવાલ નથી. આથી સ્થાનિક રહેવાસીઓ અને તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. જોકે, દુકાનો, વાહનો અને અંદર રહેલા સામાનને કારણે મોટાપાયે આર્થિક નુકસાન થયું હોવાની આશંકા છે.

પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, આગનું ચોક્કસ કારણ હજુ સુધી સત્તાવાર રીતે સામે આવ્યું નથી. દુકાનોમાં વેસ્ટ ઓઈલના ડ્રમ સહિત અન્ય સામગ્રી રાખવામાં આવી હોવાથી આગ ઝડપથી વિકરાળ બની હોવાનું માનવામાં આવે છે. આગ કેવી રીતે શરૂ થઈ અને ત્યારબાદ આટલી ઝડપથી કેમ ફેલાઈ તે અંગે ફાયર વિભાગ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# 8 લાખના પારણામાં ઝૂલશે 'નંદલાલા': આ જન્માષ્ટમીએ ચાંદીના પારણાની ખરીદીનો ક્રેઝ, 11 ગ્રામથી લઈ 2 કિલો સુધીના અવનવા પારણા

**સુરત, તા.02**

આ જન્માષ્ટમીએ 'નંદલાલા' માટે ચાંદીના પારણા ખરીદવાનો વિશેષ ક્રેઝ જોવા મળી રહ્યો છે. સુરતના બજારમાં 11 ગ્રામથી લઈને 2 કિલો સુધીના વજન ધરાવતા અવનવા અને આકર્ષક ચાંદીના પારણાનો ક્રેઝ છે, જેમાં રૂ. 5 હજારથી 8 લાખ સુધીની કિંમતના ભવ્ય પારણાંમાં ભગવાન શ્રીકૃષ્ણ ઝૂલશે. ભક્તો બજેટ મુજબ અલગ-અલગ ડિઝાઈન અને વજનના પારણાંની હોંશે-હોંશે ખરીદી કરીને કાનુડાના ઉત્સવની ભક્તિભાવપૂર્વક તૈયારીઓ કરી રહ્યા છે.



આ વખતે ચાંદીના પારણાંની ખરીદી માત્ર ભક્તિભાવ પૂરતી મર્યાદિત ન રહેતાં રોકાણકારો માટે પણ એક ઉત્તમ તક બની ગઈ છે. થોડા સમય અગાઉ ચાંદીના ભાવ વિક્રમજનક સપાટીએ પહોંચી ગયા હતા, પરંતુ હાલમાં બજારમાં ચાંદીના ભાવ સ્ટેબલ થયા છે. આગામી દિવસોમાં ચાંદીના ભાવમાં ફરી તેજી આવવાની સંભાવના હોવાથી સુરતના લોકો આ ખરીદીને 'ભક્તિ સાથે ઈન્વેસ્ટમેન્ટ' તરીકે જોઈ રહ્યા છે. ભક્તોનું માનવું છે કે ઘરમાં ઠાકોરજીની સેવા-પૂજા પણ થશે અને ભવિષ્ય માટે ચાંદીના રૂપમાં મૂલ્યવાન મૂડીનું સુરક્ષિત રોકાણ પણ થઈ જશે.

ગત વર્ષની સરખામણીએ ચાંદીના ભાવમાં ઉછાળો રહ્યો હોવાથી મધ્યમ વર્ગના ભક્તોના બજેટને અનુરૂપ એક ખાસ અને આકર્ષક કોન્સેપ્ટ પણ બજારમાં લોન્ચ કરવામાં આવ્યો છે. ઝવેરીઓએ વુડ (લાકડા) ઉપર ઉત્કૃષ્ટ કોતરણી અને નકશીકામ કરીને તેની ઉપર ચાંદીનું લેયરિંગ ચડાવ્યું છે. આ વુડન-સિલ્વર ફ્યુઝન પારણાને કારણે ગ્રાહકોને શુકનિયાળ ચાંદીની ધાતુનો સ્પર્શ પણ મળી રહે છે, પારણાંનો દેખાવ ભવ્ય અને મોટો લાગે છે તથા ખિસ્સા પર પણ બહુ ભાર પડતો નથી. આ આધુનિક અને ટ્રેડિશનલ ડિઝાઈનની માગ યુવા વર્ગમાં પણ ખૂબ વધી રહી છે.

જન્માષ્ટમી પૂર્વે જ્વેલર્સ શોરૂમ્સમાં ભક્તોની ભીડ ઉમટી પડી છે અને ખરીદીનો માહોલ ચરમસીમાએ પહોંચ્યો છે. વેપારીઓના જણાવ્યા મુજબ, ભાવ સ્થિર રહેવાથી લોકો કોઈ પણ ખચકાટ વિના એડવાન્સ બુકિંગ કરાવી રહ્યા છે. લોકો પોતાના ઘરના મંદિરમાં સ્થાપિત કરવા માટે તેમજ સ્નેહીજનોને ભેટ આપવા માટે પણ નાના-મોટા ચાંદીના પારણાં લઈ રહ્યા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# 2 દિવસ પછી અમેરિકાનો ઈરાન પર ફરી મિસાઈલ હુમલો: 12ના મોત, 68 ઘાયલ

**જવાબમાં જોર્ડન-બહેરીનના અમેરિકી મિલિટરી બેઝ પર ઈરાની હુમલો**

તેહરાન, તા.02

અમેરિકાએ ઈરાન પર 3 દિવસમાં બીજી વાર હુમલો કર્યો છે. અમેરિકી સેનાએ મંગળવારે રાત્રે સિરિક, ખુજસ્તાન, કેશ્મ દ્વીપ અને બંદર અબ્બાસ પર મિસાઈલ અને ડ્રોનથી હુમલા કર્યા. ઈરાન મુજબ સિરિકમાં એક લગ્ન સમારોહ દરમિયાન મિસાઈલ છોડવામાં આવી. જેમાં 5 લોકોના મોત થયા જ્યારે 50થી વધુ લોકો ઘાયલ થયા. મેહર ન્યૂઝ મુજબ મૃતકોમાં 4 વર્ષનો એક બાળક પણ સામેલ છે. હુમલા બાદ સામે આવેલા વીડિયો અને તસવીરોમાં ઘાયલ બાળકો હોસ્પિટલમાં સારવાર લેતા દેખાઈ રહ્યા છે. બીજી તરફ, ખુજસ્તાન પ્રાંત પરના હુમલામાં 7 લોકોના મોત થયા, જ્યારે 8 લોકો ઘાયલ થયા. જોકે અમેરિકાનો દાવો છે કે તેમણે ઈરાનના સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવ્યા છે.

આ હુમલાઓના જવાબમાં ઈરાને જોર્ડન અને બહેરીનમાં અમેરિકી સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવવાનો દાવો કર્યો છે. જેમાં ઘણા લોકો માર્યા ગયા છે. લગ્ન સમારોહ પર મિસાઈલ હુમલા બાદ ઈરાની સંસદના સ્પીકર મોહમ્મદ ગાલીબાફે અમેરિકાને શેતાન ગણાવ્યું. તેમણે X પર લખ્યું, ‘જે શક્તિ શેતાનની જેમ કામ કરે, લોકોને મારે અને નિશાન બનાવે, તે શેતાન જ છે.‘ તેમણે મીનાબની એક શાળા પર થયેલા હુમલાનો પણ ઉલ્લેખ કર્યો. ઈરાનનો દાવો છે કે આ હુમલામાં 156 લોકો માર્યા ગયા હતા, જેમાં 120 બાળકો હતા. અમેરિકાનું કહેવું છે કે તે ફક્ત ઈરાનના સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવી રહ્યું છે. અમેરિકી સેનાએ 2 ઈરાની ટેન્કરોને નિશાન બનાવ્યા છે. વધુ માહિતીની રાહ જોવાઈ રહી છે. અમેરિકી નૌસેનાનું વિમાનવાહક જહાજ USS અબ્રાહમ લિંકન બુધવારે થાઈલેન્ડ પહોંચ્યું. આ યુદ્ધ જહાજ 200 દિવસથી વધુ સમય સુધી સતત સમુદ્રમાં રહ્યા બાદ પાંચ દિવસના આરામ માટે અહીં રોકાયું છે.

આ જહાજ પર લગભગ 5,000 સૈનિકો અને કર્મચારીઓ તૈનાત છે. આ પશ્ચિમ એશિયામાં ઈરાન સાથે જોડાયેલા મિશન પર



હતું. લાંબા સમય સુધી સમુદ્રમાં રહેવાના કારણે જહાજ પર તૈનાત લોકોને કોઈ બંદર પર રોકાવાની તક મળી નહોતી. આ જ કારણે તેમના માનસિક સ્વાસ્થ્ય અને રહેવાની પરિસ્થિતિઓને લઈને પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ઈરાને દાવો કર્યો છે કે ખુઝેસ્તાન પ્રાંતમાં અમેરિકી મિસાઈલ હુમલામાં 7 લોકોના મોત થયા છે, જ્યારે 8 ઘાયલ થયા છે. ઈરાનની સરકારી ન્યૂઝ એજન્સી IRNAના જણાવ્યા અનુસાર, અમેરિકાએ પ્રાંતમાં 3 જગ્યાઓને નિશાન બનાવી. રશિયા કથિત રીતે ઈરાનને સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ બનાવવાની ટેક્નોલોજી ગુપ્ત રીતે આપી રહ્યું છે. ફાઈનાન્શિયલ ટાઈમ્સના રિપોર્ટ મુજબ, બંને દેશો વચ્ચે આ સીક્રેટ પ્રોગ્રામ 2023થી ચાલી રહ્યો છે. આનો હેતુ ઈરાનને એવી ટેક્નોલોજી વિકસાવવામાં મદદ કરવાનો છે, જેનાથી ક્રૂઝ મિસાઈલો અવાજની ઝડપ કરતાં પણ ઘણી ગણી ઝડપે ઊડી શકે.

રિપોર્ટ મુજબ, આ પ્રોગ્રામનું કોડનેમ C430L છે. તેમાં રશિયાના અનુભવી મિસાઈલ નિષ્ણાતો સામેલ છે. રશિયા ઈરાનને રેમજેટ પ્રોપલ્શન સિસ્ટમ વિકસાવવામાં મદદ કરી રહ્યું છે.

રિપોર્ટ મુજબ, ઈરાન રેમજેટ સિસ્ટમ બનાવી ચૂક્યું છે અને એનું ફ્લાઈટ ટેસ્ટ પણ કરી ચૂક્યું છે. જોકે, હજુ સુધી એવો કોઈ પુરાવો નથી કે રશિયાની મદદથી બનેલી સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ ઈરાને તેના સૈન્યમાં તૈનાત કરી દીધી હોય. આ ટેક્નોલોજીનો ઉપયોગ એન્ટી-શિપ અને જમીન પર હુમલો કરવાવાળી ક્રૂઝ મિસાઈલોમાં કરી શકાય છે. ઝડપી રફતાર અને ઓછી ઊંચાઈ પર ઊડવાની ક્ષમતાના કારણે આવી મિસાઈલોને એર ડિફેન્સ સિસ્ટમ માટે રોકવી મુશ્કેલ બની શકે છે.

ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સે જોર્ડનમાં અમેરિકી ઠેકાણાઓ પર હુમલામાં મોટી સંખ્યામાં અમેરિકી સૈનિકો માર્યા ગયા હોવાનો દાવો કર્યો. જોકે, અમેરિકી અધિકારીઓએ આ દાવાને ફગાવી દીધો છે. બે અમેરિકી અધિકારીઓએ રોયટર્સને જણાવ્યું કે પ્રારંભિક માહિતી મુજબ જોર્ડનમાં અમેરિકી ઠેકાણાઓ પર ઈરાની હુમલામાં કોઈ જાનહાનિ થઈ નથી. તેમણે કહ્યું કે ઈરાની હુમલા ચાલુ રહેવાના કારણે પરિસ્થિતિ બદલાઈ પણ શકે છે. ઈરાનની સરકારી ટીવી ચેનલ IRIBના જણાવ્યા અનુસાર સિરીકમાં લગ્ન સમારોહ પર થયેલા અમેરિકી હુમલામાં 4 લોકોના મોત થયા છે, જ્યારે 50 લોકો ઘાયલ થયા છે.

# 5000 અમેરિકી સૈનિકો વેકેશન માણવા થાઈલેન્ડ પહોંચ્યા: પણ રેડ લાઈટ એરિયામાં જવાની મનાઈ

બેંગકોક, તા.02

અમેરિકી એરક્રાફ્ટ કેરિયર USS અબ્રાહમ લિંકન બુધવારે સવારે થાઈલેન્ડના લામ ચાબાંગ પોર્ટ પર પહોંચી ગયું છે. આ એરક્રાફ્ટ પર છેલ્લા 9 મહિનાથી 5 હજાર સૈનિકો તૈનાત છે. USS અબ્રાહમ લિંકન સાથે અમેરિકી નૌકાદળના બે અન્ય જહાજો પણ પહોંચ્યા છે. આ સૈનિકોને બસો દ્વારા લગભગ 96 કિમી દૂર પટાયા લઈ જવામાં આવશે. અહીં તેઓ 5 દિવસ રજાઓ ગાળશે. BBCના રિપોર્ટ અનુસાર, સૈનિકોને દેહ વ્યાપાર સાથે સંકળાયેલા કેટલાક ખાસ વિસ્તારોમાં જવા પર રોક લગાવવામાં આવી છે. પોલીસે અમેરિકી સૈનિકોના આગમન પહેલાં પટાયા શહેરમાં દેહ વ્યાપાર વિરુદ્ધ કાર્યવાહી તેજ કરી દીધી છે. રોયટર્સ અનુસાર, દરોડા પાડીને લગભગ 50 સેક્સ વર્કર્સને કસ્ટડીમાં લીધા છે. અમેરિકી સૈનિકોને પટાયાની નાઈટલાઈફવાળી જગ્યાઓ પર જવાની મંજૂરી છે, પરંતુ થાઈ અધિકારીઓએ તેમના સોઈ 6 માં જવા પર પ્રતિબંધ મૂક્યો છે. સોઈ 6 પટાયાનો એક પ્રખ્યાત વિસ્તાર છે, જે નાઈટલાઈફ માટે જાણીતો છે. અહીં ઘણા એડલ્ટ એન્ટરટેઈનમેન્ટવાળા બાર છે. અહીં મોટી સંખ્યામાં પ્રવાસીઓ પહોંચે છે. થાઈ પોલીસે અમેરિકી સૈનિકોને એ પણ યાદ અપાવ્યું છે કે



દેશમાં વેશ્યાવૃત્તિ કાયદેસર રીતે પ્રતિબંધિત છે. અમેરિકી સૈનિકોને ડ્રગ્સ અને ગાંજો વેચતી દુકાનોથી પણ દૂર રહેવાની સલાહ આપવામાં આવી છે. લગભગ 5 હજાર અમેરિકી સૈનિકોના પટાયા પહોંચવાથી હોટલ, રેસ્ટોરન્ટ, બાર, શોપિંગ અને અન્ય પર્યટન વ્યવસાયોમાં ગ્રાહકોની સંખ્યા વધવાની અપેક્ષા છે. ખાસ કરીને નાઈટલાઈફ અને મનોરંજન સંબંધિત વ્યવસાયોને તેનો ફાયદો મળી શકે છે. હજારો અમેરિકી સૈનિકો થોડા દિવસો માટે શહેરમાં રહેશે અને આ દરમિયાન ખાવા-પીવા, હોટલમાં રોકાવા, ફરવા અને મનોરંજન પર પૈસા ખર્ચ કરશે. સ્થાનિક મીડિયા અનુસાર એક અમેરિકી નૌસૈનિક દરરોજ લગભગ 1,000 (2800) થી 3,000 (8500) થાઈ બાહત સુધી ખર્ચ કરી શકે છે.

વિયેતનામ યુદ્ધ દરમિયાન અમેરિકી સૈનિકો આરામ કરવા અને રજાઓ ગાળવા માટે પટાયા આવવા લાગ્યા. તે સમયે પટાયા એક નાનું માછીમારી કરતું ગામ હતું. સૈનિકોના આગમનથી હોટલ, બાર, રેસ્ટોરન્ટ અને મનોરંજન સંબંધિત વ્યવસાયો વધવા લાગ્યા. 1978 સુધીમાં પટાયા શહેર જેવી ઓળખ બનાવી ચૂક્યું હતું. મોટી હોટલો અને રિસોર્ટ્સ બનવા લાગ્યા અને વિદેશી પ્રવાસીઓ માટે અહીંનો વ્યવસાય ઝડપથી વધ્યો. આ સમયગાળા દરમિયાન સેક્સ ટુરિઝમ પટાયાના પર્યટન વ્યવસાયનો એક મહત્વપૂર્ણ ભાગ બની ચૂક્યો હતો. થાઈલેન્ડમાં 90ના દાયકામાં રિયલ એસ્ટેટ બૂમ આવ્યો. વિદેશી લોકોની સંખ્યા વધવાની સાથે શહેરમાં મોટા પાયે વિલા અને એપાર્ટમેન્ટ બનવા લાગ્યા. તેનાથી પટાયાનો પ્રોપર્ટી વ્યવસાય પણ ઝડપથી વધ્યો. USS અબ્રાહમ લિંકન તાજેતરમાં વેસ્ટ એશિયામાં પોતાની લાંબી તૈનાતી પૂરી કરીને પાછું ફર્યું છે. આ અમેરિકી નૌકાદળનું પરમાણુ ઊર્જાથી ચાલતું વિમાનવાહક જહાજ છે. જહાજે નવ મહિનાથી વધુ સમય સમુદ્રમાં વિતાવ્યો. આ દરમિયાન ઈરાન સાથે વધેલા તણાવ વચ્ચે તે વેસ્ટ એશિયામાં અમેરિકી સેનાના અનેક અભિયાનોમાં સામેલ રહ્યું. આટલા લાંબા સમય સુધી સમુદ્રમાં રહેવાથી જહાજ પર તૈનાત નૌસૈનિકો માટે પણ ઘણી મુશ્કેલીઓ રહી. તેમની માનસિક તંદુરસ્તી અને જહાજ પર રહેવાની પરિસ્થિતિઓ અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

# ટ્રમ્પે બોઈંગ ડીલ માટે બાંગ્લાદેશનો આભાર માન્યો: PMને કહ્યું- આ પ્લેન તમને નિરાશ નહીં કરે, હું પણ યાદ રાખીશ

વોશિંગ્ટન, તા.02

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બાંગ્લાદેશના વડાપ્રધાન તારિક રહેમાનને પત્ર લખીને બોઈંગ વિમાન ખરીદવાના નિર્ણય બદલ આભાર માન્યો છે. બાંગ્લાદેશના PM તારિક રહેમાનના નામે 31 ઓગસ્ટે લખેલા આ પત્રમાં ટ્રમ્પે લખ્યું,

બાંગ્લાદેશ પાસે હાલમાં 14 બોઈંગ પ્લેન છે. બાંગ્લાદેશે એપ્રિલ 2026માં 14 નવા બોઈંગ વિમાનનો ઓર્ડર પણ આપ્યો હતો.

અમેરિકી રાજદૂત સર્જિયો ગોરે 30 ઓગસ્ટે જણાવ્યું હતું કે ટ્રમ્પ અને રહેમાન વચ્ચે બોઈંગ વિમાનોને લઈને મોટી ડીલ થઈ છે. આ અંતર્ગત બાંગ્લાદેશ 25 બોઈંગ વિમાન ખરીદવાની તૈયારીમાં છે.

બાંગ્લાદેશની બોઈંગ ખરીદી માત્ર પોતાની એરલાઇનનો કાફલો વધારવાની યોજના નથી. તેનો એક મોટો હેતુ અમેરિકા સાથે વેપાર ખાધ ઘટાડવાનો અને અમેરિકી ટેરિફમાં રાહત મેળવવાનો પણ છે. આ જ કારણોસર બોઈંગ વિમાન ખરીદવાનો મુદ્દો બંને દેશોના વ્યાપારી સંબંધો સાથે પણ જોડાઈ ગયો છે.

જ્યારે અમેરિકાએ બાંગ્લાદેશના સામાન પર 37% ટેરિફ લગાવવાની વાત કરી, ત્યારે બાંગ્લાદેશે અમેરિકા પાસેથી વધુ સામાન ખરીદવાનો પ્રયાસ શરૂ કર્યો. આ દરમિયાન બોઈંગ પાસેથી 25 વિમાન ખરીદવાની વાત સામે આવી.

પછી બાંગ્લાદેશે બોઈંગના 14



વિમાનોનો સોદો પાક્કો કર્યો. તેની કિંમત આશરે 3.7 અબજ ડોલર છે. તેમાં 8 બોઈંગ 787-10, 2 બોઈંગ 787-9 અને 4 બોઈંગ 737-8 MAX વિમાનો સામેલ છે. પ્રથમ વિમાન નવેમ્બર 2031માં મળવાની અપેક્ષા છે.

આ સોદામાં અમેરિકાની એક્સપોર્ટ-ઈમ્પોર્ટ બેંક પણ મદદ કરશે. બેંક લોનની વ્યવસ્થા કરશે અને બાંગ્લાદેશ સરકાર આ લોનની ગેરંટી આપશે.

ટ્રમ્પના બીજા કાર્યકાળમાં બાંગ્લાદેશ ઉપરાંત ઓછામાં ઓછા 6 દેશોએ અમેરિકા પાસેથી બોઈંગના વિમાનો ખરીદવાની જાહેરાત કરી છે.

સાઉદી અરેબિયા: મે 2025માં ટ્રમ્પની સાઉદી અરેબિયા યાત્રા દરમિયાન સાઉદી કંપની એવિલીઝે બોઈંગના 20 વિમાન ખરીદવાનો ઓર્ડર આપ્યો. કંપનીએ બીજા 10 વિમાન ખરીદવાનો વિકલ્પ પણ રાખ્યો.

કતાર: મે 2025માં ટ્રમ્પની કતાર યાત્રા દરમિયાન કતાર એરવેઝ અને બોઈંગ વચ્ચે 210 વિમાનો સુધીનો કરાર થયો. વ્હાઈટ હાઉસે તેને બંને દેશો વચ્ચેના મોટા આર્થિક કરારોનો ભાગ ગણાવ્યો.

ઈન્ડોનેશિયા: જુલાઈ 2025માં અમેરિકા પાસેથી 50 બોઈંગ વિમાન ખરીદવાનું વચન આપ્યું. તેના બદલામાં અમેરિકાએ ઈન્ડોનેશિયન સામાન પર ટેરિફમાં ઘટાડો કર્યો.

જાપાન: જુલાઈ 2025માં અમેરિકા-જાપાન વ્યાપાર કરાર હેઠળ જાપાને 100 પ્લેન ખરીદવાની વાત કહી. તેમાં બોઈંગ વિમાન સામેલ છે.

ચીન: મે 2026માં ટ્રમ્પે કહ્યું કે ચીન 200 બોઈંગ વિમાન ખરીદવાની તૈયારી કરી રહ્યું છે. બાદમાં બોઈંગે પણ તેની પુષ્ટિ કરી.

સાઉથ કોરિયા: ઓગસ્ટ 2025માં સાઉથ કોરિયાએ 103 બોઈંગ વિમાન ખરીદવાની જાહેરાત કરી. ત્યારબાદ ટ્રમ્પે તેમના પર લાગુ 25% ટેરિફ ઘટાડીને 10% કરી દીધો.

અમેરિકામાં મોટા પેસેન્જર વિમાન બનાવતી મુખ્ય કંપની બોઈંગ જ છે. ત્યાં બીજી વિમાન કંપનીઓ પણ છે, પરંતુ તે મોટાભાગે સૈન્ય અથવા નાના વિમાનોના વ્યવસાયમાં છે. મોટા પેસેન્જર વિમાનોના મામલે બોઈંગ જ અમેરિકાની મોટી કંપની છે અને તેની સૌથી મોટી સ્પર્ધા યુરોપની એરબસ સાથે છે.

ટ્રમ્પની વેપાર નીતિનો સૌથી મોટો ઉદ્દેશ્ય એ જ છે કે બીજા દેશો અમેરિકા પાસેથી વધુને વધુ સામાન ખરીદે. તેનાથી અમેરિકાની વેપાર ખાધ ઓછી થઈ શકે છે અને અમેરિકન કંપનીઓને મોટા ઓર્ડર મળી શકે છે.

# નેપાળી PM સંસદમાં બોલ્યા- ભારતનો આભાર: કહ્યું- યોગ્ય સમયે પાડોશી દેશોએ મદદ પહોંચાડી, 7 દિવસમાં 1127 લોકોનાં મોત

કાઠમંડુ, તા.02

નેપાળના વડાપ્રધાન બાલેન શાહે પૂર રાહત અને બચાવ કાર્યોમાં મદદ કરવા બદલ સંસદમાં ભારત અને ચીનનો આભાર માન્યો. બુધવારે સંસદને સંબોધતા તેમણે કહ્યું કે બંને પાડોશી દેશોએ સમયસર રાહત સામગ્રી, ટેકનિકલ ટીમો અને તાત્કાલિક મદદ મોકલી.

ભારતે રાહત સામગ્રીનો પાંચમો જથ્થો મોકલ્યો છે. ભારતીય ટીમો સુરંગોમાં સર્ચ ઓપરેશન અને મૃતદેહોની ઓળખમાં મદદ કરી રહી છે. જ્યારે, ચીને ગ્યિરોંગ બોર્ડર સુધી જતો હાઈવે ખોલી દીધો છે, જેનાથી રાહત ટીમો અસરગ્રસ્ત વિસ્તારો સુધી પહોંચી રહી છે.

પૂરમાં અત્યાર સુધીમાં 1127 લોકોનાં મોત થયા છે અને 4800 થી વધુ લોકો ગુમ છે. ઘણા હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સના કર્મચારીઓ પણ ગુમ છે. એવી આશંકા છે કે કેટલાક લોકો હજુ પણ સુરંગોમાં ફસાયેલા હોઈ શકે છે.

નેપાળમાં પૂર પછી ચિતવનમાં નારાયણી (ગંડક) અને ત્રિશૂલી નદીઓનું જળસ્તર વધેલું છે.

બુધવાર, 2 સપ્ટેમ્બરના રોજ આ નદીઓનો એરિયલ વ્યૂ સામે આવ્યો, જેમાં પૂર પછી વિસ્તારમાં ફેલાયેલી તબાહી સ્પષ્ટ દેખાઈ રહી છે. 26 ઓગસ્ટ - પ્રથમ C-130J ફ્લાઈટ દ્વારા લગભગ 10 ટન રાહત સામગ્રી મોકલવામાં આવી. તેમાં ધાબળા, તાડપત્રી, હાઈજીન કીટ અને જરૂરી સામાન સામેલ



હતો. 27 ઓગસ્ટ - C-17 ગ્લોબમાસ્ટર વિમાન દ્વારા 37.5 ટન સહાય મોકલવામાં આવી. તેમાં રાહત સામગ્રી, દવાઓ અને ફૂડ પેકેટ સામેલ હતા. 28 ઓગસ્ટ - ત્રીજા જથ્થામાં લગભગ 10 ટન રાહત સામગ્રી અને 11 સભ્યોની મેડિકલ અને ટનલ-રેસ્ક્યુ નિષ્ણાતોની ટીમ મોકલવામાં આવી. 30 ઓગસ્ટ - ચોથી ફ્લાઈટ દ્વારા 11 ટન રાહત સામગ્રી પહોંચાડવામાં આવી. તેની સાથે ડીએનએ ફોરેન્સિક નિષ્ણાતો અને ટનલ રેસ્ક્યુ ઉપકરણો પણ મોકલવામાં આવ્યા. 2 સપ્ટેમ્બર - પાંચમી ફ્લાઈટ દ્વારા 11 સભ્યોની વિશેષ બચાવ ટુકડી અને વધારાની તકનીકી સહાય નેપાળ મોકલવામાં આવી. ભારતે મૃતદેહોની ઓળખ માટે ડીએનએ ટેસ્ટિંગ નિષ્ણાતોની ટીમ પણ તૈનાત કરી છે.

નેપાળમાં પૂરના કાટમાળમાં ચાર દિવસ સુધી દટાયેલા રહ્યા બાદ એક 5 વર્ષના બાળકને જીવતો બચાવી લેવામાં આવ્યો. બચાવ બાદ બાળક એટલો થાકેલો હતો કે તે બરાબર બોલી પણ શકતો ન હતો. એક વીડિયોમાં નેપાળી સેનાનો જવાન બાળકને ખીચડી અને પાણી પીવડાવતો જોવા મળ્યો. જવાને તેને દિલાસો આપતા કહ્યું કે તે જલ્દી તેના પરિવારને મળશે અને પછી શાળાએ જઈ શકશે. નેપાળના વડાપ્રધાન બાલેન્દ્ર શાહે સંસદમાં જણાવ્યું કે પૂર પછી અત્યાર સુધીમાં 95 મૃતદેહો પરિવારજનોને સોંપવામાં આવ્યા છે. શાહે કહ્યું કે પૂર 26 ઓગસ્ટની સવારે લગભગ 8:30 વાગ્યે આવ્યું હતું. માહિતી મળતા જ સરકારે રાહત અને બચાવ અભિયાન શરૂ કર્યું. 9:15 વાગ્યે કટોકટી બેઠક બોલાવવામાં આવી અને 10:30 વાગ્યા સુધીમાં હેલિકોપ્ટર અને બચાવ દળ તૈનાતી માટે તૈયાર હતા. નેપાળમાં આવેલા પૂર અને ભૂસ્ખલને હજારો પરિવારોને ઊંડા દુઃખમાં છોડી દીધા છે. કાઠમંડુના પશુપતિનાથ મંદિરમાં સૂરજ તિમિલ્સિનાના પરિજનોએ તેમનો અંતિમ સંસ્કાર પૂતળા દ્વારા કર્યો, કારણ કે પૂરમાં ગુમ થયા પછી તેમનો મૃતદેહ હજુ સુધી મળી શક્યો નથી.

અંતિમ સંસ્કાર દરમિયાન પરિવારના સભ્યો અને સંબંધીઓ ભાવુક જોવા મળ્યા. સૂરજના પુત્રએ પણ પિતાના અંતિમ સંસ્કારની વિધિઓમાં ભાગ લીધો.

નેપાળમાં પૂર અને સતત વરસાદ બાદ સુન કોશી, બુઢી ગંડકી અને મહાકાલી નદીઓનું જળસ્તર ચેતવણી સ્તરથી ઉપર પહોંચી ગયું છે. પ્રશાસને મધ્ય, પશ્ચિમ અને પૂર્વ નેપાળના નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સાવચેત રહેવા જણાવ્યું છે, અને તાત્કાલિક સુરક્ષિત અને ઊંચા સ્થાનો પર જવાની અપીલ કરી છે.

અમેરિકાની ક્રાઈસિસ રિસ્પોન્સ ઈન્ટરનેશનલ (CRI)ની 13 સભ્યોની ટીમ નેપાળ પહોંચી ગઈ છે. આ ટીમ રસુવા જિલ્લાના ચિલિમે વિસ્તારમાં હાઈડ્રોપાવર પ્રોજેક્ટની સુરંગોમાં ગુમ થયેલા લોકોની શોધખોળમાં મદદ કરશે. ટીમ ખાસ ઉપકરણોની મદદથી સુરંગોની અંદર ફસાયેલા લોકોના અવાજ કે કોઈપણ પ્રકારની હલચલ શોધી કાઢવાનો પ્રયાસ કરશે.

ભોટેકોશીમાં આવેલા પૂર બાદ મૃત્યુઆંક સતત વધી રહ્યો છે. બુધવારે સવારે 5 વાગ્યા સુધીમાં જુદા જુદા વિસ્તારોમાંથી 1,127 મૃતદેહો મળી આવ્યા છે. તેમાંથી સૌથી વધુ 348 મૃતદેહો ચિતવનમાંથી મળ્યા છે.

નેપાળ પોલીસના જણાવ્યા અનુસાર, ચિતવન પછી પૂર્વ નવલપરાસીમાંથી 217, પશ્ચિમ નવલપરાસીમાંથી 190 અને નુવાકોટમાંથી 155 મૃતદેહો મળી આવ્યા છે. આ ઉપરાંત ગોરખામાંથી 66, ધાડિંગમાંથી 59, રસૂવામાંથી 45 અને તનહુનમાંથી 38 મૃતદેહો મળ્યા છે. ભારતમાંથી પણ 9 મૃતદેહો મળી આવ્યા છે. નેપાળમાં આવેલા વિનાશકારી પૂર બાદ મૃત્યુઆંક સતત વધી રહ્યો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં 1,127 લોકોના મોતની પુષ્ટિ થઈ ચૂકી છે, જ્યારે 4,858 લોકો હજુ પણ ગુમ છે. બચાવ અને શોધ અભિયાન ચાલુ છે. રાહતકર્મીઓ અને સુરક્ષા દળો પૂરગ્રસ્ત વિસ્તારો અને નદીના નીચલા ભાગોમાં સતત શોધખોળ કરી રહ્યા છે. નેપાળમાં પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કાર્યો માટે ભારતે તેની પાંચમી સહાયતા ઉડાન રવાના કરી છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે X પર પોસ્ટ કરીને આ અંગે જાણકારી આપી. આ વિમાનમાં 11 સભ્યોની વિશેષ રેસ્ક્યુ ટીમ, અત્યાધુનિક બચાવ ઉપકરણો અને 5.5 ટન આવશ્યક દવાઓ મોકલવામાં આવી છે.

# અમદાવાદ મંડળે ઓગસ્ટ 2026 માં પ્રાપ્ત કરી 800 કરોડથી વધુની આવક

અમદાવાદ, તા.02

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે ઓગસ્ટ 2026 દરમિયાન વાણિજ્યિક પ્રવૃત્તિઓ, માલ પરિવહન, પાર્સલ, ટિકિટ ચેકિંગ તથા નોન-ફેર રેવન્યુના ક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. અમદાવાદ મંડળે ઓગસ્ટ 2026માં વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા કુલ 804.58 કરોડની આવક મેળવી છે, જ્યારે ઓગસ્ટ 2025માં કુલ આવક 778.20 કરોડ રહી હતી. આ રીતે ઓગસ્ટ 2026 માં ગયા વર્ષની સરખામણીએ 26.38 કરોડનો વધારો નોંધાયો છે. અમદાવાદ મંડળે વિવિધ ક્ષેત્રોમાં વધુ સારું મહેસૂલ પ્રાપ્ત કરવાની સાથે નવા વ્યવસાયિક અવસરો પણ વિકસાવ્યા છે.

ઓગસ્ટ 2026 દરમિયાન માલ પરિવહન અને ઓપરેશન ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ

અમદાવાદ મંડળ દ્વારા ઓગસ્ટ 2026માં 4.4651 મિલિયન ટન માલનું લોડિંગ કરવામાં આવ્યું, જે નિર્ધારિત લક્ષ્યાંક કરતાં 7% વધુ છે. આ દરમિયાન માલ આવક તરીકે 631.31 કરોડની આવક પ્રાપ્ત થઈ, જે ઓગસ્ટ 2025ની સરખામણીએ 6.13% વધુ છે.

તે જ રીતે, પાર્સલ આવક 7.17 કરોડ રહી, જે માસિક લક્ષ્યાંક 6.58 કરોડ કરતાં 9% વધુ અને ગત વર્ષની 6.29 કરોડની આવક કરતાં 14% વધુ છે. ઓગસ્ટ 2026માં ટિકિટ ચેકિંગ દ્વારા 2.48 કરોડની આવક થઈ, જે લક્ષ્યાંક કરતાં 0.81% અને ગત વર્ષની સરખામણીએ 21% વધુ છે.

ઓગસ્ટ 2026 દરમિયાન સરેરાશ 218.84 ટ્રેનો પ્રતિદિન ઈન્ટરચેન્જ થઈ, જે ગત વર્ષની સરખામણીએ 2.5% વધુ છે. DFC પોઈન્ટ્સ પર સરેરાશ ઈન્ટરચેન્જ 11.8% વધીને 100.81 ટ્રેનો પ્રતિદિન રહ્યું.

પરિચાલન ક્ષમતા વધારવા માટે સામાખિયાળી-વોંધ-ભચાઉ, સાણંદ-છારોડી-જખવાડા તથા આં બ લિ ય ા સ ણ - જા ગુ દ ન -



મહેસાણા-ભાંડુ મોટીદાઉ રેલખંડોમાં ઓટોમેટિક સિગ્નલિંગનું કમિશનિંગ કરવામાં આવ્યું. આ ઉપરાંત, ઓગસ્ટ મહિનામાં 365 લોંગ હોલ ટ્રેનો દોડાવવામાં આવી, જે ગત વર્ષની સરખામણીએ નોંધપાત્ર વધારો છે.

યાત્રી સુવિધાઓના ક્ષેત્રમાં વિવિધ ટ્રેનોમાં 464 વધારાના કોચ જોડવામાં આવ્યા તથા 19423/19424 અમદાવાદ-ભાગલપુર સાપ્તાહિક એક્સપ્રેસનું સંચાલન શરૂ કરવામાં આવ્યું.

ફ્રેઈટ ક્ષેત્રમાં ‘બેસ્ટ એવર’ સિદ્ધિઓ

ઓગસ્ટ 2026માં અનેક ટર્મિનલોએ અત્યાર સુધીની પોતાની શ્રેષ્ઠ માસિક ફ્રેઈટ આવક નોંધાવી છે. આર્ય ફ્રેઈટ ટર્મિનલ પ્રાઈવેટ લિમિટેડ, ભીમાસર (AFGB) દ્વારા 9.85 કરોડની રેકોર્ડ માસિક ફ્રેઈટ આવક હાંસલ કરવામાં આવી છે, જ્યારે અગાઉનું શ્રેષ્ઠ પ્રદર્શન માર્ચ 2026માં 9.48 કરોડ રહ્યું હતું.

દીન દયાલ પોર્ટ ટ્રસ્ટ ટર્મિનલ (DDPS) દ્વારા 6.30 કરોડ તથા નવકાર કોર્પોરેશન-વાધરવા (NCLW) દ્વારા 18.47 કરોડની અત્યાર સુધીની શ્રેષ્ઠ માસિક ફ્રેઈટ આવક નોંધાવવામાં આવી છે.

નવા ગંતવ્યો અને નવા ગ્રાહકો સાથે વ્યવસાયમાં વધારો

અમદાવાદ મંડળે વિવિધ રેલવે મંડળો સાથે મળીને નવા ગંતવ્યો માટે માલ પરિવહનને પ્રોત્સાહન આપ્યું છે. આ અંતર્ગત દક્ષિણ પશ્ચિમ રેલવેના ડોડબલ્લાપુર માટે ઓટોમોબાઈલની 7 રેક દ્વારા 2.29 કરોડની આવક તથા દક્ષિણ રેલવેના અરક્કોનમ માટે કન્ટેનરની 4 રેક દ્વારા 2.07 કરોડની આવક સહિત વિવિધ નવા ગંતવ્યોથી નોંધપાત્ર આવક અર્જિત થઈ.

નવા ગ્રાહકોમાં ITC Limited, Central Warehousing Corporation, Birla Corporation Limited તથા Shivshakti Sea Link Pvt. Ltd.નો સમાવેશ થાય છે. આ પૈકી શિવશક્તિ સી લિંક દ્વારા આયાત કરવામાં આવેલા સ્ટીમ કોલની 3 રેકથી 1.15 કરોડની આવક પ્રાપ્ત થઈ છે.

નવી કોમોડિટી અને નવી સુવિધાઓ

ઓગસ્ટ મહિનામાં ચૂનાના પથ્થર (Limestone) ની 5 રેકનું પરિવહન કરવામાં આવ્યું, જેના દ્વારા 1.91 કરોડની વધારાની આવક પ્રાપ્ત થઈ. આ ઉપરાંત, શિવલખા ખાતે M/s KMT Engineering Private Limitedનું GCT તા. 6 ઓગસ્ટ 2026ના રોજ કમિશન કરવામાં આવ્યું તથા સાંતલપુર ખાતે તા. 20 ઓગસ્ટ 2026ના રોજ વધારાના નવા વેઈબ્રિજનું કમિશનિંગ કરવામાં આવ્યું.

કેટરિંગ અને ખાદ્ય સુરક્ષા પર વિશેષ ભાર

ઓગસ્ટ મહિનામાં ખાદ્ય સુરક્ષા નિયમો પ્રત્યે ઝીરો ટોલરન્સ નીતિ હેઠળ મંડળની તમામ 14 બેઝ કિચન અને 1 રિફ્રેશમેન્ટ રૂમનું અચાનક નિરીક્ષણ કરવામાં આવ્યું. ગંભીર અનિયમિતતાઓ બદલ કુલ 34.50 લાખનો દંડ ફટકારવામાં આવ્યો તેમજ વિવિધ અનિયમિતતાઓને કારણે 26 કેટરિંગ યુનિટ્સ બંધ કરવામાં આવી.

પાર્સલ સેવાઓમાં પણ નોંધપાત્ર પ્રગતિ

તા. 19 અને 20 ઓગસ્ટ 2026ના રોજ યોજાયેલા ઈ-ઓક્શનમાં 3 પાર્સલ એસેટ્સ લીઝ પર આપવામાં આવ્યા, જેના દ્વારા ત્રણ વર્ષમાં કુલ 2.26 કરોડની આવક થવાની અપેક્ષા છે.

અમદાવાદ મંડળે તા. 30 ઓગસ્ટ 2026ના રોજ 50મી JPP-RCS પાર્સલ સેવાનું સફળતાપૂર્વક સંચાલન કર્યું. કુલ 50 ટ્રિપ દ્વારા નાણાકીય વર્ષ 2025-26માં 3.85 કરોડ તેમજ ચાલુ નાણાકીય વર્ષ 2026-27માં 30 ઓગસ્ટ સુધી 2.45 કરોડની પાર્સલ આવક પ્રાપ્ત થઈ છે.

ટિકિટ ચેકિંગ અને સ્વચ્છતા અભિયાન

ટિકિટ ચેકિંગ અંતર્ગત ઓગસ્ટ મહિનામાં વિવિધ ફોર્ટ્રેસ, એમ્બુશ તથા સ્પેશિયલ ફોર્ટ્રેસ ચેક કરવામાં આવ્યા. સ્પેશિયલ ફોર્ટ્રેસ ચેક દરમિયાન 1,678 અનિયમિત મુસાફરીના કેસ પકડવામાં આવ્યા અને 15.74 લાખનો દંડ વસૂલ કરવામાં આવ્યો.

સ્ટેશનોને સ્વચ્છ અને ધૂમ્રપાનમુક્ત રાખવા માટે ચલાવવામાં આવેલા અભિયાનો દરમિયાન ગંદકી ફેલાવવા, થૂંકવા વગેરેના આશરે 988 કેસ પકડવામાં આવ્યા, જેમાંથી 2.47 લાખનો દંડ વસૂલ કરવામાં આવ્યો. ધૂમ્રપાનના 9 કેસમાં 0.18 લાખનો દંડ વસૂલ કરવામાં આવ્યો.

## તંત્રી લેખ

# મોદીએ ફૂલાવેલા ફૂગ્ગામાં ખડગેની ટાંકણી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના વધેલા જીડીપી બાબતે વીડિયો રીલીઝ કર્યો હતો. વધેલા જીડીપી દરને કારણે મોદી ઉજવણીના મૂડમાં છે. જોકે મલ્લિકાર્જૂન ખડગેએ મોદીએ ફૂલાવેલા ફૂગ્ગામાં ટાંકણી ભોંકી દીધી છે. એમનો આરોપ છે કે સામાન્ય લોકો હજી પણ બેરોજગારી, મોંઘવારી અને અસમાનતા સામે લડી રહ્યા છે. સોશ્યલ મીડિયા એક્સ પર એમણે લખ્યું છે કે, 'લાઈટ્સ. કેમેરા અને નિષ્ક્રિયતા. જ્યારે અર્થવ્યવસ્થાની વાત આવે છે ત્યારે વડાપ્રધાન મોદીના પ્રચારની આ વાર્તા છે. વડાપ્રધાન મોદી, તમે કહી રહ્યા છો કે દેશના વધેલા જીડીપી વૃદ્ધિદરની ઉજવણી કરીએ. તમારી પાસે ઉજવણીની સગવડ હોઈ શકે છે, પરંતુ સામાન્ય માણસ પાસે આવી સગવડ નથી. સામાન્ય માણસ ૩'યુ'થી પરેશાન છે અને એ માટે તમે જવાબદાર છો.' ખડગેનો મતબલ અભૂતપૂર્વ (અનપ્રીસીડેન્ટેડ) બેરોજગારી, અસહ્ય (અનબેરેબલ) મોંઘવારી અને બેલગામ (અનબ્રાઈડલ્ડ) અસમાનતા. પંજાબ વિધાનસભાની ચૂંટણી નજીક છે ત્યારે હમણા પંજાબ યુનિવર્સિટીના વિદ્યાર્થી યુનિયનની ચૂંટણી ચર્ચાસ્પદ રહી હતી. પંજાબ યુનિવર્સિટીની ચૂંટણીમાં શિરોમણી અકાલી દળના વિદ્યાર્થી સંગઠન ઓર્ગેનાઈઝેશન ઓફ ઈન્ડિયા (એઓઆઈ)એ પંજાબના ભાજપના વિદ્યાર્થી સંગઠન અખિલ ભારતીય વિદ્યાર્થી પરીષદ (એબીવીપી)ને ટેકો જાહેર કર્યો હતો. એબીવીપીના ઉમેદવાર અંકીત બિધાન ચૂંટણી જીતી ગયા. હમણા દેશભરમાં ચાલી રહેલા જેન ઝી પ્રોટેસ્ટ પછી યુવાનોના ગઢમાં આ પહેલી ચૂંટણી હતી. આમ આદમી પાર્ટીના વિદ્યાર્થી સંગઠન એએસએપી અને કોંગ્રેસના વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈને ચૂંટણીમાં સફળતા મળી નહોતી. આ પરિણામ પછી પંજાબમાં અકાલી દળ અને ભાજપના ગઠબંધનની વાત ફરીથી ચર્ચાવા માંડી છે. ભાજપ એવો દાવો કરે છે કે, ચૂંટણીના પરિણામો દર્શાવે છે કે પંજાબનું જેન ઝી ભાજપ સાથે છે. દિલ્હી - એનસીઆર ખાતે સ્લીપર બસની અંદર એક સગીર બાળા પર થયેલા સામૂહીક બળાત્કાર બાબતે રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર અને ઉત્તર પ્રદેશની સરકારને ઘેરી છે. એમણે સવાલ કર્યો છે કે, આટલા બધા કીલોમીટરની યાત્રા દરમિયાન બસ ચેકપોઈન્ટ પર કેમ નહીં ઉભી રાખવામાં આવી. રાહુલ ગાંધીએ દિલ્હી - એનસીઆરમાં મહિલાઓની સુરક્ષા બાબતે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. એમના કહેવા પ્રમાણે ગ્રેટર નોઈડાથી દિલ્હી સુધી બસ નોઈડા - ગ્રેટર નોઈડા એક્સપ્રેસ વે, દિલ્હીના રીંગરોડ અને સરહદ ક્ષેત્ર પરથી પસાર થઈ હતી. આમ છતાં બસમાં તપાસ કરવામાં આવી નહીં. સ્લીપર બસની ચારે તરફ પડદા હોવાને કારણે અંદર શું થઈ રહ્યું છે એ બહાર ખબર પડતી નહોતી. ૨૦૧૨ના નિર્ભયા કાંડ પછી સ્લીપર બસોની યોગ્ય તપાસ કેમ કરવામાં આવતી નથી. શાસકોની નિષ્ફળતા પર પડદો નાખવાની કોશિષ થઈ છે. ઉત્તર પ્રદેશમાં આઈએએસ દિવ્યા મિત્તલના રાજીનામા પછી વિવાદ વધ્યો છે. દિવ્યા મિત્તલના કેસમાં હવે ઉત્તર પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અજય રાયએ રાજ્યપાલ આનંદીબહેન પટેલને પત્ર લખ્યો છે. અજય રાયની માંગણી છે કે, આ ઘટના કેન્દ્ર સરકાર સમક્ષ રજુ કરવામાં આવે કે જેથી પ્રમાણીક અધિકારીઓનું સન્માન જળવાઈ રહે. એમનું મનોબળ તૂટી નહીં જાય અને એમના અનુભવનો લાભ લોકોને મળે. આ બાબતે કેન્દ્ર સરકારે હસ્તક્ષેપ કરવો જોઈએ. અજય રાયનું કહેવું છે કે આઈએએસ દિવ્યા મિત્તલને ફિલ્ડ પરથી હટાવીને મહેસૂલ વિભાગમાં મૂકી દેવામાં આવ્યા હતા જેને કારણે એમણે રાજીનામું આપી દીધું છે. અધિકારીએ રાજીનામું આપવાનું કારણ સ્પષ્ટ કર્યું નથી, પરંતુ વર્ષ ૨૦૧૭ પછી ઉત્તર પ્રદેશમાં અત્યાર સુધીમાં ૧૩ આઈએએસ અધિકારીઓએ ક્યાં તો રાજીનામા આપ્યા છે ક્યાં વીઆરએસ મૂક્યું છે. પાકિસ્તાનના ચીફ ઓફ ડિફેન્સ ફોર્સીસ (સીડીએફ) અને આર્મી ચીફ ફીલ્ડ માર્શલ અસીમ મૂનીર પાકિસ્તાનના અત્યાર સુધીના સૌથી શક્તિશાળી સૈન્ય જનરલ બની ચૂક્યા છે. પાકિસ્તાનની મીલીટ્રી કમાન્ડના ઢાચામાં હમણા જે રીતનો ફેરફાર થયો છે એને કારણે અસીમ મૂનીર સુપર બોસ બની ગયા છે.

**સામાન્ય પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહોની સરખામણીએ EOS-૦૫ ની ક્ષમતા ઘણી અદ્યતન અને વિશિષ્ટ છે. તે અત્યંત ઊંચાઈ પર રહીને દેશના વિશાળ ભૂભાગની વારંવાર અને ઝડપી તસવીરો લેવામાં સક્ષમ છે. આ મિશનથી દેશની કુદરતી આપત્તિ વ્યવસ્થાપન, સુરક્ષા અને કૃષિ ક્ષેત્રે નવી ક્રાંતિ આવવાની પૂરી સંભાવના છે : કુદરતી આપત્તિઓ અચાનક આવે છે અને તેની સ્થિતિ કલાકોમાં બદલાઈ જાય છે. નીચલી ભ્રમણ કક્ષાના સેટેલાઇટ જ્યારે ફરીથી તે સ્થળ પર પહોંચે ત્યાં સુધીમાં મોડું થઈ જાય છે. તેની સામે આ નવો સેટેલાઇટ EOS-૦૫ દર ૫ થી 30 મિનિટમાં તે વિસ્તારની નવી તસવીરો મોકલશે. જેના કારણે બચાવ અને રાહત ઝડપી અને સચોટ બનશે**

# ભારતના પૃથ્વી, જળ, વાયુ ઉપર ઈસરોની નજર

## સ્વદેશી જિયો ઈમેજિંગ સેટેલાઈટ દ્વારા કુદરતી આપત્તીઓ, સરહદી વિસ્તારો અને ઋતુચક્રનું મોનિટરિંગ સરળ થશે

સામાન્ય પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહોની સરખામણીએ EOS-૦૫ ની ક્ષમતા ઘણી અદ્યતન અને વિશિષ્ટ છે. તે અત્યંત ઊંચાઈ પર રહીને દેશના વિશાળ ભૂભાગની વારંવાર અને ઝડપી તસવીરો લેવામાં સક્ષમ છે. આ મિશનથી દેશની કુદરતી આપત્તિ વ્યવસ્થાપન, સુરક્ષા અને કૃષિ ક્ષેત્રે નવી ક્રાંતિ આવવાની પૂરી સંભાવના છે : કુદરતી આપત્તિઓ અચાનક આવે છે અને તેની સ્થિતિ કલાકોમાં બદલાઈ જાય છે. નીચલી ભ્રમણ કક્ષાના સેટેલાઇટ જ્યારે ફરીથી તે સ્થળ પર પહોંચે ત્યાં સુધીમાં મોડું થઈ જાય છે. તેની સામે આ નવો સેટેલાઈટ EOS-૦૫ દર ૫ થી ૩૦ મિનિટમાં તે વિસ્તારની નવી તસવીરો મોકલશે. જેના કારણે બચાવ અને રાહત ઝડપી અને સચોટ બનશે : ભારતની જમીની અને દરિયાઈ સરહદો અત્યંત લાંબી અને સંવેદનશીલ છે.

ઈસરો અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે વધુ એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરવાની તૈયારીમાં છે. ઈસરો ૪ સપ્ટેમ્બરના રોજ શ્રીહરિકોટા સ્થિત સતીશ ધવન સ્પેસ સેન્ટર ખાતેથી એક અત્યંત મહત્વપૂર્ણ અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઇટ લોન્ચ કરવા જઈ રહ્યું છે. આ ઉપગ્રહનું મૂળ નામ GISAT-1A (જિયો ઈમેજિંગ સેટેલાઇટ-૧છ) છે, જેને ઈસરોના નવા નામકરણના નિયમ મુજબ EOS-05 (Earth Observation Satellite-05) તરીકે ઓળખવામાં આવશે. આ સેટેલાઇટનું મુખ્ય કાર્ય અવકાશમાંથી ભારતીય ઉપમહાદ્વીપ અને સરહદી વિસ્તારો પર દિવસ-રાત સતત બાજ નજર રાખવાનું છે. સામાન્ય પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહોની સરખામણીએ EOS-૦૫ ની ક્ષમતા ઘણી અદ્યતન અને વિશિષ્ટ છે. તે અત્યંત ઊંચાઈ પર રહીને દેશના વિશાળ ભૂભાગની વારંવાર અને ઝડપી તસવીરો લેવામાં સક્ષમ છે. આ મિશનથી દેશની કુદરતી આપત્તિ વ્યવસ્થાપન, સુરક્ષા અને કૃષિ ક્ષેત્રે નવી ક્રાંતિ આવવાની પૂરી સંભાવના છે.

ઉલ્લેખનીય છે કે, પૃથ્વીની ભ્રમણકક્ષાઓના પ્રકાર અને EOS-૦૫ નું સ્થાન અવકાશમાં કોઈ પણ ઉપગ્રહને મોકલ્યા પછી તેને પૂર્વ-નિર્ધારિત કક્ષામાં સ્થાપિત કરવામાં આવે છે. સેટેલાઇટ કયા હેતુ માટે કામ કરશે તેના આધારે તેની કક્ષા નક્કી થાય છે. પૃથ્વીનું નિરીક્ષણ કરવા માટે મુખ્યત્વે આ કક્ષાઓનો ઉપયોગ થાય છે. સૌથી પહેલાં તો લો અર્થ ઓર્બિટમાં ઉપગ્રહો છોડવામાં આવે છે. પૃથ્વીની સપાટીથી તેની ઉંચાઈ અંદાજે ૨૦૦થી ૧૨૦૦ કિલોમીટર જેટલી હોય છે. આ ભ્રમણકક્ષાની ખાસિયત એ છે કે, તે પૃથ્વીની અત્યંત નજીક હોવાથી અહીંથી કોઈ ચોક્કસ સ્થળની ખૂબ જ સ્પષ્ટ, વિસ્તૃત અને હાઈ-રિઝોલ્યુશન તસવીરો મેળવી શકાય છે. બીજી તરફ આ કક્ષામાં ઉપગ્રહ પૃથ્વીની આસપાસ ખૂબ ઝડપથી ભ્રમણ કરે છે (આશરે ૯૦ મિનિટમાં એક ચક્કર). આથી, તે કોઈ ચોક્કસ ભૂભાગ પર સતત નજર રાખી શકતો નથી. તે દિવસમાં માત્ર થોડીવાર માટે જ તે વિસ્તાર ઉપરથી પસાર થાય છે. તેથી ઘણા ઉપગ્રહો અહીંયા યોગ્ય પરિણામ આપી શકતા નથી.

બીજી તરફ જિઓસિંક્રોનસ અથવા તો જિઓસ્ટેશનરી ઓર્બિટ નામની ભ્રમણ કક્ષા આવે છે. તે પૃથ્વીની સપાટીથી આશરે ૩૫,૭૮૬ કિલોમીટરની ઉંચાઈએ આવેલી ભ્રમણકક્ષા છે. આ કક્ષાની વિશેષતા એવી છે કે, આ કક્ષામાં ઉપગ્રહ પૃથ્વીના પરિભ્રમણની ગતિ (૨૪ કલાક) સાથે તાલમેલ સાધીને ફરે છે. પરિણામે, પૃથ્વી પરથી જોતાં સેટેલાઇટ આકાશમાં એક જ જગ્યાએ સ્થિર હોય તેવો ભાસ થાય છે. હવામાનની આગાહી કરતા ઉપગ્રહો સામાન્ય રીતે આ જ કક્ષામાં મૂકવામાં આવે છે જેથી વાદળો અને વાવાઝોડાની હિલચાલ સતત નોંધી શકાય. દેશના ઋતુચક્ર અથવા તો હવામાનમાં થતા ફેરફારોનું નિરિક્ષણ કરવા અને તેના માટે એલર્ટ આપવા માટે આ કક્ષામાં



રહેલા ઉપગ્રહોનો ઉપયોગ કરવામાં આવે છે.

ત્યારબાદ આવે છે હાયર જિઓસિંક્રોનસ ઓર્બિટ. તે સૌથી ઉપરની કક્ષા છે. તે અંદાજ ૩૬,૦૦૦ કિ.મી કરતા વધુ ઉંચાઈ ધરાવતી ભ્રમણકક્ષા છે. નવા ઉપગ્રહ EOS-૦૫ને પણ આ જ ભ્રમણકક્ષામાં મુકવામાં આવશે. આ ઉપગ્રહને છોડવા માટેની આ ભ્રમણકક્ષાની વિશેષતા એવી છે કે, તે પૃથ્વીની વિશાળ ઈમેજ બનાવવામાં સરળતા આપે છે. તે ઉપરાંત EOS-૦૫ને પરંપરાગત નીચી કક્ષામાં મૂકવાને બદલે હાયર જિઓસિંક્રોનસ કક્ષામાં સ્થાપિત કરવામાં આવશે. આશરે ૩૬,૦૦૦ કિલોમીટરની ઊંચાઈએથી ઉપગ્રહનો દ્રષ્ટિકોણ ખૂબ વ્યાપક બને છે. ત્યાંથી તે એક વિશાળ વિસ્તારને એકસાથે સતત જોઈ શકે છે. કોઈ એક નાની જગ્યાની ઝીણવટભરી તસવીર લેવાને બદલે સમગ્ર ભારતીય પ્રદેશમાં ઝડપથી થતા ફેરફારો પર સતત નજર રાખવી એ આ કક્ષાનો સૌથી મોટો ફાયદો છે. આ EOS-૦૫ સેટેલાઇટનું વજન આશરે ૨,૩૬૭ કિલોગ્રામ છે. તેમાં અત્યાધુનિક ઓપ્ટિકલ અને ઈન્ફ્રારેડ સેન્સર્સ લગાવવામાં આવ્યા છે, જે વાદળ વગરના વાતાવરણમાં સતત ડેટા મોકલતા રહેશે.

આ સેટેલાઈટની મદદથી ઝડપી આપત્તિ વ્યવસ્થાપન થઈ શકે છે. પૂર, વાવાઝોડું, જંગલની આગ કે ભૂસ્ખલન જેવી કુદરતી આપત્તિઓ અચાનક આવે છે અને તેની સ્થિતિ કલાકોમાં બદલાઈ જાય છે. નીચલી ભ્રમણ કક્ષાના સેટેલાઇટ જ્યારે ફરીથી તે સ્થળ પર પહોંચે ત્યાં સુધીમાં મોડું થઈ જાય છે. તેની સામે આ નવો સેટેલાઈટ EOS-૦૫ દર ૫ થી ૩૦ મિનિટમાં તે વિસ્તારની નવી તસવીરો મોકલશે. જેના કારણે બચાવ અને રાહત દળો જાણી શકશે કે પાણી કઈ તરફ આગળ વધી રહ્યું છે અથવા આગ કેટલી ફેલાઈ છે, જેથી ત્વરિત પગલાં લઈ શકાય. કુદરતી અને માનવસર્જિત આપત્તીઓમાં આ સેટેલાઈટ દ્વારા ખૂબ જ સચોટતાપૂર્વક કામ થઈ શકે છે.

ભારત માટે સૌથી મહત્ત્વની વાત છે તેની રાષ્ટ્રીય સરહદોની રિયલ ટાઈમ સુરક્ષા કરવી. તેના માટે આ સેટેલાઈટ ખૂબ જ ઉપયોગી સાબિત થશે. ભારતની જમીની અને દરિયાઈ સરહદો અત્યંત લાંબી અને સંવેદનશીલ છે. હિમાલયના દુર્ગમ પહાડી વિસ્તારો કે અરબી સમુદ્ર અને હિંદ મહાસાગરમાં દરેક ક્ષણે ગ્રાઉન્ડ પેટ્રોલિંગ શક્ય બનતું નથી. અવકાશમાંથી મળતી રિયલ-ટાઈમ તસવીરો સરહદ પાર થતી કોઈપણ અસામાન્ય હિલચાલ, બાંધકામ કે ઘૂસણખોરીની માહિતી સુરક્ષા દળોને તાત્કાલિક પૂરી પાડશે. ખાસ કરીને ચીન, પાકિસ્તાન અને બાંગ્લાદેશ સરહદે સૌથી વધારે હિલચાલ થતી હોય છે. ચીન દ્વારા ભારતની સરહદો નજીક મોટા મોટા સેન્ટરો, સૈન્ય મથકો અને અન્ય બાંધકામો કરવામાં આવે છે. તેવી જ રીતે બાંગ્લાદેશમાંથી પણ મોટાપાયે ઘુસણખોરી થતી હોય છે. આ તમામ કામગીરી ઉપર હવે વધારે સચોટ રીતે નજર રાખવામાં આવશે અને તાકીદે પગલા લેવામાં પણ સરળતા રહેશે.

કૃષિ અને પાક સર્વેક્ષણ સેક્ટરમાં પણ આ સેટેલાઈટની મદદ મેળવી શકાશે. દેશના વિશાળ ખેતીલાયક વિસ્તારોમાં પાકની સ્થિતિ, દુષ્કાળની અસર, જમીનમાં ભેજનું પ્રમાણ અને સિંચાઈ વ્યવસ્થાની દેખરેખ માટે આ સેટેલાઇટનો ડેટા ઉપયોગી થશે. તેના હાઈપર-સ્પેક્ટ્રલ કેમેરા પાક પર આવતા રોગચાળાને વહેલી તકે ઓળખવામાં મદદ કરશે. તે ઉપરાંત જમીનોની સ્થિતિ, વરસાદ, વાતાવરણમાં પલટો અને ખેતી સાથે જોડાયેલી અન્ય બાબતોની અવકાશી માહિતી મળતી રહેશે જેના પગલે ખેડૂતોને લાભ થશે અને સરકાર પણ યોગ્ય રીતે મોનિટરિંગ કરી શકશે. આ સિવાય પર્યાવરણ અને જંગલોનું રક્ષણ કરવામાં સરળતા રહેશે. જંગલોની ગેરકાયદે કાપણી, જંગલમાં લાગતી દાવાનળની ઘટનાઓ, નદીઓના વહેણમાં થતા ફેરફારો અને જળાશયોના જળસ્તરની માહિતી મેળવવામાં આ સેટેલાઈટ મહત્વની ભૂમિકા ભજવશે.

જાણકારોના મતે ઈસરોને GISAT-1 (EOS-03) છોડવા દરમિયાન અને તેની સાથે કામ કરવા દરમિયાન જે અનુભવો થયા અને તે દરમિયાન જે પડકારો આવ્યા તેમાંથી ઘણું શિખવા મળ્યું હતું. ઓગસ્ટ ૨૦૨૧ માં મોકલવામાં આવેલા GISAT-1 (EOS-03) મિશનનું હવે EOS-૦૫ અદ્યતન રિપ્લેસમેન્ટ બની શકે તેમ છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૨૧ મિશનની ઘણી ટેકનિકલ ખામીઓ હતી. ત્યારે ૧૨ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ GSLV-F10 રોકેટ દ્વારા GISAT-1 લોન્ચ કરવામાં આવ્યું હતું. પ્રથમ અને બીજા તબક્કાની કામગીરી સામાન્ય રહી હતી, પરંતુ ત્રીજા તબક્કામાં રહેલા ક્રાયોજેનિક અપર સ્ટેજ (Cryogenic Upper Stage - CUS)માં ટેકનિકલ ખામી સર્જાઈ હતી. ઈસરોની તપાસ સમિતિના રિપોર્ટ મુજબ, લિક્વિડ હાઈડ્રોજન ટેન્કના વેન્ટ એન્ડ રિલીફ વાલ્વ (VRV)માં લીકેજ થવાના કારણે જરૂરી દબાણ સર્જાઈ શક્યું ન હતું, જેના લીધે એન્જિન યોગ્ય રીતે કાર્ય કરી શક્યું નહીં અને મિશન નિષ્ફળ ગયું હતું. તેને ધ્યાનમાં રાખીને વ્યાપક રીતે નવા સુધારાઓ કરવામાં આવ્યા છે. લગભગ પાંચ વર્ષના ઊંડા સંશોધન અને સઘન ગ્રાઉન્ડ ટેસ્ટિંગ પછી ઈસરોના વૈજ્ઞાનિકોએ ક્રાયોજેનિક સ્ટેજના તમામ વાલ્વ, સીલિંગ મિકેનિઝમ અને પ્રેશરાઈઝેશન સિસ્ટમને વધુ મજબૂત બનાવી છે. તે જ ક્ષમતાઓને હવે EOS-૦૫ સ્વરૂપે સંપૂર્ણપણે સુરક્ષિત રીતે પુનર્જીવિત કરવામાં આવી રહી છે.

ખાસ વાત એ છે કે, GSLV-F17/EOS-05 મિશન માત્ર એક નવો ઉપગ્રહ મોકલવા પૂરતું સીમિત નથી, પરંતુ ઈસરો માટે એક મહત્વપૂર્ણ વળાંક સમાન છે. ઈસરો દ્વારા સાત મહિનાના મોટા ગેપ બાદ મોટું લોન્ચ કરાઈ રહ્યું છે. આ વર્ષે જાન્યુઆરીમાં PSLV-C 62 મિશન દરમિયાન આવેલી તકનીકી અડચણ પછી ઈસરોનું આ પ્રથમ મોટું લોન્ચિંગ છે. તેમાંય GSLV રોકેટની વિશ્વસનીયતા તપાસવાની છે. ઈસરોના GSLV માર્ક-૨ રોકેટમાં સ્વદેશી ક્રાયોજેનિક એન્જિનનો ઉપયોગ થાય છે.

આ મિશનની સફળતા ભવિષ્યના મહત્વકાંક્ષી મિશનો જેમ કે NVS-03 (નેવિગેશન સેટેલાઈટ) અને ગગનયાન પ્રોજેક્ટના ટેસ્ટિંગ માટે નવો આત્મવિશ્વાસ પૂરો પાડશે. સૌથી મોટી બાબત છે સ્પેસ સેક્ટરમાં આત્મનિર્ભરતા.

ભારત સામાન્ય રીતે વિદેશી ઉપગ્રહો કે નીચી કક્ષાના ડેટા પર આધાર રાખતો હતો, પરંતુ જિઓ-ઈમેજિંગ ક્ષમતા હાંસલ થતાં ભારત વિશ્વના તે ગણ્યાગાંઠ્યા દેશોની યાદીમાં સામેલ થશે જેઓ પોતાની સરહદોનું અવકાશમાંથી સતત લાઈવ મોનિટરિંગ કરી શકે છે. હવે EOS-05 (GISAT-1A)નું સફળ પ્રક્ષેપણ ભારતની અવકાશ ક્ષમતાને એક નવા યુગમાં લઈ જશે, જે સુરક્ષા દળો અને સામાન્ય નાગરિકો બંને માટે સુરક્ષા કવચ સમાન સાબિત થશે.

# શ્રાવણ માસમાં શિવ મહિમા : કાળના પણ કાળ-શ્રી મહાકાળેશ્વર ત્રીજા જ્યોતિર્લિંગની દિવ્ય અલૌકિક ઝલકનો મહિમા



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)



આવતીકાલે સમગ્ર દેશમાં ૫૨૫૩મો કૃષ્ણ જન્મોત્સવ જન્માષ્ટમીનો ઉલ્લાસ છવાશે,જેનો આનંદ આજે પણ દરેક ભારતીય હ્રદયમાંઅકબંધ છે.તો આજે શીતળા સાતમ, સ્વચ્છતાની અધિષ્ઠાત્રી દેવીનો પાવન તહેવાર છે. તહેવારોના આ સંગમ ટાણે જ્યારે ભક્તિ અને પવિત્રતાનો સંચાર ચારેકોર છે, ત્યારે ચાલો આપણે શિવ મહિમામાં એક એવા ધામની યાત્રા કરીએ, જ્યાં સમય પણ થંભી જાય છે. એ છે ઉજ્જૈન નગરીના અધિપતિ, બાર જ્યોતિર્લિંગમાં ત્રીજા અને સૌથીજાગૃત એવા શ્રી મહાકાલેશ્વર જ્યોતિર્લિંગની કથા.

ભારતના હ્રદય સમાન મધ્યપ્રદેશના પ્રાચીન અને પવિત્ર શહેરઉજ્જૈનમાં પવિત્ર શિપ્રા નદીના કિનારે શ્રી મહાકાલેશ્વરનું ભવ્ય શિવાલય આવેલું છે. પુરાણો અનુસાર શિવ એકવાર બ્રહ્મા અને વિષ્ણુ વચ્ચે શ્રેષ્ઠતા સિદ્ધ કરવા માટે પ્રકાશના અનંત અગ્નિ સ્તંભ - જ્યોતિર્લિંગ સ્વરૂપે પ્રગટ થયા હતા. જ્યાં જ્યાં આ દિવ્ય પ્રકાશ પ્રગટ થયો તે બાર સ્થાનો જ્યોતિર્લિંગ તરીકે પૂજાયા.

મહાકાલેશ્વર તે બારમાંનું એકમાત્ર એવું જ્યોતિર્લિંગ છે જે *સ્વયંભૂ છે. અર્થાત તેની સ્થાપના માનવ હાથે નથી થઈ, પરંતુ તે પોતાની અંદરથી જ શક્તિના પ્રવાહો ઉત્પન્ન કરે છે.

*એકમાત્ર દક્ષિણામુર્તિ બારજ્યોતિ લિંગોમાં ફક્ત મહાકાલેશ્વર જ દક્ષિણ તરફ મુખ ધરાવે છે. તાંત્રિક પરંપરા અનુસાર દક્ષિણ દિશાએ કાળની દિશા છે, અને તેના સ્વામી હોવાથી શિવ અહીં મહાકાલ કહેવાયા આ સ્વરૂપ મોક્ષદાયી અને તંત્ર સાધના માટે શ્રેષ્ઠ મનાય છે.

*ત્રિલોકનું મંદિર આ મંદિરની રચના પાંચ સ્તરોમાં છે, જેમાં એક સ્તર ભૂગર્ભમાં છે. ભૂગર્ભ ગર્ભગૃહમાં મહાકાલેશ્વર,તેની ઉપરના ગર્ભગૃહ માં ઓમકારેશ્વર મહાદેવ, અને ત્રીજા માળે નાગચંદ્રેશ્વર મહાદેવ બિરાજે છે. નાગચંદ્રેશ્વરના દર્શન વર્ષમાં માત્ર એક જ વાર નાગ પંચમીના દિવસે થાય છે. ગર્ભગૃહની આસપાસ પશ્ચિમમાં ગણેશ, ઉત્તરમાં પાર્વતી, પૂર્વમાં કાર્તિકેય અને દક્ષિણમાં વાહન નંદીની મૂર્તિઓ સ્થાપિત છે.

*પુનઃ અર્પણનો મહિમા મહાકાલ મંદિરની એક અનોખી પરંપરા છે. અન્ય તમામ મંદિરોથી વિપરીત, અહીં દેવતાને અર્પણ કરેલો પ્રસાદ અન્ય ભક્તને ફરીથી પ્રસાદ તરીકે અર્પણ કરી શકાય છે. તેની પવિત્રતા ક્યારેય ઓછી થતી નથી.

*શિખર અને આંગણું પિત્તળના દીવાઓથી ઝળહળતા ભૂગર્ભ માર્ગ, શિલ્પકળાથી શણગારેલું ગગનચુંબી શિખર અને તળાવને અડીને આવેલું વિશાળ દિવાલોથી ઘેરાયેલું આંગણું ભક્તને આદિકાળ ના વિસ્મયનો અનુભવ કરાવે છે.

મહાન સંસ્કૃત કવિ કાલિદાસે પોતાના ગ્રંથ 'મેઘદૂતમ્' માં મહાકાલ ની સંધ્યા આરતીનાદ-આરાધનાનું વર્ણન કર્યું છે. ઈ.સ. ૧૨૩૪-૩૫માં ઈલ્તુત્મિશના આક્રમણમાં આ પ્રાચીન મંદિરનો નાશ થયો હતો અને જલાધારીને કોટિતીર્થ કુંડમાં ફેંકી દેવામાં આવી હતી.બાદમાં ખલજી વંશના હુમલા ઓ પણ થયા. આખરે ૧૮મી સદીમાં મરાઠા શાસન દરમિયાન મરાઠા દિવાન રામચંદ્ર સુકથંકર દ્વારા તેનું ભવ્ય પુનઃનિર્માણ કરવા માં આવ્યું.

આજે પણ મધ્યપ્રદેશમાં બે જ્યોતિર્લિંગ છે - ઉજ્જૈનમાં મહાકાલેશ્વર અને લગભગ ૧૪૦ કિ.મી.દૂર ઓમકારેશ્વર.

શ્રાવણ અને ભાદરવા મહિનામાં નીકળતી 'મહાકાલ કી સવારી' એ એક અદભુત દ્રશ્ય છે. પોલીસ દ્વારા ભગવાનને ગાર્ડ ઓફ ઓનર અપાય છે,પછી શણગારેલી પાલખીમાં મહાકાલેશ્વર નગર ભ્રમણ કરે છે. ભક્તો નાચતા-ગાતા શિપ્રા ઘાટ સુધી જાય છે જ્યાં પવિત્ર પૂજા સાથે સવારી પૂર્ણ થાય છે. મહા શિવરાત્રિ પર તો અહીં આખી રાત પૂજા અને વિશાળ મેળો ભરાય છે.

મહાકાલ માત્ર એક મંદિર નથી, તે ઉજ્જૈનના જનજીવનનો શ્વાસ છે. તે સમયના પ્રમુખ દેવતા છે, જે આધુનિકતાની ભીડમાં પણ આપણને આપણી સનાતન પરંપરા સાથે જોડી રાખે છે. જે કોઈ એકવાર મહાકાલના દરબારમાં શીશ ઝુકાવે છે, તેના કાળના ભયનું નિવારણ થાય છે.જય શ્રી મહાકાલ!*

# સૌનાં તનમનને શીતળ રાખતો શીતળા સાતમનો તહેવાર છે! પણ ઋતુ પ્રમાણે એને અનુસરવું!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે દેવોના દેવ મહાદેવ.

સૌનાં હ્રદયમાં કરુણા રૂપે રહેલાં આપનાં સૌમિત્રી સ્વરૂપને મારા સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. રક્ષાબંધનનો તહેવાર જતાં જ તહેવારોની મોસમ શરૂ થઈ હોય એમ કાજળી, બોળ ચોથ, નાગ પાંચમ, રાંધણ છઠ્ઠ, અને આજે શીતળા સાતમ, અને જન્માષ્ટમીનાં તહેવારનો ઉત્સાહ લોક હ્રદયમાં હિલોળા છે! સુધરેલા સમાજને આમ તો હવે આવાં ઉત્સવની રાહ જોવી પડતી, અને વારેવારે કારણો ગોતી પાર્ટી કરતાં હોય છે,પણ પાર્ટી અને તહેવારમા ફેર છે! આવા તહેવાર પાછળ કોઈ પૌરાણિક કે ધાર્મિક કારણ પણ હોય છે, અને એટલે એમાં ભાવ પણ ભળે છે, અને એ હિસાબે જોકે પપ્પા કહેતા ટાઢું ખાવું એ ચોમાસાની ઋતુમાં હિતાવહ નથી, અને એટલે અમારાં ઘરમાં ટાઢું ખવાતું નથી. આ શ્રાવણ એ આપણે કલ્યાણ રૂપે શિવને હ્રદયમાં સ્થાપિત કરી સૌની માટે કલ્યાણ કેળવી શકીએ.. અને એટલે શિવ પુરાણમાં આગળ..

શત રુદ્ર સંહિતામાં મહાકાલનાં 10 અવતારનું તથા એકાદશ રુદ્ર અવતારનું વર્ણન આવે છે. મહાકાલનાં દસ અવતાર અને તેની અર્ધાંગિની શક્તિનું અનન્ય સ્વરૂપને લઈને તંત્ર માર્ગની મુખ્ય સાધનામાં એની પૂજા આરાધના કે સાધના કરવામાં આવે છે! મહાકાલનાં પ્રથમ અવતારને મહાકાલ જ કહેવામાં આવે છે, અને એની શક્તિ મહાકાલી કહેવાય છે,જે ભોગ અને મોક્ષ તેમજ તમામ મનોકામના પૂર્ણ કરવા માટે સાધક મહાકાલની સાધના કરે છે. મહાકાલનો બીજો અવતાર તાર નામે ઉદ્ઘાટિત થયો, અને તેની શક્તિ સ્વરૂપાનું નામ તારા છે, જે ભક્તિ મુક્તિના પ્રદાતા તેમજ પોતાનાં સેવકો માટે હંમેશા સુખદાયક વરદાન આપનારાં છે. બાલભુવનેશ નામનો મહાકાલનો ત્રીજો અવતાર એમાં બાલા ભુવનેશી નામે પરાઅંબા શક્તિનો પણ અવતાર થયો. જે સજ્જન દુર્જનનાં ભેદને પારખે છે, અને પછી સુખ તરફ તેની સદગતિ કરે છે. ચોથો મહાકાલ અવતાર 'ષોડસ શ્રી વિદ્યેશ' અને ષોડસી શ્રીવિદ્યા શિવા નામે ઓળખાય છે જે સાધકોના વિદ્યા ના પંથે દોરી મોક્ષ પ્રદાયક છે. પાંચમો અવતાર ભૈરવ ! અને એની શક્તિનું નામ ભૈરવી ગિરિજા જે મનોકામના પૂર્ણ કરનારાં છે. મહાકાલનો છઠ્ઠો અવતાર છિન્ન મસ્તક નામે કહેવાય છે, અને એની શક્તિ છિન્નમસ્તા છે, અને જે શત્રુ બુદ્ધિનો વિનાશ કરનાર છે. મહાકાલનો સાતમો અવતાર ધૂમવાન છે, અને એમની પ્રિયા શિવા ધૂમાવતી થયાં, જે ઉપાસકોની શ્રેષ્ઠતમ લાલસા પૂર્ણ કરનારા છે. શિવ રુપે મહાકાલ નો આઠમો અવતાર બગલામુખ, અને એમની સખી શક્તિ આનંદદાયી બગલામુખી નામે તંત્ર માર્ગ માટે વિખ્યાત છે. નવમો અવતાર માતંગ નામે ઓળખાય છે અને સાધકની સંપૂર્ણ અભિલાષા ને પૂર્ણ કરનારા માતંગી કહેવાયા. મહાકાલનો દસમો કમલ અવતાર ભક્તિ મુક્તિ દાતાર અને કર્મ ફળને ભૂલીને ભક્તની ભીડ ભાંગે છે, અને એમની શક્તિ ગિરિજા કમલા કહેવાયા. નંદીશ્વર કહે છે હે મુનિઓ શંકરરૂપી મહાકાલના આદસે અવતારની કથા નિર્વિકાર ભાવે સાંભળે છે, અને એમની સેવાર્થના કરે છે, એમને એ નિત્ય વિવિધ પ્રકારનાં સુખ આપતા રહે છે, અને એમની શક્તિઓનો તંત્ર સાધનામાં અદભુત મહિમા છે, ભગવાન શિવ કે મહાકાલ નિર્લેપ અને અલિપ્ત છે, જ્યારે એમની અર્ધાંગિની શક્તિઓ સર્વકામ પ્રદ હોવાથી, નિત્ય દ્રુષ્ટોને દંડ દેનારી અને બ્રહ્મ તેજથી વિશેષ રૂપે સદા વૃદ્ધિ કરનારી છે.

ભગવાન નંદીશ્વર સનતકુમારને આગળ કહે છે, હે મુનિ હવે હું શંકર રુપી રુદ્રનાં એકાદશ અવતારોનું કથાનક કહું છું, એ તમે ધ્યાનથી સાંભળો, કારણ કે એનું શ્રવણ કરવાથી અસત્યથી પ્રેરિત જેટલા વિકારોનું પાપ છે, એ પણ પીડા પહોંચાડી શકતું નથી. પૂર્વકાલીન સમયની વાત છે, એકવાર ઈન્દ્ર અને બધાં દેવતા દૈત્યોથી પરાજિત થઈ અને સ્વર્ગ એટલે કે અમરાવતી છોડીને ભાગીને કશ્યપ ઋષિ પાસે આવી ગયા! કશ્યપ ઋષિને એમણે એમના દુઃખ દર્દ અને છીનવાઈ ગયેલા ભોગની વાત કહી! પણ કશ્યપ ઋષિ વૈરાગી હતાં! એટલે એમને બહુ દુઃખ થયું નહીં અને એ વિશ્વનાથની નગરી કાશી જતાં રહ્યાં અને એ ઉમા સહિત ભગવાન સર્વેશ્વર વિશ્વનાથ શિવની પૂજા અર્ચના કરવા લાગ્યા, અને એક શિવલિંગની સ્થાપના પણ કરી. પોતે તો વૈરાગી હતાં છતાં દેવતાઓના સુખ માટે શિવને આરાધતા હતાં. નિષ્કામ ભાવની ભક્તિથી ભગવાન પ્રસન્ન થયા અને વરદાન માંગવા કહ્યું, ત્યારે એમણે કહ્યું કે મહાબલી દૈત્યો એ દેવતાઓ નું રાજ છીનવી લીધું છે, એટલે આપ મારા પુત્ર બનીને દેવતાઓનું રાજ પાછું અપાવો અને એમ સૌ માટે આનંદદાતા બનો. ભગવાન શિવ એ એમને તથાસ્તુ કહ્યું.

કશ્યપ ઋષિ હરખભેર પોતાના નિવાસ્થાને પહોંચ્યાં, કશ્યપ ઋષિ બ્રહ્મા નાં માનસ પુત્ર હતા, એમને 13 પત્ની હતી, અને એનાથી અદિતી થી એમને બાર આદિત્ય, અને 33 મુક્કોડી દેવતા, દીતિ થી દૈત્ય વરુથીની થી ગરુડ કદ્રુ થી નાગ અને બ્રહ્માનાં મુખમાંથી નીકળેલી સુરભી ગાયથી એકાદશ રુદ્રનો જન્મ થયો આમ દેવ, દૈત્ય, નાગ, ગંધર્વ, ગરુડ જેવી કેટલીય પ્રજાતિનો વિસ્તાર થયો! માનવ અને ગાય ! વિચારવાથી પણ વિચિત્ર લાગે એવી વાત છે, પણ આ વાત પૃથ્વીનાં પ્રારંભ કાળની વાત છે, અને જ્યારે સમગ્ર સૃષ્ટિનાં નિર્માણ માટે વૈજ્ઞાનિક સિદ્ધાંતોથી પરે લાગે એવી ઘટના પણ ઘટી છે! પરંતુ અંતમાં આ કથાનક કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે કીડી હોય કે હાથી કે પછી અન્ય પ્રાણી, અંતે તો એ જીવ ઈશ્વર રૂપ શિવનું જ સંતાન છે ને !

સુરભીને પેટે અવતરેલ અગિયાર રુદ્રનાં નામ, કપાલી, પિંગલ, ભીમ, વિરૂપાક્ષ, વિલોહિત, શાસ્તા, અજપાદ, અહિબુર્ધન્ય, શંભુ, ચંડ, અને ભવ. આ અગિયારે અગિયાર રુદ્ર સુરભીનાં પુત્ર છે. એ તમામ કશ્યપ નંદન વીરવર બલ પરાક્રમી, એમણે સંગ્રામમાં દેવતાઓની સહાય કરીને દૈત્યોનો સંહાર કર્યો, અને દેવતાઓ નિશ્ચિંત થઈને પોત પોતાનાં રાજ ધર્મ અને ભોગ સુખ ભોગવવામાં વ્યસ્ત થઈ ગયાં પણ આજ સુધી એ અગિયાર રુદ્ર એમની રક્ષા માટે સદા સ્વર્ગમાં બિરાજમાન રહે છે. આગળનાં અધ્યાયમાં દુર્વાસા અને હનુમંત અવતારની વાત આવે છે અને એમણે વિષ્ણુના રામાવતારમાં મદદ કરી હતી! એ વાત આપણે જાણીએ છીએ!

# સિવિલ હોસ્પિટલમાં ૨૫૩મું સફળ અંગદાન: સ્વજન ગુમાવવાની પીડા વચ્ચે પરિવારે એક લીવર અને બે આંખોનું દાન કર્યું

## પોતે કિડની ફેઈલ્યોરની વેદના ભોગવનાર દીલીપભાઈના પરિવારે બ્રેઈનડેડ બાદ લીવર-આંખોનું દાન કરી ત્રણ જીવન રોશન કર્યા

**અમદાવાદ, તા.02**

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં માનવતાની વધુ એક અત્યંત પ્રેરણાદાયી ઘટના સામે આવી છે. મૂળ બોટાદના અને હાલ અમદાવાદ ખાતે રહેતા ૫૪ વર્ષીય દીલીપભાઈ માંડલીયા બ્રેઈનડેડ જાહેર થતાં તેમના પરિવારજનોએ લીવર અને બંને આંખોનું દાન કરવાનો માનવતાભર્યો નિર્ણય લીધો હતો. આ અંગદાનથી એક જરૂરિયાતમંદ દર્દીને લીવર મારફતે નવું જીવન અને બે વ્યક્તિઓને આંખો મારફતે નવી દૃષ્ટિ પ્રાપ્ત થશે.

સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. રાકેશ જોષીએ ઘટના અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે, ૫૪ વર્ષીય દીલીપભાઈ છેલ્લા છ મહિનાથી કિડની ફેઈલ્યોરની ગંભીર પીડા ભોગવી રહ્યા હતા અને અઠવાડિયામાં ત્રણ વખત ડાયાલિસીસ કરાવતા હતા. તા. ૩૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ તેઓ અચાનક ઘરે બેભાન થઈ જતાં પરિવારજનો તેમને સઘન સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે લાવ્યા હતા. તબીબી તપાસ દરમિયાન તેમને બ્રેઈન હેમરેજ હોવાનું નિદાન થયું હતું, જેથી ICUમાં તબીબોની ટીમ દ્વારા તેમને સઘન સારવાર આપવામાં આવી હતી. જોકે, તબીબી પ્રયાસો છતાં તેમની સ્થિતિમાં કોઈ સુધારો ન થતાં તા. ૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ તબીબો દ્વારા તેમને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા હતા.



તબીબો દ્વારા બ્રેઈનડેડ જાહેર કરાયા બાદ સિવિલ હોસ્પિટલની અંગદાન ટીમના ડૉ. ભાવેશ પ્રજાપતિ દ્વારા દીલીપભાઈના પત્ની અને મોટાભાઈને બ્રેઈનડેડ અવસ્થા તથા અંગદાનના મહત્ત્વ અંગે વિગતવાર સમજણ આપવામાં આવી હતી. દીલીપભાઈ પોતે છેલ્લા છ મહિનાથી કિડની ફેઈલ્યોરની અસહ્ય પીડા ભોગવી રહ્યા હોવાથી તેમનો પરિવાર અંગ ફેઈલ્યોર દર્દીઓની તકલીફો અને અંગ પ્રત્યારોપણના મહત્ત્વથી પરિચિત હતો. આથી અન્ય કોઈ અંગફેઈલ્યોર દર્દીને નવું જીવનદાન મળી શકે તેવા ઉદાત હેતુથી પરિવારે ક્ષણભરનો પણ વિલંબ કર્યા વિના અંગદાન માટે સહર્ષ સંમતિ આપી હતી.

દીલીપભાઈના પરિવારના આ ઉમદા નિર્ણયને બિરદાવતાં અમદાવાદ સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, "દીલીપભાઈ પોતે કિડની ફેઈલ્યોરની પીડા અને ડાયાલિસીસની મુશ્કેલીમાંથી પસાર થઈ રહ્યા હતા. તેથી તેમના પરિવારજનો અંગ ફેઈલ્યોર દર્દીઓની વેદના ખૂબ સારી રીતે સમજતા હતા. પોતાના સ્વજનને ગુમાવવાની અસહ્ય ઘડીમાં પણ તેમણે અન્ય દર્દીના જીવનને બચાવવા માટે અંગદાન કરવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય ખરેખર માનવતાનું ઉત્તમ ઉદાહરણ છે."

દાનમાં પ્રાપ્ત થયેલા લીવરનું પ્રત્યારોપણ સિવિલ મેડિસિટી કેમ્પસ સ્થિત કિડની હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા જરૂરિયાતમંદ દર્દીમાં કરવામાં આવશે. જ્યારે દાનમાં મળેલી બંને આંખો સિવિલ મેડિસિટી કેમ્પસની એમ. એન્ડ જે. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઑપ્થેલ્મોલોજી દ્વારા સ્વીકારવામાં આવી છે.

સિવિલ હોસ્પિટલ દ્વારા આરોગ્ય વિભાગના સહયોગથી અંગદાન ક્ષેત્રે કરવામાં આવી રહેલી કામગીરીની રૂપરેખા આપતાં ડૉ. રાકેશ જોશીએ વધુમાં ઉમેર્યું હતું કે, અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે અત્યાર સુધીમાં કુલ ૨૫૩ અંગદાતાઓ પાસેથી ૮૩૬ અંગોનું દાન પ્રાપ્ત થયું છે. આ ઉપરાંત ૨૦૨ ચક્ષુ અને ૪૮ ચામડી (સ્કિન) સહિત કુલ ૨૫૦ પેશીઓનું દાન મળ્યું છે. આમ, આજદિન સુધી સિવિલ હોસ્પિટલ ખાતે ૨૫૩ અંગદાતાઓના માધ્યમથી કુલ ૧૦૮૬ અંગો અને પેશીઓનું દાન પ્રાપ્ત કરી અગણિત લોકોને નવજીવન અને દૃષ્ટિ આપવાનું ભગીરથ કાર્ય કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, અમદાવાદ સિવિલ હોસ્પિટલને અત્યાર સુધીમાં મળેલા અંગદાનમાં ૨૨૭ લીવર, ૪૬૬ કિડની, ૨૧ સ્વાદુપિંડ, ૮૦ હૃદય, ૩૪ ફેફસાં, ૬ હાથ અને ૨ નાનાં આંતરડાંનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૨૦૨ ચક્ષુઓ અને ૪૮ ચામડીનું દાન પણ સફળતાપૂર્વક મેળવવામાં આવ્યું છે.




લીમપુર ગામે નાગપંચમીની ઉજવણી............ મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના લીમપુર ગામે શિવ પ્રિય શ્રાવણ માસના વદ પાંચમને મંગળવાર તારીખ:- 1/9/2026 ના રોજ આ વર્ષે પણ પારંપારિક રીતે શ્રી ભાનુભાઈ કે.ચૌધરીના શ્રી રાજ રાજેશ્વરી મા મેલડી,મા વિહત,મા મહીસાગર તેમજ મા અર્બુદા માતાના મઢમાં સ્થાપિત ગોગા મહારાજના સ્થાનકે ભૂદેવ શ્રી ભરતભાઈ એ. પંડ્યા દ્વારા નાગપંચમી નું વિશેષ મહત્વ સમજાવવામાં આવેલ કે નાગદેવતા એ ધરતીના રક્ષક,ધનના સંરક્ષક તેમજ કુળના પાલનહાર છે જેથી નાગદેવતાને વંદન તેમજ પૂજન અર્ચન કરવામાં આવે છે. યજમાન શ્રી ના હસ્તે ગોગા મહાદેવને કુલેર,દૂધ, સાકર તેમજ નૈવેદ્ય ધરાવી રક્ષણ માટે ક્ષમાયાચના કરવામાં આવે છે.આજુબાજુ વિસ્તારના અનેક ભાવિક ભક્તોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આરતી તેમજ દર્શનનો લાભ લીધો હતો.........(ભરતભાઈ એ.પંડ્યા. દીવડા કોલોની.)

# વરાછાનો વેબ ડેવલપર સાયબર માફિયાઓની જાળમાં ફસાયો

- બોગસ વેબસાઈટ પર રજિસ્ટ્રેશન કરાવી 22 ટ્રાન્ઝેક્શનથી 26 લાખ ગુમાવ્યા, ઊંચા વળતરની લાલચ આપી હતી

**સુરત, તા.02**

સુરતના વરાછામાં સ્વામિનારાયણ નગરમાં રહેતા અને વેસુની સ્ટાર બાઈટ કંપનીમાં કાર્યરત 28 વર્ષીય વેબ ડેવલપર પાર્થ નરેશભાઈ માંગુકિયા (મૂળ લાખણકા, ગઢડા, બોટાદ) સાયબર ઠગોનો શિકાર બન્યા છે. IT ક્ષેત્ર સાથે સંકળાયેલા હોવા છતાં, 3 જાન્યુઆરીએ ટેલિગ્રામ પર 'રૂહી' નામની આઈડી પરથી આવેલા વર્ક-ફ્રોમ-હોમના મેસેજમાં તેઓ ફસાયા હતા. શરૂઆતમાં શેરચેટ રીલ્સ જોઈને રિવ્યુ આપવા જેવો સામાન્ય ટાસ્ક પૂરો કરવા બદલ ખાતામાં 150 જમા થતાં હતા. એટલે ટેક બેકગ્રાઉન્ડ ધરાવતા યુવકનો વિશ્વાસ જીતી લેવામાં આવ્યો હતો.



વિશ્વાસ કેળવ્યા બાદ સ્કેમર્સે વેબ ડેવલપર પાર્થને 'SENIOR GROUP 30' નામના ટેલિગ્રામ ગ્રુપમાં ઉમેરીને ઊંચા વળતરની લાલચ આપી હતી. વિવાન અને દીપક નામના શખસોએ એક બોગસ ઈન્વેસ્ટમેન્ટ વેબસાઈટ પર તેનું રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. વેબસાઈટ ડેવલપમેન્ટ ક્ષેત્રમાં હોવા છતાં આ ફેક પ્લેટફોર્મના એલ્ગોરિધમ અને દેખાતી નકલી પ્રોફિટ સ્ક્રીનની જાળમાં પાર્થ આવી ગયો હતો. તેણે વધુ વળતરની લાલચમાં તબક્કાવાર 22 બેંક ટ્રાન્ઝેક્શન કરી 26.12 લાખથી વધુની મૂડી અજાણ્યા ખાતાઓમાં ટ્રાન્સફર કરી દીધી હતી.

વેબસાઈટ પર દર્શાવવામાં આવતો મોટો નફો અને પોતાના રોકાણના નાણાં ઉપાડવા જ્યારે વેબ ડેવલપરે પ્રયાસ કર્યો, ત્યારે ઠગોએ ટેકનિકલ બહાનાઓ કાઢવાનું શરૂ કર્યું હતું. તેમણે વિડ્રોઅલ અરજી રિજેક્ટ થઈ હોવાનું જણાવી KYC વેરિફિકેશનના નામે વધુ પૈસાની માંગણી કરી હતી. સમગ્ર સિસ્ટમ બોગસ હોવાનું અને પોતે સાયબર ટ્રેપમાં ફસાઈ ચૂક્યા હોવાનું ભાન થતાં જ પાર્થે સુરત સાયબર સેલમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ ગંભીર મામલે ડિજિટલ ટ્રેસિંગ દ્વારા આગળની તપાસ હાથ ધરી છે.

# BOIના નામે કાપડ વેપારીને બોગસ KYC ફાઈલ મોકલી ખાતું સાફ

## કોલાબા પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટર તરીકે ખોટી ઓળખ આપી 5 દિવસ ડિજિટલ અરેસ્ટ રાખી 30.50 લાખ પડાવ્યા

**સુરત, તા.02**

સુરત શહેરમાં સાયબર ગઠિયાઓ અલગ-અલગ મોડસ ઓપરેન્ડી અપનાવી નિર્દોષ નાગરિકોને શિકાર બનાવી રહ્યા છે. અડાજણ વિસ્તારમાં રહેતા એક રહીશને નકલી પોલીસ અને એજન્સીઓનો ડર બતાવી 5 દિવસ સુધી ડિજિટલ અરેસ્ટ રાખી 30,50,000 પડાવી લેવાયા હતા. જ્યારે અન્ય એક કિસ્સામાં પુણાગામના કાપડ વેપારીને બેંક ઓફ ઈન્ડિયાના નામે વોટ્સએપ ગ્રુપમાં જોડી બોગસ એપીકે ફાઈલ મોકલી 6,31,414.68 ની ઠગાઈ આચરવામાં આવી છે. આમ, બંને બનાવોમાં સાયબર માફિયાઓએ સુરતીઓ પાસેથી કુલ 36.81 લાખથી વધુની મતા ખંખેરી લેતાં સાયબર ક્રાઈમ પોલીસ મથકે ગુના દાખલ થયા છે.




અડાજણ એલ.પી. સવાણી રોડ સ્થિત સેટેલાઈટ રો હાઉસના રહીશ પર 22 ઓગસ્ટ 2026ના રોજ ફોન આવ્યો હતો. ફોન કરનારે ડેટા પ્રોટેક્શન બોર્ડ ઓફ ઈન્ડિયાના મોહમ્મદ જીશાન અહમદ અને મુંબઈના કોલાબા પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટર સંદીપ રોય તરીકે ખોટી ઓળખ આપી હતી. આરોપીઓએ જણાવ્યું કે કેનેરા બેંકમાં તેમના નામે બોગસ ખાતું ખોલાવી ટેરર ફંડિંગ અને મની લોન્ડરિંગના મોટા વ્યવહારો થયા છે. મુંબઈ પોલીસ, ED, RBI અને સુપ્રીમ કોર્ટના બોગસ લેટર્સ મોકલી ધરપકડનો ડર બતાવ્યો હતો. આરોપીઓએ 22 થી 27 ઓગસ્ટ સુધી ફરિયાદીને ડિજિટલ અરેસ્ટ રાખી RTGS મારફતે 30,50,000/- બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા.

બીજા કિસ્સામાં ગોડાદરા ડીંડોલી ફાટા પાસે સાંઈધામ સોસાયટીમાં રહેતા અને અવધ ટેક્સટાઈલ માર્કેટમાં દુકાન ધરાવતા વેપારી રૂપેશકુમાર વિજય શાહને શિકાર બનાવવામાં આવ્યા હતા. ગઠિયાઓએ તેમને 'Bank of India' નામના વોટ્સએપ ગ્રુપમાં એડ કર્યા હતા, જ્યાં કિશોરી શર્મા નામના શખ્સે બેંક કેવાયસી અપડેટનો બોગસ પત્ર અને 'BOI KYC UPADET APK (1).apk' નામની ફાઈલ મોકલી હતી. વેપારીએ આ ફાઈલ ડાઉનલોડ કરતાં જ તેમનો મોબાઈલ હેક થઈ ગયો હતો. ત્યારબાદ આરોપીઓએ ઓટીપી મેળવી લઈ ICICI બેંક ખાતામાંથી 8 ટ્રાન્ઝેક્શન દ્વારા ટુકડે-ટુકડે 6,31,414.68 સેરવી લીધા હતા.

બંને બનાવોમાં ભોગ બનનારાઓને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું માલૂમ પડતાં સુરત સાયબર ક્રાઈમ પોલીસ મથકે પહોંચી વિધિવત ફરિયાદો નોંધાવી હતી. પોલીસે ભારતીય ન્યાય સંહિતા 2023 અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની વિવિધ જોગવાઈઓ હેઠળ ગુના દાખલ કર્યા છે. અડાજણના ડિજિટલ અરેસ્ટ કેસમાં પોલીસ ઈન્સ્પેક્ટર કે. પી. ગામેતી તેમજ વેપારી સાથે થયેલી ઠગાઈ મામલે પોલીસ ઈન્સ્પેક્ટર વી.ડી. મંડોરાએ તપાસ હાથ ધરી આરોપીઓ અને તેમણે ઉપયોગમાં લીધેલા બેંક ખાતાઓ તેમજ મોબાઈલ નંબરોનું પગેરું મેળવવા તજવીજ શરૂ કરી છે.

# NH-48 પર હિટ એન્ડ રનનો ભેદ ઉકેલાયો: સ્થળ પરથી મળેલા સાઈડ લાઈટના તૂટેલા ફાઈબર કવરથી લાલરંગની કાર સુધી પોલીસ પહોંચી

**વડોદરા, તા.02**

વડોદરામાં હિટ એન્ડ રનની ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું હતું. પોલીસે ટેક્નિકલ એનાલિસિસ અને ઝીણવટભરી તપાસના આધારે કારના ડ્રાઈવરને ઝડપી લીધો છે. ઘટનાસ્થળેથી મળી આવેલા લાલ રંગની કારની સાઈડ લાઈટના તૂટેલા ફાઈબર કવર અને વાસદ ટોલ નાકાના સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે 14 શંકાસ્પદ કારોની તપાસ કરી અંતે અકસ્માત સર્જનાર ચાલક સુધી પહોંચવામાં સફળતા મેળવી છે.

દશરથ ગામ પાસે જી.એસ.એફ.સી. યુનિવર્સિટી તરફથી નેશનલ હાઈવે નંબર-48 ક્રોસ કરી રહેલા 55 વર્ષીય પદમલા નિવાસી હનુમાન જાટને પૂરપાટ ઝડપે દોડતી એક અજાણી લાલ રંગની કારના ચાલકે જોરદાર ટક્કર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી, જેના કારણે હનુમાન જાટનું મૃત્યુ થયું હતું અને કારચાલક વાહન લઈને ફરાર થઈ ગયો હતો.

છાણી પોલીસે ઘટનાસ્થળેથી કારના તૂટેલા ફાઈબરના ટુકડા (સાઈડ ગ્લાસ અને લાઈટના કવર) કબજે કર્યા હતા. તપાસ દરમિયાન એક લાલ રંગની હ્યુન્ડાઈ કંપનીની આઈ-20 કાર શંકાસ્પદ જણાઈ હતી, જેના ડાબી બાજુના ભાગે તાજા નુકસાનના ચિહ્નો જોવા મળ્યા હતા. પોલીસે આ કાર અને ઘટનાસ્થળેથી મળેલા પાર્ટ્સને એફ.એસ.એલ. અધિકારી સમક્ષ રજૂ કરી તપાસ કરાવતા બંને બિલકુલ મેચ થઈ ગયા હતા. જેના આધારે પોલીસે કડક કાર્યવાહી કરીને અકસ્માત સર્જનાર કારચાલક ઈલિયાસ કમરૂદ્દીન કાઝી (રહે. પટેલ વાડીની સામે, નૂરાની મસ્જિદ મહોલ્લો, ગોરવા, વડોદરા શહેર) ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મૃતક મૂળ રાજસ્થાનના વતની અને હાલ પદમલા ગામમાં ભાડાના મકાનમાં રહેતા હતા અને ઈન્દિરા કોલોની નજીક એચપી પેટ્રોલ પંપ પાસે આઈસ્ક્રીમ અને ફ્રુટ સલાડની લારી ચલાવી પોતાનું ગુજરાન ચલાવતા હતા. રાત્રિના અંદાજે 7:45 થી 8 વાગ્યાના સુમારે એક પુરપાટ ઝડપે આવતી લાલ રંગની કારે તેમને અડફેટે લેતા તેમનું મોત નીપજ્યું હતું. ઘટના બનતા જ કાર ચાલક પોતાના પરિવાર સાથે સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. પોલીસને કારની સાઈડલાઈટનું ફાઈબર કવર તૂટીને પડેલું મળી આવ્યું હતું. આ ટુકડા ગેરેજ નિષ્ણાતોને બતાવી કારનું મોડેલ કન્ફર્મ કરવામાં આવ્યું હતું. બનાવના સમયગાળા દરમિયાન વાસદ ટોલ નાકેથી પસાર થયેલી અંદાજે 13થી 14 લાલ રંગની કારની યાદી તૈયાર કરી પોલીસે તપાસ હાથ ધરી હતી.

# 3, 4 અને 5 સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર કેપિટલ દ્વારકા વચ્ચે દોડશે જન્માષ્ટમી સ્પેશિયલ ટ્રેન

**અમદાવાદ, તા.02**

પશ્ચિમ રેલવે દ્વારા જન્માષ્ટમી પર્વ દરમિયાન મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને ગાંધીનગર કેપિટલ અને દ્વારકા વચ્ચે જન્માષ્ટમી સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે. આ વિશેષ ટ્રેન 3, 4 અને 5 સપ્ટેમ્બર 2026ના રોજ બંને દિશામાં સંચાલિત થશે.

ટ્રેન નંબર 09521/09522 ગાંધીનગર કેપિટલ-દ્વારકા અનારક્ષિત સ્પેશિયલ ટ્રેન (કુલ 6 ફેરા)

ટ્રેન નંબર 09521 ગાંધીનગર કેપિટલ-દ્વારકા સ્પેશિયલ ગાંધીનગર કેપિટલથી સાંજે 20:00 કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે 05:50 કલાકે દ્વારકા પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 09522 દ્વારકા-ગાંધીનગર કેપિટલ સ્પેશિયલ દ્વારકાથી સવારે 06:50 કલાકે ઉપડશે અને 17:00 કલાકે ગાંધીનગર કેપિટલ પહોંચશે.

મુખ્ય સ્ટોપેજ

આ વિશેષ ટ્રેન બંને દિશામાં ચાંદલોડિયા બી, આંબલી રોડ, વિરમગામ, લખતર, સુરેન્દ્રનગર, થાન, વાંકાનેર, રાજકોટ, હાપા, જામનગર, કાનાલુસ, ખંભાળિયા અને ભાટિયા સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં તમામ જનરલ કેટેગરીના અનારક્ષિત કોચ હશે.

ટ્રેનના માર્ગ,સમય,સ્ટોપેજ અને કોચની સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in પર જઈને માહિતી મેળવી શકે છે.

# વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2027: 3 સપ્ટેમ્બરના રોજ મુંબઈના ધ તાજ મહલ પેલેસ ખાતે રોડશોનું આયોજન

## માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કોન્સલ જનરલ્સ તેમજ અગ્રણી ઉદ્યોગપતિઓ સાથે કરશે સંવાદ

**ગાંધીનગર, તા.02**

'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ (VGGS) 2027' માટે નવી દિલ્હીમાં યોજાયેલા સફળ પ્રારંભિક કાર્યક્રમ (કર્ટન રેઝર) બાદ, ગુજરાત સરકાર દ્વારા 3 સપ્ટેમ્બર 2026ના રોજ મુંબઈના કોલાબા સ્થિત 'ધ તાજ મહેલ પેલેસ' ખાતે એક રોડ-શોનું આયોજન કરવામાં આવ્યું છે. આ રોડ-શો VGGS 2027ના આયોજન પહેલા વૈશ્વિક રાજદ્વારી અને વ્યાપારી સમુદાય સાથે ગુજરાતના સંપર્ક અને સહયોગને વધુ મજબૂત બનાવશે. કાર્યક્રમના સાંજના સત્રમાં, ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી વિવિધ દેશોના કોન્સ્યુલ જનરલ તથા અગ્રણી ઉદ્યોગ પ્રતિનિધિઓ સાથે સંવાદ કરશે અને આગામી સમિટ માટે ગુજરાતના વિઝન તથા ઉપલબ્ધ તકો વિશે માહિતગાર કરશે.

આ કાર્યક્રમની શરૂઆત 'કોન્ફેડરેશન ઑફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી' (CII) ના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી આર. મુકુંદનના સ્વાગત પ્રવચન સાથે થશે. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ (IMD) ના અધિક મુખ્ય સચિવ VGGS 2027 અંગે પ્રેઝન્ટેશન રજૂ કરશે. અગ્રણી ઉદ્યોગપતિઓ પણ ગુજરાત વિશેના તેમના અનુભવો રજૂ કરશે, અને ત્યારબાદ ગુજરાત સરકારના મુખ્ય સચિવશ્રી સંબોધન કરશે.

Vibrant GUJARAT 2027 10-12 Jan
Viksit Gujarat - Shaping Global Future | 11th Global Summit

રોડ-શો પહેલાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, ટાટા ટ્રસ્ટ્સ, મહિન્દ્રા ગ્રુપ, AM/NS ઈન્ડિયા, STT ગ્લોબલ ડેટા સેન્ટર્સ ઈન્ડિયા, ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ, ASSA ABLOY, સિપ્લા લિમિટેડ, સન ફાર્મા, લાર્સન એન્ડ ટુબ્રો, RPG એન્ટરપ્રાઈઝિસ, પિરામલ ગ્રુપ, કે રહેજા ગ્રુપ, આદિત્ય બિરલા ગ્રુપ, નાયરા એનર્જી લિમિટેડ, કેમટ્રોલ્સ ઈન્ડસ્ટ્રીઝ, લોટે ઈન્ડિયા, સ્વાન કોર્પ, કોલ્ટ ડેટા સેન્ટર હોલ્ડિંગ્સ, બાટલીબોઈ લિમિટેડ, બ્લુ સ્ટાર ઈન્ડિયા, એબોટ ન્યુટ્રિશન, અરબેલે સોલ્યુશન્સ, રોસારી બાયોટેક લિમિટેડ અને ગ્રાઈન્ડવેલ નોર્ટન એન્ડ સેન્ટ-ગોબેન જેવી કંપનીઓ/સંસ્થાઓના વિવિધ ક્ષેત્રોનું પ્રતિનિધિત્વ કરતા અગ્રણી ઉદ્યોગપતિઓ સાથે વ્યક્તિગત બેઠકો (વન-ઓન-વન મીટિંગ્સ) પણ યોજશે.

વન-ટુ-વન બેઠકોમાં એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ, ફાર્માસ્યુટિકલ્સ, હેલ્થ અને વેલનેસ, આઈટી ફાઈનાન્શિયલ સર્વિસીસ, ગ્રીન એનર્જી, ઓઈલ અને એનર્જી, બાયોટેકનોલોજી, રિયલ એસ્ટેટ, એબ્રેસિવ મટિરિયલ્સ, ઔદ્યોગિક ઓટોમેશન, હેવી એન્જિનિયરિંગ અને પેટ્રોલિયમ સહિતના મુખ્ય ક્ષેત્રોને આવરી લેવામાં આવશે. આ ઉપરાંત, કાર્યક્રમના ભાગરૂપે વાઈબ્રન્ટ સમિટ અને રાજ્યમાં રહેલી વિવિધ તકો અંગે યુવા ઉદ્યોગસાહસિકો સાથે રાઉન્ડટેબલ સંવાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આ બેઠકોમાં રોકાણની નવી તકો, વ્યવસાયના વિસ્તરણ અને વ્યૂહાત્મક ભાગીદારી અંગે ચર્ચા કરવામાં આવશે; સાથે જ ગુજરાતના મજબૂત ઔદ્યોગિક આધાર, આધુનિક માળખાગત સુવિધાઓ, રોકાણ માટે અનુકૂળ નીતિઓ અને ટકાઉ તથા ટેક્નોલોજી-આધારિત વિકાસ પર રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાને પણ ઉજાગર કરવામાં આવશે.

# ભારતની T20I ટીમમાં સ્થાન ન મળતાં ગુજરાતના સ્ટાર ખેલાડીનું દર્દ છલકાયું! સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકી!

નવી દિલ્હી, તા.02

અફઘાનિસ્તાન સામે રમાનારી T20 આંતરરાષ્ટ્રીય શ્રેણી માટે ભારતીય ક્રિકેટ ટીમની જાહેરાત કરી દેવામાં આવી છે. આ શ્રેણી માટે ટીમ સિલેક્શન પહેલા ઓલરાઉન્ડર કૃણાલ પંડ્યાનું નામ સૌથી વધુ ચર્ચામાં હતું અને આશરે 5 વર્ષ બાદ ટીમના દરવાજા ખુલશે તેવી અટકળો સેવાઈ રહી હતી. જોકે, પસંદગીકારોએ કૃણાલ પંડ્યાને નજરઅંદાજ કરીને ટીમમાંથી બાદ રાખ્યા છે. ભારતીય ટીમમાં જગ્યા ન મળ્યા બાદ હાર્દિક પંડ્યાના ભાઈ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) ના ઓલરાઉન્ડર કૃણાલ પંડ્યાએ સોશિયલ મીડિયા પર એક ક્રિપ્ટિક પોસ્ટ શેર કરી છે, જે હાલ ખૂબ વાઈરલ થઈ રહી છે. કૃણાલે પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે, 'આશા હજુ પણ જીવંત છે' (Hope is still alive).






IPL 2026 ની સીઝનમાં કૃણાલ પંડ્યાએ પોતાની જૂની બેટિંગ અને શ્રેષ્ઠ ઓલરાઉન્ડ પ્રદર્શનના આધારે ભારતીય ટીમમાં વાપસીની મજબૂત આશા જગાવી હતી. તેણે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને આઈપીએલ ખિતાબ જીતાડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. કૃણાલે 9 ઈનિંગ્સમાં 37.66 ની સરેરાશ અને 145.80 ના સ્ટ્રાઈક રેટથી 226 રન બનાવ્યા હતા, જેમાં એક અડધી સદી અને 73 રનનો શ્રેષ્ઠ સ્કોર સામેલ હતો. આ સિવાય બોલિંગમાં પણ તેણે 30.35 ની સરેરાશથી 14 વિકેટ ઝડપી હતી, જેમાં 2/16 તેનું શ્રેષ્ઠ પ્રદર્શન રહ્યું હતું.

કૃણાલ પંડ્યાએ ભારત માટે છેલ્લે વર્ષ 2021 માં આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી. તેમણે ભારત તરફથી 5 વન-ડે મેચોની 4 ઈનિંગ્સમાં 65.00 ની એવરેજ અને 101.56 ના સ્ટ્રાઈક રેટથી 130 રન બનાવ્યા છે. જેમાં 58* રનનો શ્રેષ્ઠ સ્કોર અને 2 વિકેટ સામેલ છે. જ્યારે T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેણે 19 મેચોમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે, જેમાં 10 ઈનિંગ્સમાં 24.80 ની સરેરાશથી 124 રન બનાવ્યા છે અને 36.93 ની એવરેજથી 15 વિકેટ ઝડપી છે.

પસંદગીકારોએ અફઘાનિસ્તાન સામેની T20I શ્રેણી માટે કપ્તાનીમાં ટીમની ઘોષણા કરી છે. ભારતીય ટીમમાં શ્રેયસ અય્યર (કપ્તાન), અભિષેક શર્મા, વૈભવ સૂર્યવંશી, સંજૂ સેમસન, ઈશાન કિશન, તિલક વર્મા, શિવમ દુબે, નિતિશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, વરુણ ચક્રવર્તી, રવિ બિશ્નોઈ, જસપ્રીત બુમરાહ, અર્શદીપ સિંહ અને હર્ષિત રાણાનો સમાવેશ થાય છે. નોંધનીય છે કે જસપ્રીત બુમરાહ, નિતિશ કુમાર રેડ્ડી, વોશિંગ્ટન સુંદર અને હર્ષિત રાણાનું રમવું ફિટનેસ મંજૂરી પર નિર્ભર રહેશે.

# IPL માં મુંબઈ ઈન્ડિયન્સનો નવો કેપ્ટન કોણ?
## બે નામ રેસમાં આગળ, હાર્દિક અંગે નવી અપડેટ

નવી દિલ્હી, તા.02

આઈપીએલ 2027 પહેલાં મુંબઈ ઈન્ડિયન્સ (MI) ની ટીમમાં મોટા ફેરફારો જોવા મળી શકે છે. છેલ્લા કેટલાક સમયથી હાર્દિક પંડ્યાને ઓક્શન પહેલાં અન્ય ટીમમાં ટ્રેડ કરવામાં આવશે તેવી અટકળો ચાલી રહી હતી. રિપોર્ટ્સ અનુસાર, મુંબઈ ઈન્ડિયન્સે હાર્દિકને કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) માં ટ્રેડ કરવા માટે વાતચીત કરી હતી. કેકેઆરે બદલામાં ઓસ્ટ્રેલિયાના કેમરૂન ગ્રીનને આપવાની ઓફર કરી હતી, પરંતુ ગ્રીનની ફિટનેસ અને વર્કલોડ અંગે શંકા હોવાથી મુંબઈએ આ ડીલ રદ કરી હતી. ચેન્નઈ સુપર કિંગ્સ સાથે પણ કોઈ ચોક્કસ ડીલ ન થતાં હાર્દિક વધુ એક સીઝન માટે મુંબઈ ઈન્ડિયન્સમાં જ રહે તેવી પ્રબળ શક્યતા છે. મુંબઈ ઈન્ડિયન્સનું મેનેજમેન્ટ હવે નવા કપ્તાનની શોધમાં છે અને નવી રણનીતિ સાથે આગળ વધવાની તૈયારી કરી રહ્યું છે. મુંબઈને 5 વખત ટ્રોફી અપાવનાર રોહિત શર્મા ફરીથી કપ્તાન બનવાના મૂડમાં નથી, પરંતુ તેઓ નવો કપ્તાન પસંદ કરવા માટે મેનેજમેન્ટ સાથે મળીને કામ કરી રહ્યા છે.





હાલમાં કપ્તાન બનવાની રેસમાં બે નામો સૌથી આગળ ચાલી રહ્યા છે. ટીમ મેનેજમેન્ટ આગામી સીઝન માટે યોર્કર કિંગ જસપ્રીત બુમરાહ અથવા યુવા બેટ્સમેન તિલક વર્મામાંથી કોઈ એક ખેલાડીને કપ્તાન તરીકે જાહેર કરી શકે છે. ફેન્સ માટે સૌથી આશ્વાસનરૂપ બાબત એ છે કે વિસ્ફોટક બેટ્સમેન સૂર્યકુમાર યાદવ મુંબઈ ઈન્ડિયન્સ સાથે જ રહેશે. વર્ષ 2026 ની સીઝન તેમના માટે ભલે ખાસ ન રહી હોય, પરંતુ મુંબઈની ટીમ 'વન ફેમિલી' ના સિદ્ધાંત પર ચાલે છે અને એક ખરાબ સીઝનના કારણે પોતાના મેચ વિનર ખેલાડીને મુક્ત કરશે નહીં. આ ઉપરાંત, પૂર્વ ક્રિકેટર મહેલા જયવર્ધને પણ આગામી વર્ષે ટીમના હેડ કોચ પદે યથાવત રહેશે. આઈપીએલ 2027 બાદ મોટા પાયે મેગા ઓક્શન યોજાવાનું હોવાથી મુંબઈ ઈન્ડિયન્સ આ વખતે ટીમમાં બહુ મોટા ફેરફારો કરવાથી બચી રહી છે. મેનેજમેન્ટ ટીમનું સંતુલન જાળવી રાખીને નવા કપ્તાનના નેતૃત્વમાં શાનદાર વાપસી કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. હાર્દિક પંડ્યા ખેલાડી તરીકે ટીમમાં રહીને યોગદાન આપશે કે કેમ અને નવો કપ્તાન કોણ બનશે તે અંગે ટૂંક સમયમાં સત્તાવાર જાહેરાત થઈ શકે છે.

# બાબર-શાહીન આફ્રિદીની શત્રુતાએ પાકિસ્તાની ક્રિકેટને બરબાદ કર્યું? સ્ટાર ક્રિકેટરનો સનસનાટીભર્યો દાવો

ઈસ્લામાબાદ, તા.02

ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સીરિઝમાં સતત બીજી શરમજનક હાર બાદ પાકિસ્તાન ક્રિકેટ ટીમમાં ભારે આંતરિક વિવાદ ઊભો થયો છે. પાકિસ્તાનના પૂર્વ બેટ્સમેન બાસિત અલીએ ટીમના પતન માટે બાબર આઝમ અને શાહીન શાહ આફ્રિદી વચ્ચે કપ્તાનીને લઈને થયેલા વિવાદને મુખ્યત્વે જવાબદાર ઠેરવ્યો છે. બાસિત અલીના જણાવ્યા અનુસાર, જે દિવસે બાબર અને શાહીન વચ્ચે સુકાનીપદ અંગે તનાતની અને દરાર ઉત્પન્ન થઈ, તે જ દિવસથી પાકિસ્તાન ક્રિકેટનો ખરાબ તબક્કો શરૂ થઈ ગયો હતો.

બાબર આઝમે 2023 ના વન-ડે વર્લ્ડ કપ બાદ સુકાનીપદ છોડ્યું હતું, ત્યારબાદ શાહીન આફ્રિદીને T20I ટીમનો કપ્તાન બનાવાયો હતો. જોકે, ન્યૂઝીલેન્ડ પ્રવાસમાં ખરાબ પરિણામો બાદ શાહીન પાસેથી કપ્તાની આંચકીને ફરી બાબરને સોંપવામાં આવી હતી. બાસિત અલીનો દાવો છે કે આ નિર્ણયથી બંને સીનિયર ખેલાડીઓ વચ્ચેના સંબંધોમાં મોટી તિરાડ પડી હતી. 2024 ના T20 વર્લ્ડ કપમાં ટીમ સેમિ ફાઈનલ સુધી પણ પહોંચી શકી નહોતી, ત્યારબાદ કપ્તાની વહેંચીને ટેસ્ટમાં બાબર, વન-ડેમાં શાહીન અને T20 માં સલમાન અલી આગાને કપ્તાન બનાવાયા હતા.





ઈંગ્લેન્ડ સામે લોર્ડ્સ ખાતે રમાયેલી બીજી ટેસ્ટમાં પાકિસ્તાનનો 194 રનથી પરાજય થયો હતો. આ હાર સાથે ટીમ 3 મેચોની સિરીઝમાં 0-2 થી પાછળ ધકેલાઈ ગઈ છે. આ શરમજનક પ્રદર્શન બાદ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) એ આકરા નિર્ણયો લેતા મોહમ્મદ રિઝવાન અને સલમાન અલી આગા સહિત 7 ખેલાડીઓને ટીમમાંથી મુક્ત કરીને ઘરે પરત મોકલી દીધા છે. આ ઉપરાંત ટેસ્ટ કોચ સરફરાઝ અહમદ અને બોલિંગ હેડ ઉમર ગુલને પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે, જ્યારે મિસ્બાહ-ઉલ-હકે સિલેક્શન કમિટીમાંથી રાજીનામું આપી દીધું છે.

શાહ મસૂદના સ્થાને ટેસ્ટ કપ્તાન બનેલા બાબર આઝમની કપ્તાની અને બેટિંગ બંને પર હાલ પ્રશ્નાર્થ ચિહ્ન લાગી ગયા છે. બાબર છેલ્લા આશરે 4 વર્ષથી ટેસ્ટ ક્રિકેટમાં એક પણ સદી ફટકારી શક્યો નથી, જે તેના માટે અને ટીમ માટે ચિંતાનો વિષય છે. બીજી તરફ, શાહીન આફ્રિદીને પાકિસ્તાનના પ્રવર્તમાન રેડ-બોલ પ્લાનમાંથી બહાર રાખવામાં આવ્યો છે. બાસિત અલીના મતે, વહીવટીતંત્ર અને કપ્તાનીના ખોટા નિર્ણયોને કારણે પાકિસ્તાન ક્રિકેટ અત્યારે તેના સૌથી નિરાશાજનક તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે.

# માલામાલ વીકલી ટુમાં ઈશા દેઓલ અને સોનિયા બંસલની એન્ટ્રી



ફિલ્મમાં રવિના, પરિણીતિ તથા શિલ્પા શિરોડકર પણ હશે

મુંબઈ, તા.02

'માલામાલ વીકલી ટુ' ફિલ્મમાં ઈશા દેઓલ અને સોનિયા બંસલની એન્ટ્રી પડી છે. ઈશા રસપ્રદ પટકથાની રાહ જોઈ રહી હતી અને આ ઓફર મળતાં જ તેણે તે સ્વીકારી લીધી હતી. ધર્મેન્દ્રના નિધન પછી તેણે આ પહેલી ફિલ્મ સ્વીકારી છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી તે ઓટીટી કે ફિલ્મોના પસંદગીના જ પ્રોજેક્ટસમાં કામ કરી રહી છે. સોનિયા બંસલે બીગ બોસમાં ભાગ લીધા બાદ મ્યુઝિક વિડિયો અને થોડી ફિલ્મોમાં પણ કામ કર્યું છે. સોનિયાએ પણ આ ઓફરને સ્વીકારી લીધી છે. એકદમ નવી સ્ટોરી સાથે આ ફિલ્મનું શૂટિંગ નવેમ્બર મહિનાથી શરૂ કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર 'માલામાલ વીકલી ટુ'માં અન્ય સ્ટારકાસ્ટમાં રવિના ટંડન, પરિણીતિ ચોપડા, શિલ્પા શિરોડકર, એલ્વિશ યાદવ, રાજપાલ યાદવ, મહેશ માંજરેકર અને ફરદીન ખાનનો સમાવેશ થાય છે. આ ફિલ્મનું નિર્દેશન 'તેરી બાતો મેં એસા ઉલઝા જિયા' ફેમ અમિત જોશી કરવાના છે.



ધર્મેન્દ્રના નિધન પછી ઈશાની પહેલી ફિલ્મ

# આમિર રેસ ફોરમાં સામેલ હોવાની ચર્ચા નિર્માતાએ ફગાવી



મુંબઈ, તા.02

આમિર ખાન 'રેસ ફોર'માં કામ કરી રહ્યો હોવાની ચર્ચાઓ નિર્માતા રમેશ તૌરાણીએ નકારી કાઢી છે. તૌરાણીએ સ્પષ્ટતા કરી હતી કે 'રેસ ફોરની કાસ્ટ કે નિર્દેશક' હજુ નક્કી થયા નથી. એકવાર કાસ્ટ નક્કી થઈ જશે કે અમે સત્તાવાર જાહેરાત કરીશું. ત્યાં સુધી અમે દરેક જણને કોઈ માહિતી શેર ન કરવાની વિનંતી કરીએ છીએ. તાજેતરમાં 'રેસ ફોર'માં આમિરખાન, ટાઈગર શ્રોફ અને સિદ્ધાર્થ મલ્હોત્રા કામ કરવાના હોવાની અટકળો વહેતી થઈ હતી. તેમાં ફિલ્મના નિર્દેશક તરીકે વિજય કૃષ્ણ આચાર્યનું નામ પણ વહેતું કરવામાં આવ્યું હતું.

રેસ વન અને ટુ અબ્બાસ મસ્તાને નિર્દેશિત કરી હતી પણ રેસ થ્રીમાં સલમાનખાન હીરો હતો અને ફિલ્મ ખાસ ચાલી નહોતી. પહેલી બે રેસમાં સૈફ અલી ખાન હીરો હતો તે હવે રેસ ફોરમાં પાછો ફરશે કે કેમ તેની પણ લાંબા સમયથી અટકળો ચાલે છે. સૈફના ચાહકોનું કહેવું છે કે 'સૈફ' વિના રેસ જામતી નથી.

# નવાઝુદ્દીનસિદ્દિકીની મ્યુઝિકલ થ્રીલર માટે ઓટીટી પ્લેટફોર્મની શોધ
## વોહ ફિર કભી દિખા નહીં ફિલ્મમાં મુંબઈના સ્લમ એરિયાનું બેકગ્રાઉન્ડ

મુંબઈ, તા.02

દિગ્દર્શક તિગ્માંશુ ધૂલિયાએ નવાઝુદ્દીન સિદ્દિકી સાથે ફરી એકવાર જોડી જમાવી એક મ્યુઝિકલ થ્રીલર ફિલ્મ 'વોહ ફિર કભી દિખા નહીં' બનાવી છે. ફિલ્મનું શૂટિંગ પુરૂ થઈ ચૂક્યુ છે. હવે તેને રીલિઝ કરવા માટે યોગ્ય ઓટીટી પ્લેટફોર્મની શોધ ચાલી રહી છે.

તિગ્માંશુ ધુલિયા અને નવાઝુદીન સિદ્દિકીનો સંબંધ એક દાયકાથી પણ વધારે જુનો છે. બંને જણાંએ ત્રણ વાર એક્ટર્સ તરીકે સાથે કામ કરી ચૂક્યા છે. પણ નવી ફિલ્મમાં તિગ્માંશુ ધુલિયા નિર્દેશક છે અને નવાઝુદ્દીન એક્ટર તરીકે કામ કર્યું છે.



'વો ફિર કભી દિખા નહીં' નામની ઉદય પ્રકાશની વાર્તા પરથી આ ફિલ્મ બનાવવામાં આવી છે. આ મ્યુઝિકલ થ્રીલરમાં મુંબઈના સ્લમ એરિયામાં આકાર લેતી કથા રજૂ કરવામાં આવી છે.

# રેપર બાદશાહ અને ઈશા રિખિનું લગ્નજીવન પાંચ મહિનામાં સમાપ્ત

**બાદશાહે લાંબા સમય સુધી લગ્ન છૂપાવ્યાં હતાં પણ ઈશાની માતાએ જ ભાંડો ફોડયો હતો**

મુંબઈ, તા.02

જાણીતા રેપ ગાયક બાદશાહના બીજા લગ્ન પણ ડાઈવોર્સમાં પરિણમ્યા છે.બાદશાહ અને ઈશા રિખિએ સોમવારે તેમના પાંચ મહિનાના લગ્નજીવનનો અંત આવી ગયો હોવાની સંયુક્ત જાહેરાત કરી હતી.

બાદશાહે ઈશા રિખિ નામની પંજાબી એક્ટ્રેસ સાથે લગ્ન કરી લીધાં હોવાના સમાચાર ૨૦૨૩માં આવ્યા હતા. પણ તેને બાદશાહે ઈન્સ્ટા પર નકારી કાઢ્યા હતા. એ પછી માર્ચ ૨૦૨૬માં રિખિની માતા પૂનમે બંનેના પંજાબી રીતરસમ અનુસાર નજીકના પરિવારજનોની હાજરીમાં થયેલાં લગ્નના ફોટો શેર કર્યા હતા. પણ બાદશાહે આ લગ્ન બાબતે ચૂપકીદી સેવી રાખી હતી. જોકે, થોડા સમય પછી ઈશાએ જ તેમનાં લગ્ન થઈ ચૂક્યાનું સ્વીકાર્યું હતું. બાદશાહે અગાઉ સંઘર્ષકાળમાં તેને સહાય કરનારી લંડનમાં જન્મેલી અને ઉછરેલી જાસ્મિન મસિહ સાથે ૨૦૧૨માં લગ્ન કર્યા હતા. આ લગ્ન પણ બાદશાહે ગુપ્ત રાખ્યા હતા પણ રફતારે જાન્યુઆરી ૨૦૧૭માં તેમને પુત્રી જેસેમીના જન્મદિનની વધાઈ આપી ત્યારે તેમના લગ્નનું રહસ્ય ખૂલ્યું હતું. એ પછી સાંસ્કૃતિક મતભેદોને કારણે ૨૦૨૦માં બંનેના સત્તાવાર રીતે ડાઈવોર્સ થઈ ગયા હતા.

એ પછી વર્ષો સુધી ડેટિંગ કર્યા બાદ બાદશાહે ઈશા સાથે ગુપચૂપ લગ્ન કરી લીધાં હતા.



# કરોડોની અપ્રમાણસર મિલકતનો કેસ: આણંદના પૂર્વ અધિક કલેક્ટર કેતકી વ્યાસની જામીન અરજી ACB કોર્ટે ફગાવી

**અમદાવાદ, તા.02**

રૂ.3.56 કરોડની અપ્રમાણસર મિલકતના કેસમાં આણંદના પૂર્વ અધિક કલેક્ટર કેતકી વ્યાસની જામીન અરજી ACBની વિશેષ અદાલતે ફગાવી દીધી છે. અરજદાર RAC કેતકી વ્યાસની જામીન અરજી ફગાવતા અદાલતે અવલોકન કર્યું હતું કે, આર્થિક અને ગેરકાયદે સંપત્તિના ગુનાઓ પ્રજાના સરકારી તંત્ર પરના વિશ્વાસને સીધું નુકસાન પહોંચાડે છે અને સમાજ પર તેની વ્યાપક અસર પડે છે. અરજદાર મહેસૂલી કાયદાથી માહિતગાર વર્ગ-1ના જવાબદાર અધિકારી હોવા છતાં ACBની તપાસથી દૂર રહ્યા હતા. આ વર્તનને કારણે જામીન પર મુક્ત કરવાથી ટ્રાયલ વખતે ભાગી જવાની શક્યતા નકારી શકાય નહીં. અરજદારે રજૂ કરેલા આવક અને રોકાણના દસ્તાવેજો પર અરજદાર કે CAના સહી-સિક્કા ન હોવાથી તેની અધિકૃતતા અત્યારે માની શકાય નહીં. તમામ દલીલોનો નિર્ણય ટ્રાયલના અંતે જ થઈ શકે.

કોર્ટે વધુમાં નોંધ્યું હતું કે, વિવિધ સ્થળોએ ખરીદેલી મિલકતો અને બેંક એકાઉન્ટના વ્યવહારો અંગે યોગ્ય તપાસ માટે અરજદાર મહિલાની પોલીસ કસ્ટોડિયલ પૂછપરછ જરૂરી છે. અરજદારે રજૂ કરેલા કાનૂની ચુકાદાઓના તથ્યો આ કેસની પરિસ્થિતિ કરતાં અલગ હોવાથી તે અરજદારને મદદરૂપ બનતા નથી. અરજદાર મહિલા સામે પ્રથમ દર્શનીય રીતે ગુનામાં સંડોવણી જણાતી હોવાથી અને તપાસ ચાલુ હોવાથી અદાલતે પોતાની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવાનો ઈનકાર કર્યો છે.

પૂર્વ અધિક કલેક્ટર કેતકી વ્યાસ સામે રૂ.3.56 કરોડ જેટલી વધુ રકમની મિલકતો પોતાના અને સગા-સંબંધીઓના નામે ગેરકાયદેસર રીતે વસાવી હોવા મામલે ACBએ તેમની વિરુદ્ધ ગુનો



દાખલ કર્યો હતો. ACBની ધરપકડ ટાળવા માટે તેમણે લાંબા સમય સુધી હાજર ન થઈને તપાસ ટાળવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે સેશન્સ કોર્ટ અને હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. જે અરજીઓ રદ થયા બાદ CID ક્રાઈમ દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી હતી. તપાસ અત્યારે નાજુક તબક્કે ચાલુ છે અને ચાર્જશીટ ફાઈલ કરવાનું બાકી છે.

કેતકી વ્યાસે કરેલી જામીન અરજીમાં રજૂઆત કરી હતી કે, તેઓ નિર્દોષ છે, તેમને ખોટી રીતે ફસાવવામાં આવ્યા છે અને તેમની સામે પ્રથમ દર્શનીય કોઈ કેસ બનતો નથી. પૂર્વ તપાસની મંજૂરી મળ્યાના લગભગ 2 વર્ષ અને 8 મહિના પછી ફરિયાદ નોંધવામાં આવી છે. અરજદારના માતા-પિતા વિરમગામ રહે છે અને તેઓ પોતાની અલગ આવક તથા રોકાણ ધરાવે છે. અરજદારના પતિ પોલીસ કર્મચારી છે, તેઓની તપાસ સમયગાળા દરમિયાનની આશરે રૂ.89 લાખની દસ્તાવેજી આવક ધ્યાને લેવામાં આવી નથી. ACB દ્વારા ગણેલી 68.84% ની રકમ કાલ્પનિક અને બજાર કિંમતના આધારે ગણેલી ભૂલ ભરેલી આંકડાકીય ગણતરી છે.

સરકારી વકીલે રજૂઆત કરી હતી કે, આરોપી મહિલા વિરુદ્ધ અપ્રમાણસર મિલકતો ધરાવવાનો ગંભીર પ્રકારનો ગુનો છે. અરજદાર લાંબા સમય સુધી ACB સમક્ષ હાજર થયા ન હતા. તેમણે વિવિધ સ્થળોએ ખરીદેલી મિલકતો અને બેંક એકાઉન્ટના વ્યવહારો અંગે યોગ્ય તપાસ માટે પોલીસ કસ્ટડીમાં પૂછપરછ જરૂરી છે. આથી તેમણે કરેલી જામીન અરજી ન્યાયના હિતમાં ફગાવી દેવી જોઈએ.

આણંદ જિલ્લામાં RAC તરીકેના કાર્યકાળ દરમિયાન કેતકી વ્યાસ અગાઉ પણ ભારે વિવાદમાં રહ્યા હતા. તત્કાલિન આણંદ કલેક્ટર ડી.એસ. ગઢવીની ઓફિસમાં છૂપો કેમેરો લગાવવામાં આવ્યો હોવાના કેસમાં પોલીસે તેમની અને તત્કાલિન ડેપ્યૂટી મામલતદાર જે.ડી. પટેલ સહિત અન્ય લોકો સામે કાર્યવાહી કરી હતી. આ કેસમાં સરકારી અધિકારીઓને હની-ટ્રેપ અને બ્લેકમેલ કરવાના આક્ષેપો થયા હતા, જેના પગલે જ ACB દ્વારા વ્યાસની આવક અને સંપત્તિની ઉંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી હતી.

ACBના જણાવ્યા અનુસાર, વ્યાસ પર 2012 થી 2023ના સમયગાળા દરમિયાન તેમની કાયદેસરની આવક કરતા 3.56 કરોડની વધુ સંપત્તિ (કાયદેસરની આવક કરતા 68.84 ટકા વધુ) ધરાવવાનો આરોપ છે. એજન્સીએ આક્ષેપ કર્યો છે કે, કેતકી વ્યાસે સરકારી કર્મચારી તરીકેના હોદ્દાનો દુરુપયોગ કરી ગેરકાયદેસર રીતે મેળવેલા ભંડોળનો પોતાના અને પરિવારના સભ્યોના નામે જંગમ અને સ્થાવર મિલકતોમાં રોકાણ કર્યું હતું. કેસ નોંધાયા બાદથી તેઓ લાંબા સમયથી ફરાર હતા.

## ગાંધીનગર-કલોલના વેપારીઓએ અમદાવાદની SBI બેન્કને લગાવ્યો કરોડોનો ચૂનો, CID એ ફરિયાદ નોંધી

**અમદાવાદ, તા.02**

ગાંધીનગર અને કલોલના બે વેપારીઓ સામે SBI સાથે 4.96 કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી આચરવા અંગે CID ક્રાઈમમાં બે અલગ-અલગ ફરિયાદો નોંધાઈ છે. સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (SBI)ની અમદાવાદ શાખાના આસિસ્ટન્ટ જનરલ મેનેજર દ્વારા નોંધાવવામાં આવેલી આ ફરિયાદોમાં વેપારીઓ પર બેન્કમાંથી કેશ ક્રેડિટ અને ટર્મ લોન લીધા બાદ હપ્તા ન ભરવાનો તથા મોર્ગેજમાં મૂકેલી મશીનરી બેન્કની મંજૂરી વિના બારોબાર વેચી મારવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. પહેલી ફરિયાદ અનુસાર, ગાંધીનગરના ત્રાલ ગામના રહેવાસી અને હાયટા ક્રોપ કેર ઈન્ડસ્ટ્રીઝના પ્રોપરાઈટર ત્રિભુવનદાસ શ્રીમાળી સામે કાર્યવાહી કરવામાં આવી છે. જંતુનાશક દવાઓનો બિઝનેસ શરૂ કરવાના નામે આરોપીએ વર્ષ 2020માં બેન્કમાંથી કેશ ક્રેડિટ લોન, ટર્મ લોન તેમજ કોવિડ સમયગાળા દરમિયાન CCECL અને GECL જેવી વિવિધ ક્રેડિટ લિમિટ હેઠળ મોટી



રકમની લોન મેળવી હતી. આરોપીએ એપ્રિલ 2022થી લોનના હપ્તા ભરવાના બંધ કરી દીધા હતા. બેન્કની ટીમ જ્યારે સ્થળ તપાસ માટે પહોંચી ત્યારે યુનિટ પર તાળું મારેલું જોવા મળ્યું હતું અને મોર્ગેજ મૂકેલી મશીનરી પણ ગાયબ હતી. વ્યાજ સહિત કુલ રૂપિયા 2,14,79,130.86 ની બાકી રકમ ન ચૂકવી છેતરપિંડી આચર્યાનો આક્ષેપ છે. બીજી ફરિયાદમાં કલોલના સ્નેહ રેસિડેન્સી ખાતે રહેતા અને હાયટા બાયો સાયન્સ ઈન્ડસ્ટ્રીઝના પ્રોપરાઈટર પંકજ પ્રજાપતિ તથા જામીનદાર લલીતાબહેન પરમાર સામે સીઆઈડી ક્રાઈમમાં ગુનો નોંધાયો છે. ઓક્ટોબર 2020માં આરોપીએ દસક્રોઈના બાકરોલ બુજરંગ ખાતે જંતુનાશક દવાનું યુનિટ શરૂ કરવા માટે અરજી કરી હતી.

## અમદાવાદના ત્રિકમપુરા હત્યા કેસમાં બે આરોપી ઝડપાયા, હજુ બે ફરાર....

**અમદાવાદ, તા.02**

અમદાવાદના વટવા GIDC વિસ્તારમાં આવેલા ત્રિકમપુરામાં મકાન ભાડાના નજીવા વિવાદમાં 25 વર્ષીય અજીતસિંહ ચૌહાણની તીક્ષ્ણ હથિયારોના ઘા ઝીંકી હત્યા કરાઈ હોવાની ઘટના સામે આવી હતી. 31મી ઓગસ્ટની રાતે બનેલી આ ઘટનામાં ચાર શખસોએ હુમલો કરતા યુવકનું ગંભીર ઈજાઓના કારણે મોત નીપજ્યું હતું. આ મામલે ક્રાઈમ બ્રાન્ચે બે મુખ્ય આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે હજુ બે આરોપીઓ ફરાર છે.

પોલીસના જણાવ્યાનુસાર, ગત 31મી ઓગસ્ટની રાતે ફરિયાદી હિંમતસિંહ નેગી, તેના ભાઈ અર્જુન અને મૃતક અજીતસિંહ ચૌહાણ અગાઉ ગિરવે મુકેલા મકાન અંગે ચાર માળિયા વિસ્તારમાં ગયા હતા.



તે સમયે હાજર હિતેશ ઉર્ફે હરેશ, રવિ અને તેમના અન્ય બે ભાઈઓ સાથે મકાન બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી. તકરાર વધતાં આરોપી હિતેશે લોખંડની પાઈપ વડે અજીતસિંહના માથામાં ઘા ઝીંક્યો હતો, જ્યારે તેના ભાઈઓએ ચપ્પુ અને તલવાર વડે હુમલો કર્યો હોવાનો આક્ષેપ છે. ગંભીર રીતે ઈજાગ્રસ્ત અજીતસિંહનું મોત નીપજ્યું હતું. ઘટના બાદ તમામ આરોપીઓ ફરાર થઈ ગયા હતા.

હત્યાના આ બનાવ બાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે ગીતા મંદિર વિસ્તારમાંથી શહેર બહાર ભાગવાની ફિરાકમાં રહેલા મુખ્ય આરોપી હરેશ ઉર્ફે હિતેશ અને તેના ભાઈ રવિને ઝડપી લીધા હતા.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે મુખ્ય આરોપી હિતેશ અગાઉ પણ ગંભીર ગુનાઈત ઈતિહાસ ધરાવે છે. તેણે વર્ષ 2015માં આ જ ચાર માળિયા વિસ્તારમાં મિતેશ નામના શખસને ધાબા પરથી નીચે ફેંકી દઈ તેમની હત્યા કરી હતી. તે કેસમાં અદાલતે તેને આજીવન કેદની સજા ફટકારી હતી. જોકે, હાઈકોર્ટમાં અપીલ પેન્ડિંગ હોવાથી તે ડિસેમ્બર 2023માં જામીન પર મુક્ત થયો હતો અને ફરી આ વિસ્તારમાં રહેવા આવ્યો હતો.

ક્રાઈમ બ્રાન્ચના જણાવ્યા અનુસાર, ચાર માળિયા સ્થિત ઘરની માલિકી અંગે બંને પક્ષો વચ્ચે છેલ્લા બે-ત્રણ વર્ષથી ચાલતી અદાવતમાં આ હત્યા કરવામાં આવી છે. હાલ બે આરોપીઓની અટકાયત કરવામાં આવી છે અને ફરાર અન્ય બે આરોપીઓને ઝડપી પાડવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

## અમદાવાદ એરપોર્ટ પર બેંગકોકથી લવાયેલો ₹1.90 કરોડનો હાઈડ્રોપોનિક ગાંજો ઝડપાયો, દંપતીની ધરપકડ

**અમદાવાદ, તા.02**



અમદાવાદના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગના એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU) દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. બેંગકોકથી ગેરકાયદે રીતે લાવવામાં આવેલો અંદાજે 1.9 કરોડ રૂપિયાની કિંમતનો 1.928 કિલોગ્રામ હાઈડ્રોપોનિક ગાંજો જપ્ત કરીને આ કેસમાં કસ્ટમ્સ અધિકારીઓએ દંપતીની ધરપકડ કરી છે.

મળતી માહિતી અનુસાર, બેંગકોકથી અમદાવાદ આવેલી થાઈ એરવેઝની ફ્લાઈટ (TG-343)ના મુસાફરોનું પેસેન્જર પ્રોફાઈલિંગ અને એક્સ-રે સ્કેનિંગ હાથ ધરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન એઆઈયુના અધિકારીઓએ બે મુસાફરોને અટકાવ્યા હતા. તેના સામાનની તપાસ દરમિયાન ટ્રોલી બેગમાંથી વેક્યુમ-સીલ કરેલા 10 પેકેટ મળી આવ્યા હતા. આ પેકેટોની તપાસ કરતા તેમાંથી 1,928 ગ્રામ ઉચ્ચ ગુણવત્તા ધરાવતો હાઈડ્રોપોનિક ગાંજો મળી આવ્યો હતો. આ જથ્થાની ગેરકાયદે બજારમાં અંદાજિત કિંમત 1.9 કરોડ રૂપિયા આંકવામાં આવી છે.

કસ્ટમ્સ વિભાગે આ નશાકારક પદાર્થનો જથ્થો 'નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ' (NDPS) એક્ટ, 1985 હેઠળ જપ્ત કર્યો છે. સંક્રમિત માલસામાનના મૂળ સ્રોત અને આ કથિત દાણચોરીના નેટવર્કમાં સામેલ અન્ય લોકોની ઓળખ કરવા માટે કસ્ટમ્સ વિભાગે આગળની કાયદાકીય તપાસ શરુ કરી છે.

## નવરંગપુરામાં ફેક KYC અને ઈન્વોઈસના નામે મની એક્સચેન્જ કંપનીમાં 40 લાખની છેતરપિંડી

**અમદાવાદ, તા.02**



અમદાવાદના નવરંગપુરામાં સ્થિત મની એક્સચેન્જ કંપનીમાં સેલ્સ મેનેજર તરીકે ફરજ બજાવતા વડોદરાના દેવેન્દ્રસિંહ ગોહિલ સામે 40 લાખ રૂપિયાથી વધુની છેતરપિંડી આચરવા બદલ પોલીસ ચોપડે ગુનો નોંધાયો છે. બોપલમાં રહેતા અને કંપનીના ક્લસ્ટર હેડ પરાગ ભટ્ટે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ફરિયાદની વિગતો અનુસાર, આરોપી દેવેન્દ્રસિંહ ગોહિલ જૂન 2023માં સેલ્સ મેનેજર તરીકે જોડાયો હતો. તેને નવી કોર્પોરેટ કંપનીઓ ઉમેરીને બિઝનેસ વધારવાની જવાબદારી સોંપાઈ હતી. જોકે, તેણે હોદ્દાનો ગેરલાભ ઉઠાવીને ઓક્ટોબર 2023થી ફેબ્રુઆરી 2024 દરમિયાન 'અલાઈટ પ્રોજેક્ટ્સ' અને 'ચિકચેમ મેડિકલ' સહિત 8 જેટલી કોર્પોરેટ કંપનીઓના નામે સિસ્ટમમાં બોગસ કોડ જનરેટ કર્યા હતા. ત્યારબાદ આ કંપનીઓના કાલ્પનિક કર્મચારીઓ દર્શાવી, આશુતોષ પાંડે, નરેશ વાધવાની અને અમર બોડે જેવા વ્યક્તિઓના બનાવટી પાસપોર્ટ તથા ફેક KYC દસ્તાવેજો રજૂ કર્યા હતા. તે આધારે 16 જેટલા બોગસ ઈન્વોઈસ બનાવી કુલ 40,08,941 રૂપિયાની કિંમતનું વિદેશી હૂંડિયામણ (ફોરેન કરન્સી) મેળવી લીધું હતું. લાંબા સમય સુધી આ કરન્સીની રકમ કંપનીના ખાતામાં જમા ન થતાં આંતરિક ઓડિટ શરૂ કરાયું હતું. કંપનીના અધિકારીઓ જોબી આઈઝેક અને પ્રહલાદ પરમારે સંબંધિત કોર્પોરેટ કંપનીઓના સંચાલકોનો રૂબરૂ સંપર્ક કરતા જાણવા મળ્યું હતું કે, તેણે કોઈ ફોરેન કરન્સી મંગાવી જ નહોતી અને દસ્તાવેજોમાં દર્શાવેલા લોકો તેમના કર્મચારીઓ પણ નહોતા. પોતાના અંગત સ્વાર્થ માટે 40,08,941 રૂપિયાની ઠગાઈ કરવા બદલ નવરંગપુરા પોલીસે દેવેન્દ્રસિંહ ગોહિલ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## ધોળકાના 5 ગામના લોકોનું અલ્ટીમેટમ, કેમિકલયુક્ત પાણીનો ઉકેલ નહીં આવે તો ભાજપ MLA ના ઘરે ટેન્કરો ઠાલવીશું

**અમદાવાદ, તા.02**

ધોળકા તાલુકાના પાંચ ગામોના ખેડૂતો અને સ્થાનિકો દૂષિત કેમિકલયુક્ત ઝેરી પાણી સામે છેલ્લા 11 દિવસથી આક્રમક આંદોલન ચલાવી રહ્યા છે. તેમ છતાં જવાબદાર તંત્ર કે મત લઈને ખુરશી પર બેઠેલા સ્થાનિક રાજકીય પદાધિકારીઓના પેટનું પાણી હલતું નથી. જે વચ્ચે આંદોલનના 11મા દિવસે ગ્રામજનોની ધીરજ ખૂટી પડતાં કેમિકલયુક્ત પાણીના નિકાલની સમસ્યાનો તાકીદે ઉકેલ નહીં આવે તો ધોળકા વિધાનસભાના ભાજપના ધારાસભ્ય કિરીટસિંહ ડાભીના ઘરે અને નગરપાલિકાની કચેરીમાં ટેન્કરો મારફતે ગંદુ પાણી ઠાલવવાની ચીમકી આપી છે. જોકે, ધોળકાના આંદોલન બાદ રાજ્યમાં અન્ય સ્થળોએ સત્તાધારી પક્ષના ધારાસભ્યો અને નેતાઓ સામે દેખાવાનો નવો ટ્રેન્ડ શરૂ થવાના સંકેતો મળી રહ્યા છે.

ધોળકા તાલુકાના ભેટાવાડા, ત્રાસદ, નેસડા અને પાલડી સહિતના પાંચ ગામના લોકો દ્વારા દૂષિત કેમિકલયુક્ત ઝેરી પાણી સામે ચલાવવામાં આવી રહેલું આંદોલન 11મા દિવસે અત્યંત ઉગ્ર બની ગયું છે. છેલ્લા 15 વર્ષથી વધુ સમયથી ખુલ્લામાં ઠલવાતા નગરપાલિકાના ગંદા પાણી અને ઉદ્યોગોના કેમિકલયુક્ત ઝેરી



પાણીના કાયમી નિકાલની માંગ સાથે સ્થાનિકો શેરીઓથી લઈને શાળા સુધી આક્રમક લડત ચલાવી રહ્યા છે. જે રીતે દેશમાં જેન-ઝીનું આંદોલન છે, તે જ તર્જ પર હવે લોકો અને ખેડૂતો પોતાના પ્રાણપ્રશ્નો માટે સ્થાનિક પ્રતિનિધિઓ સામે મોરચો માંડવા તરફ આગળ વધી રહ્યા છે. દેખાવકારોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જો કેમિકલયુક્ત પાણીની સમસ્યાનો ઝડપી ઉકેલ નહીં લાવવામાં આવે તો કેમિકલયુક્ત પાણીના ટેન્કરો ભરીને ધારાસભ્યના નિવાસસ્થાને જઈને ઠાલવવામાં આવશે. સ્થાનિકોના ગંભીર આક્ષેપો મુજબ વર્ષોથી શહેરનું દુષિત પાણી નગરપાલિકા અને ખાનગી એકમોનું કેમિકલયુક્ત પાણી ખુલ્લામાં છોડાતા ઝેરી પાણી ભૂગર્ભ જળમાં ભળવાથી હજારો એકર જમીન બરબાદ થઈ ગઈ છે. બોરના પાણી પણ દૂષિત થતાં વિસ્તારમાં કેન્સર અને ચામડીના ભયાનક રોગોનું પ્રમાણ વધ્યું છે. દૂષિત પાણીના કારણે પાંચ ગામોમાં અત્યાર સુધીમાં 11થી વધુ લોકોના કેન્સરથી મોત થયા હોવાનો અને 50થી વધુ એક્ટિવ કેસ હોવાનો સ્થાનિક લોકોનો આક્ષેપ છે તેમજ અસંખ્ય લોકો અને નાના બાળકો વિવિધ પ્રકારની બીમારીઓ ભોગવી રહ્યા છે. જો ગુજરાતમાં અન્ય સ્થળોએ પણ આવા ગંભીર પ્રશ્નોનો ઉકેલ નહીં આવે, તો લોકો દ્વારા સ્થાનિક ધારાસભ્ય અને સત્તાધારી પક્ષના નેતાઓના નિવાસસ્થાન કે ઓફિસે પહોંચીને રોષ વ્યક્ત કરવાનો નવો ટ્રેન્ડ શરૂ થાય તેવા સ્થાનિક સ્થિતિ પરથી સંકેતો મળી રહ્યા છે. ધોળકા તાલુકામાં દૂષિત પાણીના મુદ્દે તંત્ર દ્વારા કેડિલા ફાર્માસ્યુટિકલ્સ, કોનકાર્ડ બાયોટેક, જીમાં ટેક્સ, ધરમચંદ અલ્ટ્રા કેમ અને વાસા ફાર્મા સહિતની પાંચ કંપનીઓને રૂબરૂમાં નોટિસ પાઠવવામાં આવી છે.


**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599




